અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ જૂન ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૬ | અંક : ૩૪૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### આતંક સામેની લડાઈમાં સાયપ્રસના સમર્થન બદલ અમે આભારી : મોદી

## આ યુગ યુદ્ધનો નથી, વાતચીતથી સમાધાનની જરૂર : પીએમ મોદી

### બંને દેશોએ લોકશાહી અને રૂલ ઓફ લો જેવા મૂલ્યોમાં રાખેલો સહિયારો વિશ્વાસ આપણી ભાગીદારીનો મજબૂત આધાર છે : વડાપ્રધાન મોદી



। (એજન્સી) સાયપ્રસ, તા.૧૬ ।

ત્રણ દેશોના પ્રવાસે ગયેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાયપ્રસ પહોંચીને આતંકવાદ અને યુદ્ધને લઈ મહત્તવનું નિવેદન આપ્યું છે. તેમણે અને સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલિડેસે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી સંબોધન કર્યું છે. સાયપ્રસે આતંકવાદ વિરુદ્ધ લડી રહેલા ભારતને સમર્થન આપ તા વડાપ્રધાને આભાર વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત બંને નેતાઓએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને લઈ ચિંતા વ્યક્ત કરી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'હું મારા ભવ્ય સ્વાગત બદલ સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખનો હ્રયથી આભાર વ્યક્ત કરું છું. જ્યારેથી મેં સાયપ્રસની ધરતી પર પગ મૂક્યો છે, ત્યારથી અહીંના રાષ્ટ્રપ્રમુખ અને અહીં લોકોએ પોતાના પણું અને સ્નેહ દેખાડ્યો છે. મને થોડા સમય પહેલા જ સાયપ્રસના સર્વોચ્ચ સન્માનથી બિરદાવવામાં આવ્યો છે. આ માત્ર મારું સન્માન નહીં, ૧૪૦ કરોડ ભારતીયોનું સન્માન છે. આ ભારત અને સાયપ્રસની અતૂટ મિત્રતા પરની મહોર છે. આ માટે હું ફરી હૃદયથી આભાર વ્યક્ત કરું છું.'

તેમણે કહ્યું કે, 'અમે સાઈપ્રસ સાથેના સંબંધોને વધુ મહત્ત્વ આપીએ છીએ. બંને દેશોએ લોકશાહી અને રૂલ ઓફ લૉ જેવા મૂલ્યોમાં રાખેલો સહિયારો વિશ્વાસ આપણી ભાગીદારીનો મજબૂત આધાર છે. બંને દેશોની મિત્રતા પરિસ્થિતિથી કારણે ઉભી થઈ નથી અને સરહદોથી પણ બંધાયેલી નથી. આ મિત્રતાને સમયની કસોટી પર વારંવાર પારખવામાં આવી છે અને અમે દરેક સમયે સહયોગ, સન્માન અને સમર્થનની ભાવનાને જીવંત રાખી છે. અમે એકબીજાની સંપ્રભુતા અને ક્ષેત્રીય અખંડતાનું સન્માન કરીએ છીએ.'

મોદીએ કહ્યું કે, 'ભારતના કોઈ વડાપ્રધાને બે દાયકાના લાંબા સમય બાદ સાયપ્રસની યાત્રા કરી છે. જે એકબીજાના સંબંધોમાં નવો અધ્યાય લખવાનો ઉત્તમ અવસર છે. આજે મેં અને રાષ્ટ્રપ્રમુખે દ્વિપક્ષીય સંબંધો અંગે વ્યાપક ચર્ચા કરી છે. સાઈપ્રસનું 'વિઝન-૨૦૩૫' અને ભારતનું વિઝન 'વિકસિત ભારત ૨૦૪૭' ઘણા પાસાઓમાં સમાન છે, તેથી અમે સાથે મળીને ભવિષ્યને આકાર આપીશું. અમે આગામી પાંચ વર્ષો માટેનો એક ચોક્કસ રોડમેપ તૈયાર કરીશું. દ્વિપક્ષીય સંરક્ષણ અને સુરક્ષામાં સહયોગ વધારવા તેમજ મજબૂત બનાવવા માટે 'ડિફેન્સ કો-ઓપરેશન પ્રોગ્રામ' હેઠળ સંરક્ષણ ઉદ્યોગને મહત્ત્વ આપીશું. આ ઉપરાંત બંને દેશો વચ્ચે સાયબર અને મેરીટાઈમ સિક્યોરિટી પર ડાયલોગ શરૂ કરવામાં આવશે.' તેમણે કહ્યું કે, 'સરહદ પારના આતંકવાદ સામે ભારતની લડાઈમાં સાયપ્રસના સતત સમર્થન બદલ અમે આભારી છીએ. આતંકવાદ, ડ્રગ્સ અને હથિયારોની તસ્કરી અટકાવવા માટે બંને દેશોની એજન્સીઓ વચ્ચે રિયલ ટાઈમ ઈન્ફોર્મેશન એક્સચેન્જ માળખું તૈયાર કરવામાં આવશે. સાયપ્રસનો યોગ અને આયુર્વેદનો પ્રચાર જોઈ અમે ઉત્સાહિત થયા છીએ. ભારતીય પ્રવાસીઓ માટે સાયપ્રસ પણ એક પ્રિય સ્થળ છે. આ માટે અમે ડાયરેક્ટર એર કનેક્ટિવિટી બનાવવા પર ધ્યાન આપીશું. અમે નિર્ણય કર્યો છે કે, મોબોલિટી એગ્રીમેન્ટને પૂર્ણ કરવા માટે વહેલામાં વહેલી તકે કામ કરવામાં આવશે. યુરોપિયન યુનિટનમાં સાયપ્રસ વિશ્વસનીય ભાગીદાર છે.

સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલિડેસ સાથેની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ભારત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આ યુદ્ધનો યુગ નથી. પશ્ચિમ એશિયા અને યુરોપમાં ચાલી રહેલા સંઘર્ષ મામલે અમે બંને દેશોએ ચિંતા વ્યક્ત કરી છે. અમે બંને દેશો માનીએ છીએ કે, આ યુદ્ધનો યુગ નથી. વાતચીતથી સમાધાન અને સ્થિરતા ઉભી કરી શકાય છે અને તે જ માનવતા છે.

### જનગણતરીની સમગ્ર પ્રક્રિયા ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે

## વસતી ગણતરી માટે કેન્દ્ર સરકારે સત્તાવાર નોટિફિકેશન જાહેર કર્યું

### હવે વસ્તી ગણતરી સાથે સંબંધિત વિવિધ એજન્સીઓ સક્રિય થશે : પહેલા સ્ટાફની નિમણૂક, તાલીમ, ફોર્મેટની તૈયારી અને ફિલ્ડ વર્કનું આયોજન કરવામાં આવશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

દેશ લાંબા સમયથી વસ્તી ગણતરીની રાહ જોઈ રહ્યો હતો અને આખરે સમય આવી ગયો છે, જ્યારે આ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગૃહ મંત્રાલયે સોમવારે વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ હેઠળ વસ્તી ગણતરી અને જાતિ વસ્તી ગણતરી સંબંધિત સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન જાહેર કર્યું છે. આ પછી, હવે વસ્તી ગણતરી સાથે સંબંધિત વિવિધ એજન્સીઓ સક્રિય થશે. પહેલા સ્ટાફની નિમણૂક, તાલીમ, ફોર્મેટની તૈયારી અને ફિલ્ડ વર્કનું આયોજન કરવામાં આવશે. દેશમાં પહેલીવાર વસ્તી ગણતરી અને જાતિ વસ્તી ગણતરી એક સાથે હાથ ધરવામાં આવી રહી છે. આ વખતે વસ્તી ગણતરીની પ્રક્રિયા બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે. પહેલો તબક્કો ૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે, જ્યારે બીજો અને અંતિમ તબક્કો ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે. આ માટે ૧ માર્ચ, ૨૦૨૭ ની મધ્યરાત્રિને સંદર્ભ તારીખ ગણવામાં આવશે, એટલે કે, તે સમયે દેશની વસ્તી અને સામાજિક સ્થિતિના આંકડા ગમે તે હોય, તે જ નોંધવામાં આવશે. આ દિવસથી, આંકડા જાહેરમાં આવવાનું શરૂ થશે. જમ્મુ અને કાશ્મીર, લદાખ અને ઉત્તરાખંડ જેવા હિમાલય અને ખાસ ભૌગોલિક પરિસ્થિતિઓ ધરાવતા રાજ્યોમાં, આ પ્રક્રિયા અન્ય રાજ્યો કરતા ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ નિર્ણય આ વિસ્તારોમાં હવામાનની મુશ્કેલીઓ અને દુર્ગમ વિસ્તારોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. આ રાજ્યો માટે ૧ ઓક્ટોબર, ૨૦૨૬ ને સંદર્ભ તારીખ ગણવામાં આવશે.

જનગણતરીની સમગ્ર પ્રક્રિયા ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, જે લગભગ ૨૧ મહિનામાં પૂર્ણ થશે. વસ્તી ગણતરીનો પ્રાથમિક ડેટા માર્ચ ૨૦૨૭ માં જાહેર થઈ શકે છે, જ્યારે વિગતવાર ડેટા જાહેર કરવામાં ડિસેમ્બર ૨૦૨૭ સુધીનો સમય લાગશે. આ પછી, લોકસભા અને વિધાનસભા બેઠકોનું સીમાંકન ૨૦૨૮ સુધીમાં શરૂ થઈ શકે છે. આ સમય દરમિયાન, મહિલાઓ માટે ૩૩ ટકા અનામત પણ લાગુ કરી શકાય છે. એટલે કે, ૨૦૨૯ ની લોકસભા ચૂંટણી પહેલા, મહિલાઓ માટે અનામત બેઠકોનું ચિત્ર સ્પષ્ટ થઈ શકે છે.

આ પછી, વસ્તીની ગણતરી કરવામાં આવશે, જેનો હેતુ દરેક વ્યક્તિની વસ્તી વિષયક, સામાજિક અને આર્થિક માહિતી એકત્રિત કરવાનો છે. ગણતરીકારો ફરીથી ઘરે ઘરે જઈને રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર (NPR) અને વસ્તી ગણતરી સંબંધિત પ્રશ્નો પૂછશે. આ વખતે ૩૦ પ્રશ્નો પૂછવામાં આવે તેવી શક્યતા છે, જેમાં નામ, ઉંમર, લિંગ, જન્મ તારીખ, વૈવાહિક સ્થિતિ, શિક્ષણ, રોજગાર, ધર્મ, જાતિ અને પેટા-સંપ્રદાય, પરિવારના વડા સાથેના સંબંધ, રહેણાંક સ્થિતિ અને સ્થળાંતર સંબંધિત પ્રશ્નોનો સમાવેશ થશે. સ્વતંત્રતા પછી પહેલી વાર વસ્તી ગણતરીની સાથે જાતિ ગણતરી પણ થશે, જેમાં OBC, SC, ST અને સામાન્ય શ્રેણીની તમામ જાતિઓની ગણતરી કરવામાં આવશે. આ અંતર્ગત, આવક, શિક્ષણ, રોજગાર જેવી સામાજિક-આર્થિક સ્થિતિનો ડેટા પણ એકત્રિત કરવામાં આવશે.

આ ડેટા સરકારી યોજનાઓ, અનામત નીતિઓ અને સામાજિક ન્યાય સંબંધિત યોજનાઓનો આધાર બનશે. કેન્દ્રીય નાણાં પંચ આ ડેટાનો ઉપયોગ રાજ્યોને અનુદાન આપવા માટે પણ કરે છે. આ ડેટા સામાજિક-આર્થિક નીતિઓ અને અનામત માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. આ વખતે વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો પણ સમાવેશ થશે. આ અગાઉ પણ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સંબંધિત માહિતી માંગવામાં આવતી હતી.

### પુણેમાં ચાલુ ટ્રેનમાં આગ લાગતા મુસાફરો માં મચી અફરાતફરી

। (એજન્સી) પુણે, તા.૧૬ ।

મહારાષ્ટ્રના પુણેથી દોડાવવામાં આવી રહેલી ડીઝલ ઈલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ (DEMU) શટલ ટ્રેનમાં સોમવારે અચાનક આગ ભભૂકી ઉઠતા મુસાફરોમાં ભાગદોડ મચી ગઈ હતી. આ ઘટના તે સમયે બની જ્યારે ટ્રેન તેના નિર્ધારિત માર્ગ પર હતી અને તેમાં અચાનક આગ લાગી હતી. જે બાદ ટ્રેનના ડબ્બામાં ધુમાડો જોઈને ટ્રેનમાં સવાર મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા અને ચીસાચીસો પાડવા લાગ્યા હતા. મળતી માહિતી અનુસાર, આ આગ ટ્રેનના શૌચાલયમાં લાગી હતી. આ કારણે એક વ્યક્તિ શૌચાલયમાં જ ફસાઈ ગઈ હતી.

### સતત ત્રીજા દિવસે સામ-સામે મિસાઈલ હુમલા, ઈઝરાયેલમાં ૧૩ લોકોનાં મોત

## ઈરાનના અણુ મથકો પર ઈઝરાયેલના હુમલા યથાવત, ૪૦૦થી વધુ માર્યા ગયા

### ઈરાનના ન્યૂક્લીયર પ્રોજેક્ટથી ઈઝરાયેલને જોખમ હોવાનું કારણ દર્શાવી શરૂ થયેલી આ લડાઈથી મધ્યપૂર્વના દેશોમાં તણાવ ફેલાયો છે



। (એજન્સી) જેરુસલેમ, તા.૧૬ ।

ઈઝરાયેલે ઈરાનના અણુમથકો પર હુમલા ચાલુ રાખતા મધ્યપૂર્વ માં તણાવ વધી રહ્યો છે. રવિવારે ઈઝરાયેલ અને ઈરાને સતત ત્રીજા દિવસે એકબીજા પર મિસાઈલ હુમલા કર્યા હતા. જેના કારણે બંને દેશમાં જાનહાનિ અને નુકસાન થયું છે. ઈરાની મીડિયાના જણાવ્યા મુજબ, ઈઝરાયેલના હુમલામાં ૧૨૮થી વધુના મોત થયા છે, જ્યારે ઈઝરાયેલમાં ૧૩ વ્યક્તિએ જીવ ગુમાવ્યા છે. જો કે હ્યુમન રાઈટ્સ ગ્રુપના જણાવ્યા મુજબ, ઈઝરાયેલના હુમલાથી ઈરાનમાં ૪૦૬ વ્યક્તિએ જીવ ગુમાવ્યા છે અને ૬૫૪ ઘાયલ થયા છે. ઈઝરાયેલે તહેરાન ખાતે આવેલા ઈરાનના તહેરાન ખાતે સંરક્ષણ હેડક્વાર્ટર તથા અણુમથકો પર હુમલા કર્યા હતા. ઈરાનની મિસાઈલે ઈઝરાયેલની એર ડિફેન્સ સીસ્ટમને થાપ આપી હતી જેના કારણે ઈઝરાયેલના રહેણાક વિસ્તારોમાં નુકસાન થયુ હતું અને નાગરિકોના મોત થયા હતા. ઈઝરાયેલે શુક્રવારથી ઓપરેશન 'રાઈઝિંગ લાયન' અંતર્ગત ઈરાન પર ભીષણ હુમલા ચાલુ કર્યા છે. ઈઝરાયેલે તેહરાન ખાતે સૈન્યના હેડક્વાર્ટરને નિશાન બનાવ્યું છે અને ઈરાનના ન્યૂક્લીયર પ્રોગ્રામને રોકવા આ હુમલા થયા હોવાનો દાવો કર્યો છે. ઈરાનના ન્યૂક્લીયર પ્રોજેક્ટથી ઈઝરાયેલને જોખમ હોવાનું કારણ દર્શાવી શરૂ થયેલી આ લડાઈથી મધ્યપૂર્વના દેશોમાં તણાવ ફેલાયો છે.

### પેરુમાં ૬.૧ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ, એકનું મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

રવિવારે રાત્રે દક્ષિણ અમેરિકન દેશ પેરુમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. એજન્સીના જણાવ્યા અનુસાર અધિકારીઓએ જણાવ્યું હતું કે રવિવારે પેરુના મધ્ય કિનારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેના લીધે લીમા અને બંદરીય શહેર કેલાઓ હચમચી ગયા હતા. આ ભૂકંપમાં એક વ્યક્તિનું મોત થયું છે અને પાંચ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ભૂકંપની તીવ્રતા ૬.૧ નોંધાઈ હતી. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે અનુસાર, સ્થાનિક સમય મુજબ સવારે ૧૧:૩૫ વાગ્યે પેસિફિક મહાસાગરમાં ભૂકંપ આવ્યો હતો.

### હવે ભારે કિંમત ચૂકવવી પડશે : નેતન્યાહૂ

## ઈરાને મચાવેલી તબાહી જોઈ ઈઝરાયલ પ્રધાનમંત્રી નેતન્યાહૂ ગુસ્સે ભરાયા

### ઈઝરાયલનો આરોપ લગાવ્યો છે કે, ઈરાન હવે તેના રહેણાંક વિસ્તારમાં મિસાઈલો છોડી રહ્યું છે



। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૬ ।

ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ સતત તીવ્ર બની રહ્યું છે. રવિવારે બંને દ્વારા કેટલાય હુમલા કરવામાં આવ્યા હતા. આ યુદ્ધના કારણે બંને દેશોને ભારે નુકસાન થઈ રહ્યું છે. ઈઝરાયલનો આરોપ લગાવ્યો છે કે, ઈરાન હવે તેના રહેણાંક વિસ્તારમાં મિસાઈલો છોડી રહ્યું છે. ઈઝરાયલ પ્રધાનમંત્રી નેતન્યાહુએ ઈરાનની મિસાઈલ હુમલામાં તબાહ થયેલા બટ યામ શહેરની મુલાકાત લીધી હતી અને ઈરાની મિસાઈલો દ્વારા નષ્ટ થયેલી ઈમારતોનું નિરિક્ષણ કરતાં ઈરાનને ચેતવણી આપી હતી કે, આ તબાહીની તમારે ભારે કિંમત ચૂકવવી પડશે. ઈઝરાયલનું બટ યામ શહેર તેલ અવીવની નજીક આવેલું છે. બટ યામ શહેરનો વિનાશ જોઈને નેતન્યાહુએ કહ્યું કે, મહિલાઓ અને બાળકો સહિત નિર્દોષ નાગરિકોની હત્યા કરવા પર ઈરાને તેની ભારે કિંમત ચૂકવવી પડશે. નેતન્યાહુએ કહ્યું કે, ઈરાન જાણી જોઈને ઈઝરાયલના રહેણાંક વિસ્તારોને નિશાન બનાવી રહ્યું છે. જેનો હવે અમે યોગ્ય જવાબ આપીશું. અમે અમારું લક્ષ્ય પ્રાપ્ત કરીશું અને હવે ઉગ્ર હુમલો કરીશું. નેતાન્યાહુએ કડક શબ્દોમાં કહ્યું કે, ઈઝરાયલ માટે આ યુદ્ધ અસ્તિત્વની લડાઈ સમાન છે, કારણ કે ઈરાનનો પરમાણુ અને મિસાઈલ કાર્યક્રમો ઈઝરાયલ માટે બમણું વિનાશકારી છે. તેમણે શહેર તરફ ઈશારો કરતા કહ્યું, કે, જુઓ, રહેણાંક વિસ્તારોને કેટલું નુકસાન થયું છે, જો તેમની પાસે પરમાણુ બોમ્બ હોત તો શું થાત. આ સ્થિતિમાં હવે અમારા પોતાના સંરક્ષણ માટે શક્ય તેટલા દરેક પગલાં લઈશું.

### સાયપ્રસે પીએમ મોદીને આપ્યું સર્વોચ્ચ નાગરિક સન્માન

## મોદી સર્વોચ્ચ સન્માન ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ મેકરિયોસૈંથી સન્માનિત

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાયપ્રસનું સર્વોચ્ચ નાગરિક સન્માન સ્વીકારતાં તેને દેશની જનતાને સમર્પિત કર્યું છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સાયપ્રસના સર્વોચ્ચ સન્માનથી બિરદાવવામાં આવ્યા છે.સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડેસે વડાપ્રધાન મોદીને સાયપ્રસના સર્વોચ્ચ સન્માન ગ્રાન્ડ ક્રોસ ઑફ ધ ઑર્ડર ઑફ મેકરિયોસ IIIથી સન્માનિત કર્યા છે. આ ઍવૉર્ડ સાયપ્રસના પ્રથમ રાષ્ટ્રપતિ આર્કબિશપ મેકરિયોસ IIIના માનમાં આપવામાં આવે છે. ઉત્કૃષ્ટ સેવાઓ બદલ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને રાજ્યના વડાને આ ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આ સન્માન સાથે વડાપ્રધાન મોદીના આંતરરાષ્ટ્રીય ઍવૉર્ડમાં વધુ એક ઉમેરો થયો છે. ભારતમાંથી ૨૩ વર્ષ બાદ પ્રથમ વખત કોઈ વડાપ્રધાન સાયપ્રસની મુલાકાતે ગયા છે. નિષ્ણાતો અનુસાર, વડાપ્રધાન મોદીની સાયપ્રસ મુલાકાત પાછળનું કારણ ભૌગોલિક રાજનીતિ છે. ભારત તુર્કીયેના પાકિસ્તાન સાથે સુધરી રહેલા સંબંધોને ધ્યાનમાં લેતાં તેના વિરોધી દેશ સાયપ્રસ સાથે સંબંધો કેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વડાપ્રધાન મોદી ૯૭ સમિટમાં ભાગ લેવા માટે કેનેડા જવા રવાના થશે. જેના ભાગરૂપે આજે તેઓ સાયપ્રસ પહોંચ્યા છે. જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડૂલાઈડ્સ સાથે મુલાકાત કરી છે. ત્યારબાદ તેઓ ક્રોશિયા જશે, જ્યાં રાષ્ટ્રપતિ ઝોરન મિલાનોવિક અને વડાપ્રધાન એંડ્રેજ પ્લેનકોવિક સાથે મુલાકાત કરશે. વડાપ્રધાન મોદીએ સાયપ્રસનું સર્વોચ્ચ નાગરિક સન્માન સ્વીકારતાં તેને દેશની જનતાને સમર્પિત કર્યું છે. તેમણે કહ્યું કે, ગ્રાન્ડ ક્રોસ ઑફ ધ ઑર્ડર ઑફ મેકરિયોસ III સન્માન માટે હું તમારો (સાયપ્રસના રાષ્ટ્રપતિ), સાયપ્રસ સરકાર અને સાયપ્રસના લોકોનો આભાર માનું છું.

### કેરળમાં શાળાઓ બંધ

## વીજળી પડતાં યુપીમાં ૧૩, મહારાષ્ટ્રમાં નવનાં મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

દક્ષિણ ભારતમાં ચોમાસાનું આગમ થયા બાદ હવે તે ઉત્તર અને પશ્ચિમના રાજ્યો નજીક પહોંચવા લાગ્યું છે. જેને પગલે ગાજવીજ સાથે વરસાદ પણ પડવા લાગ્યો છે. ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી ૧૩ લોકોના મોત થયા હતા. આ જાનહાનિ પ્રયાગરાજ, સંભલ, બિજનોર, ગોરખપુરમાં થઈ હતી. મહારાષ્ટ્રમાં પણ વીજળી પડવા સહિતની વરસાદની ઘટનાઓમાં ૯ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે દક્ષિણમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી રહ્યો હોવાથી કેરળમાં સ્થિતિ વધુ ખરાબ થવા લાગી છે. કેરળમાં અનેક જિલ્લાઓમાં સ્કૂલ-કોલેજોને બંધ રાખવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી જે ૧૩ લોકો માર્યા ગયા છે તેમાં એક જ પરિવારના ચાર લોકોનો પણ સમાવેશ થાય છે. પ્રયાગરાજના સોનવર્ષા ગામમાં વિરેન્દ્ર વનવાસી તેની પત્ની પારવતી અને બન્ને પુત્રીઓ વાંસની છતવાળા એક મકાનમાં રાત્રે ઉંઘી રહ્યા હતા ત્યારે તેમના પર વીજળી પડી હતી. જેને કારણે ચારેય લોકોના સ્થળ પર જ મોત નિપજ્યા હતા. બિજનોરમાં બે લોકો ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે તેમના પર વીજળી પડતા મોત થયું હતું.

બીજી તરફ કેરળમાં રવિવારે પણ અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે અતિ ભારે વરસાદ પડયો હતો, જેને પગલે અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા જ્યારે નદીઓ ભયજનક સપાટી વટાવી ચુકી હતી. જેથી મોટાભાગના ડેમોને ખોલવા પડયા હતા.

### પાઉચ એરપોર્ટના બેગેજ સર્વિસ એરિયામાં છુપાવ્યું

## અમેરિકાથી સોનાની તસ્કરી કરતા એર ઈન્ડિયાના ક્રૂ મેમ્બરની ધરપકડ

### અમેરિકાથી દોઢ કરોડના સોનાની તસ્કરી કરતા એર ઈન્ડિયાના ક્રૂ મેમ્બરની મુંબઈ એરપોર્ટ પર ધરપકડ



। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

મુંબઈ એરપોર્ટ પર DRI (રેવન્યુ ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ) એ એક મોટી કાર્યવાહી કરતા સોનાની તસ્કરીના આરોપસર એર ઈન્ડિયાના એક પુરુષ ક્રૂ મેમ્બરની ધરપકડ કરી છે. આ ક્રૂ મેમ્બર ૧૩ જૂને ન્યૂયોર્કથી આવનારી ફ્લાઈટ AI-116 દ્વારા મુંબઈ પહોંચ્યો હતો. જોકે, શરૂઆતની તપાસમાં કંઈ નથી મળ્યું. પરંતુ પૂછપરછ દરમિયાન તેણે ખુલાસો કર્યો કે, મેં એક પાઉચમાં વિદેશી સોનની બિસ્કિટ કાળી ટેપમાં લપેટીને એરપોર્ટના બેગેજ સર્વિસ એરિયામાં છુપાવી દીધી હતી. ક્રૂ મેમ્બરે આ કામ ત્યારે કર્યું જ્યારે તેનો બ્રીથ એનાલાઈઝર ટેસ્ટ ચાલી રહ્યો હતો. ત્યારબાદ DRI અધિકારીઓએ તે સ્થળની તપાસ કરી જ્યાં ક્રૂ મેમ્બરે જાણકારી આપી હતી, જ્યાંથી એક પાઉચ રિકવર કર્યું જેમાં ૧,૩૭૩ ગ્રામ વિદેશી સોનું હતું. તેની કિંમત આશરે ૧.૪૨ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આરોપીએ એ પણ સ્વીકાર્યું કે, તેણે પહેલા પણ ઘણી વખત સોનાની તસ્કરી કરી છે. DRI અધિકારીઓએ તપાસ બાદ સોનાની તસ્કરીના રેકેટના માસ્ટરમાઈન્ડની પણ ધરપકડ કરી છે, જેણે તસ્કરી માટે એરલાઈન સ્ટાફની ભરતી કરી હતી. પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું કે તેણે એરલાઈન સ્ટાફની મદદથી ઘણી વખત સોનાની તસ્કરી કરાવી છે. ધરપકડ કરાયેલા બંને આરોપીઓની કસ્ટમ્સ એક્ટ હેઠળ અટકાયત કરવામાં આવી છે અને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. આ કેસમાં DRIની તપાસ હજુ પણ ચાલુ છે અને નેટવર્કના અન્ય સભ્યોની ઓળખ કરવામાં આવી રહી છે.

## પ્રાકૃતિક કૃષિ તરફ વળેલા નવા ખેડૂતો માટે મુશ્કેલીઓ અને નિવારણ

। વડોદરા, તા.૧૬ ।

ખેડૂત મિત્રો,રાસાયણિક ખાતરોથી થકી ભયંકર હાનિકારક અસરોથી ખેતી અને મનુષ્યજીવનને બચાવી શકવાનો એકમાત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી છે છે. પ્રાકૃતિક ખેતી પાણી અને જમીનના દૂષણને ઘટાડી ઝેરી અવશેષોને પ્રવેશતા અટકાવે છે. ધરતીપુત્રો શરૂઆતમાં જ્યારે રાસાયણિક ખેતીથી પ્રાકૃતિક ખેતીમાં આવશે તો કેટલાક પ્રશ્નો અને સમસ્યાઓ આવશે. પરંતુ ખેડૂત મિત્રો, પ્રાકૃતિક કૃષિ તરફ કરેલા તમારા પ્રયત્નોની કાયમી અસર પડશે. તેથી તમારી પ્રતિબદ્ધતા દ્વારા ઉજ્જવળ, વધુ ટકાઉ ભવિષ્યની ખેતી કરી રહ્યાં છો તેવો વિશ્વાસ અવશ્ય રાખશો. પ્રાકૃતિક કૃષિ તરફ વળેલા નવા ખેડૂતો માટે મુશ્કેલીઓ અને નિવારણમાં આપણે જાણીશું લીમડાના મલમ વિશે.

ફળઝાડના થડ ઉપર છાલ ફાટી જાય છે, તેની ઉપર તિરાડો પડે છે આ તિરાડોમાંથી બીમારી પેદા કરવાવાળા જંતુ અથવા ફૂગ ઝાડમાં પ્રવેશ કરે છે, તેના પરિણામે વૃક્ષ રોગગ્રસ્ત બને છે. આવી જ રીતે ઝડપથી વહેતી ગરમ હવા, શીત લહેર, ધોધમાર વરસાદ, સખત ઠંડી, સખત ગરમી આવા પ્રાકૃતિક આક્રમણથી અંદરની આંતરછાલને જખમ થાય છે. આવું નુકસાન નીમ મલમથી ટાળી શકાય છે. નીમ મલમના ઉપયોગ થકી થડની છાલ ઉપર તિરાડ નથી પડતી, તેમજ થડ ચમકતું અને રોગમુક્ત રહે છે.

નીમ મલમ બનાવવાની પદ્ધતિ જોઈએ તો, ૫૦ લિટર પાણી લો, તેમાં ૨૦ લિટર ગૌમૂત્ર અને ૨૦ કિલો દેશી ગાયનું ગોબર નાખો, તેને સારી રીતે હલાવો. પછી તેમાં ૧૦ કિલો લીમડાના પાન અને ડાળીઓની ચટણી નાખો. ૧૦ કિલો સીતાફળનાં પાન અને ડાળીઓની ચટણી નાખો.

### પ્રાણીઓના વેકેશનનો પ્રારંભ

# ગુજરાતના અભ્યારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાન ચાર મહિના માટે બંધ

### આગામી ૧૬ ઓક્ટોબરથી તમામ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓ માટે રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાતમાં ૧૫ જૂનથી તમામ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનોમાં પ્રાણીઓના વેકેશનનો પ્રારંભ થઈ ગયો છે. હવે મુલાકાતીઓઓ ચાર માસ એટલે કે ૧૫ ઑક્ટોબર બાદ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનોની મુલાકાત લઈ શકશે. વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈ મુજબ ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં ભારે વરસાદના કારણે અચાનક પૂર, ચક્રવાત તેમજ ખરાબ રસ્તા જેવી પરિસ્થિતિ ઉભી થાય છે. વધુમાં આ સમયગાળો



અનેક પક્ષીઓ, સસ્તનપ્રાણીઓ, સરીસૃપ વગેરે પ્રજાતિઓ માટે પ્રજનનકાળ હોવાથી તેમાં અવરોધ થવાની શકયતાને ધ્યાનમાં લેતાં, વન વિભાગ દ્વારા ગુજરાતના તમામ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો ખાતે આવતાં પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તેમ વન વિભાગના જાહેરનામામાં જણાવાયું છે. આગામી ૧૬ ઑક્ટોબરથી તમામ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓ માટે રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે. આ પ્રતિબંધના સમયગાળા દરમિયાન કોઈપણ ખાનગી કે સરકારી વેબસાઈટ-પોર્ટલ પર પ્રવાસીઓ માટે આ સ્થળોની મુલાકાત કરવા ઓનલાઈન બુકિંગ પણ કરવામાં આવતું નથી, જેની પ્રવાસીઓને ખાસ નોંધ લેવા વન વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### એક જ પરિવારના બે સભ્યો વચ્ચે બબાલ થઇ

## કચરાની ડોલ હટાવવા મુદ્દે પાડોશી બાખડ્યા, યુવતીના કપડાં ફાડી નાખ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

માધવપુરામાં આવેલા દૂધેશ્વર રોડ પર કચરની ડોલ મૂકવા બાબતે બબાલ થઈ હતી. પાડોશીઓ વચ્ચે થયેલા ઝઘડા બાદ મામલો બિચક્યો હતો. જે બાદ બંને પક્ષે મારામારીનો બનાવ બનવા પામ્યો હતો. ત્યારે એક શખ્સે છોકરીની આબરૂ લેવા માટે તેના કપડાં ફાડી નાખ્યા હતા. આ મામલે પોલીસને જાણ કરાતા પોલીસે બંને પક્ષના લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દૂધેશ્વર વિસ્તારમાં આવેલી સરકારી સ્કૂલ પાસે પાડોશમાં રહેતા એક જ પરિવારના બે સભ્યો વચ્ચે બબાલ થઈ હતી. અહીં રહેતી ૪૦ વર્ષીય મહિલા તેના ઘરે હાજર હતી ત્યારે તેના પરિવારજને કચરાની ડોલ ઘર પાસે મૂકી હતી. જે હટાવવા બાબતે બંને પક્ષે બોલાચાલી થઈ હતી. મહિલાના પરિવારજને આ બાબતે ઝઘડો કર્યો હતો. જે બાદ પાડોશીએ ઉશ્કેરાઈને મારામારી કરી હતી. ત્યારે ત્યાં હાજર મહિલાની દીકરીની આબરૂ લેવાના ઈરાદે શખ્સે તેની પર હુમલો કરીને કપડાં ફાડી નાખ્યા હતા. આ મામલે પોલીસને જાણ કરાતા પોલીસે સામેના પક્ષના લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જ્યારે સામેના પક્ષના લોકોએ પણ મહિલા અને તેના પરિવારના સભ્યો પર આક્ષેપ કર્યો હતો. ૪૦ વર્ષીય મહિલાએ કચરાની ડોલ ફેંકી દીધા બાદ મામલો બિચક્યો હતો. ત્યારે મહિલાના પરિવારના સભ્યોએ પણ મારામારી કરીને લાકડીના ફટકા માર્યા હતા. આ મામલે માધવ પુરા પોલીસે બંને પક્ષના લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ઝાલોદ તાલુકા ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગે વહીવટી તંત્ર દ્વારા ચાલતી તૈયારીઓ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ તાલુકા ગ્રામ પંચાયત માટે વહીવટી તંત્ર દ્વારા દરરોજ ચૂંટણી અંગે કામગીરી કરતા કર્મચારીઓ સાથે સંકલન કરી તૈયારીઓ ને આખરી ઓપ આપી રહેલ છે. ઝાલોદ તાલુકાના પંચાયતમા ૧૧૪ ગ્રામ પંચાયત પૈકી ૭૨ ગ્રામ પંચાયતોમા વહીવટી શાસન હોવાથી આ પંચાયતો માટે જાહેરનામું પાડવામાં આવેલ હતું. ૭૨ ગ્રામ પંચાયતો માટે ૪૦૦૦ થી વધુ ફોર્મનો ઉપાડ થયેલ હતો. ચૂંટણી અંગે ફોર્મ ભરાતા તાલુકાની ૯ પંચાયતો સમરસ થતાં ૬૩ પંચાયતો માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. આંકડાકીય માહિતી મુજબ ૬૩ ગ્રામ પંચાયતોમા ૨૦૬ સરપંચ પદના ઉમેદવારો, ૧૦૫૪ સભ્ય પદ માટે ઉમેદવારો ચૂંટણી લડી રહેલ છે. ચૂંટણી અધિકારી દ્વારા ૧૮૨ મતદાન મથકો,,૧૮ ઝોનલ ઓફિસર, ૨૦૦ પ્રીસાઈડીગ ઓફિસર, ૨૦૦ આસિસ્ટન્ટ પ્રીસાઈડીગ ઓફિસર, ૨૦૦ પોલીંગ ઓફીસર, ૨૭૪ મહિલા પોલીંગ ઓફિસરની નિમણૂક કરવામાં આવેલ છે.

## સેવા ચેરીટેબલ ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા વર્ષ ૨૦૨૫



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૬ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાની નિવૃત્ત કર્મચારી મંડળ તેમજ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંતરામપુર કડાણા ની સંયુક્ત જનરલ સભા વર્ષ ૨૪-૨૫ ની તારીખ ૧૫ /૬ /૨૫ ને રવિવારના રોજ માધ્યમિક શાળા લિંભોલા ખાતે સવારે ૯:૦૦ કલાકે રાખવામાં આવેલ હતી. આમંત્રિત મહેમાનો ગુજરાત રાજ્ય નિવૃત્ત મંડળના પ્રમુખશ્રી નિર્મળસિંહ રાણા, મહામંત્રી શ્રી ચંદુભાઈ જોશી, ટ્રસ્ટી તથા અરવલ્લી જિલ્લાના પ્રમુખશ્રી પટેલ સાહેબ, તેમજ મહીસાગર જિલ્લાના ટ્રસ્ટી તેમજ વીરપુર તાલુકાના પ્રમુખશ્રી નવીનભાઈ ઠાકર તેમજ જિલ્લાના પ્રમુખશ્રી મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમની શરૂઆત સ્વાગત પ્રાર્થના ગીત થી કરવામાં આવેલ ત્યારબાદ દીપ પ્રાગટ્ય તેમજ મહેમાનનું ફૂલહાર થી સ્વાગત કરવામાં આવ્યું. ૭૫ વર્ષ પૂર્ણ કરેલ વડીલ શ્રીઓનું ફૂલહાર તેમજ સાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું. વ્યવસ્થાપક કમિટીના પ્રમુખશ્રી વિનયચંદ્ર પટેલ, ઉપપ્રમુખ શ્રી મનજીભાઈ ડામોર તેમજ શશીકાંતભાઈ પટેલ, મંત્રી શ્રી રસિકભાઈ પંચાલ તેમજ રામસિંગભાઈ ચૌહાણ ખજાનચી શ્રી કનૈયાલાલ સેવક વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ભોજન પ્રસાદી લઈ સૌ છૂટા પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રસિકભાઈ પંચાલ દ્વારા કરવામાં આવ્યું.

### હેયાંશ ઓરલ કેન્સર હોસ્પિટલ એ ૫ વર્ષ પૂર્ણ કર્યા

## ઓરલ કેન્સર સામે વહેલા નિદાન અને નિવારક આરોગ્યસંભાળ ઝુંબેશ એ સમયની જરૂરિયાત છે : ડો. સ્મિત.એ. દેસાઈ

। અમદાવાદ, તા.૧૬ ।

આજે વૈશ્વિક સ્તરે મૌખિક કેન્સરના કેસેસમાં ભારતમાં જ ૩૦% કેસેસ છે, જે ગ્રામીણ અને ઓછી આવક ધરાવતા લોકોમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે અને ઘણીવાર એને એડવાન્સ સ્ટેજમાં મોડેથી શોધી કાઢવામાં આવે છે, જેના કારણે દર્દીની બચવાની શક્યતા ઓછી થાય છે.



ભારતમાં મૌખિક, માથા અને ગળાના કેન્સર (HNC) પુરુષોમાં થતા તમામ કેન્સરના લગભગ ૩૦% અને સ્ત્રીઓમાં ૭-૮% છે, જે પશ્ચિમી દેશો કરતા નોંધપાત્ર રીતે વધારે છે.

ગુજરાતના અમદાવાદ ક્ષેત્રમાં, લગભગ ૪૭% ઓરલ કેન્સરના દર્દીઓ ૫૦ વર્ષથી ઓછી ઉંમરના છે, જે ૨૦૦૫ માં ૩૬.૫% થી વધ્યું છે. નોંધનીય છે કે, ૩૦-૩૯ વર્ષની વયના પુરુષોમાં ૨૦૨૪ માં ઓરલ કેન્સરના કેસોમાં ૧૭.૨% વૃદ્ધિ જોવા મળી હતી જે ૨૦૦૫ માં ૧૨.૩% હતી.

એક ચિંતાજનક માહિતી મુજબ, કેન્સર રોગની નોંધણી કરાવનારા ૧૦ માંથી લગભગ ૬ કેન્સરના દર્દીઓ ઓરલ એટલે કે મૌખિક કેન્સરથી પીડાય છે. તેથી મૌખિક કેન્સરના લગભગ ૬૦% કેસ શોધી કાઢવામાં આવી રહ્યા છે જેમાંથી લગભગ ૬૫% કેસેસ એડવાન્સ એટલે કે ચોથું સ્ટેજનું જોવા મળે છે, જેમાં દર્દીઓ નું જીવન ટકાવી રાખવા બહુ જ અગરું હોય છે.

અમારા દ્વારા સફળતાપૂર્વક સારવાર લીધેલા મોટાભાગના કેસેસ જટિલ હતા અને ચહેરાના લક્ષણોનું પુનર્નિર્માણ કરવું એક વાસ્તવિક પડકાર છે. છેલ્લા ૫ વર્ષોમાં, અમે તમાકુના સેવન, ધૂમ્રપાન અને મદ્યપાનના કેસોમાં ચિંતાજનક વધારો જોઈ રહ્યા છીએ, ખાસ કરીને ગુજરાત રાજ્યના યુવાનોમાં. જોકે, એક સકારાત્મક પાસું એ છે કે જો શરૂઆતના તબક્કામાં જ કેન્સરના લક્ષણોને શોધી કાઢવામાં આવે તો ઓરલ કેન્સર ચોક્કસપણે સાધ્ય છે. ઓરલ કેન્સર એ એવા કેન્સરનો ઉલ્લેખ કરે છે જે મોં, હોઠ, જીભ, ગાલ, મોંના ફ્લોર, કઠણ તાળવું, સાઈનસ અને ગળામાં થાય છે. તે સામાન્ય રીતે વૃદ્ધિ અથવા ચાંદા તરીકે દેખાય છે જે દૂર થતો નથી. તેથી નિવારક આરોગ્ય સંભાળ પદ્ધતિના ભાગ રૂપે, આપણે સમાજને જાગૃત કરવાની જરૂર છે કે આપણે સંભવિત મૌખિક કેન્સરના ચિહ્નો અને લક્ષણો શોધવા જોઈએ અને તાત્કાલિક તમારા ડૉક્ટરોનો સંપર્ક કરવો જોઈએ. મોટાભાગે આપણે કેન્સરના એડવાન્સ તબક્કામાં દર્દીઓ મેળવીએ છીએ અને જ્યારે આપણે લાચાર બનીએ છીએ ત્યારે તે ખરેખર હૃદયદ્રાવક અને ભયાનક હોય છે. અમે દર્દીઓને ખૂબ કાળજી, બધી આધુનિક ટેકનોલોજી અને કલાકોની વ્યક્તિગત ભાગીદારીથી મદદ કરવા માંગીએ છીએ છતાં અમે એમના જીવન બચાવી શકતા નથી," એવું હેયાંશ ઓરલ કેન્સર હોસ્પિટલના નિષ્ણાત ડૉ. સ્મિત. એ. દેસાઈ, કન્સલ્ટન્ટ ઓરલ કેન્સર સર્જન, MDS (OMFS) ફેલોશિપ ઈન ઓરલ ઓંક્રોલોજી (AOMSI) અને ફેલોશિપ ઈન હેડ એન્ડ નેક ઓંક્રોલોજી (FHNO) એ જણાવ્યું હતું.

## ઝાલોદ વેપારી વિકાસ સેવા મંડળની એકત્રીસમી વાર્ષિક સાધારણ સભા ગોયલ પેલેસ ખાતે યોજાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ વેપારી વિકાસ સેવા મંડળ (ટ્રસ્ટ) ની એકત્રીસમી સાધારણ સભા ૧૫-૦૬-૨૦૨૫ રવિવારના રોજ સાંજે ચાર વાગે ગોયલ પેલેસ ખાતે યોજાઈ હતી. આજની મીટીંગની શરૂઆત દિપ પ્રાગટય સાથે કરવામાં આવી હતી તેમજ વર્ષ દરમ્યાન વ્યાપારી મિત્રોમાં કોઈનું દુખદ અવસાન થયું હોય, પહલગામના આતંકી હુમલા માર્યા ગયેલ તેમજ હાલમાં અમદાવાદ ખાતે વિમાન દુર્ઘટના થયેલ તેમાં મૃત થયેલ લોકો માટે બે મિનિટનુ મૌન પાળી સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી હતી આજની મીટિંગમાં મોટા પ્રમાણમાં વ્યાપારીઓ ઉપસ્થિત રહેલ હતા. આજની સાધારણ સભામાં પ્રોસીડીંગ, ઓડીટ વાર્ષિક હિસાબ, ફારેગ થતાં સભ્યોની જગ્યાએ નવા સભ્યોની નિમણુંક, વ્યાપારી વર્ગ તરફ થી આવેલ અરજી, સેવાકીય પ્રવૃત્તિ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી દરેક મુદ્દાઓ પર સર્વ સંમતિથી મંજૂરી આપવામાં આવી હતી. આજની મીટીંગમાં વેપારના વિકાસ માટેના સુચન તેમજ સંસ્થાના કામકાજના વિષયો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ઝાલોદ નગર વેપારી વિકાસ સેવા મંડળમા કુલ ૬૯૯ આજીવન સભ્યો છે તેમાં ૧૨ વિભાગમાં વ્યાપારીઓને અલગ અલગ વહેંચવામાં આવેલ છે. વ્યાપારી મંડળના કારોબારી વિભાગમાં ૧૨ અલગ અલગ વિભાગ માટે કુલ ૧૮ જેટલા વ્યાપારીઓની સર્વ સંમતિથી નિમણૂક કરવામાં આવતી હોય છે જેમાં ચાર કાયમી સભ્યો અને અઢાર કારોબારી સભ્ય થઈ કુલ બાવીસ સભ્યોનો કારોબારી રચાતી હોય છે. દર વર્ષે પાંચ અલગ અલગ વિભાગમાંથી છ સભ્યો ફારેગ થતાં તેના માટે સર્વ સંમતિ થી છ નવા સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. ઝાલોદ વ્યાપારી એસોસિએશનની ખાસિયત છે કે કોઈ પણ વર્ષે હોદ્દા કે કારોબારી સભ્ય માટે ચૂંટણી થતી નથી. સર્વ સંમતિ થી કારોબારી સભ્યની નિમણૂક કરવામાં આવતી હોય છે. ઝાલોદ વેપારી એસોસિએશના પ્રમુખ શુભકરણ.એમ. અગ્રવાલ, મંત્રી મુકેશ. બી. અગ્રવાલ, કોષાધ્યક્ષ અનિલ.આર. પંચાલ, ઉપપ્રમુખ કે.કે. નાયર, સહમંત્રી જયપ્રકાશ.જે.પરમાર તેમજ કારોબારી સભ્યો દ્વારા આજની મીટિંગમાં પધારેલ તમામ વ્યાપારીઓનો આભાર માન્યો હતો તેમજ કાયમી વ્યાપારીઓનો સાથ સહકાર આમ જ મળતો રહે તેવી અપેક્ષા રાખી મીટિંગ પૂર્ણ કરવામાં આવી હતી.

**વિશેષ**

### દાહોદમાં તારીખ ૧૬ જુન થી ૨૧ જુન દરમ્યાન યોજાનાર યોગ સપ્તાહ ઉજવણીનો થયો પ્રારંભ

# ૧૧ મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત દાહોદ જિલ્લામાં વિવિધ જગ્યાઓએ યોગ શિબિરો યોજાઈ



। દાહોદ ।

આયુષ મિનિસ્ટ્રી, નવી દિલ્હી તથા નિયામકશ્રી આયુષની કચેરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર નિર્દેશિત, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, દાહોદ માર્ગદર્શિત અને જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી દાહોદ પ્રેરિત આયુષ ટીમ દાહોદ દ્વારા ૧૧ મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે અનેકવિધ કાર્યક્રમો-યોગશિબિરો-યોગ સ્પર્ધાઓનું ૭૫ જુદી જુદી જગ્યાઓ પર આયોજન કરવામાં આવ્યુ છે. જે સંદર્ભે તારીખ ૧૬ જુન થી ૨૧ જુન દરમ્યાન યોગ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

જે નિમિતે દાહોદ જિલ્લામાં વિવિધ શાળાઓ તેમજ આંગણવાડીઓ ખાતે યોગ શિબિરો યોજવામાં આવી હતી. પ્રવર્તમાન સમયમાં જીવનશૈલી જન્ય રોગો જેવા કે, ડાયાબીટીસ, હાઈપર ટેન્શન, મેદસ્વીતાનું પ્રમાણ વધેલ છે. એ સાથે માનસિક રોગો જેવા કે, અનિદ્રા, ડિપ્રેશન ને કાબુમાં રાખવા માટે આપણા જીવનમાં યોગ હોય એ ખુબ જ જરૂરી છે.યોગ દ્વારા શરીર અને મનની તંદુરસ્તી જળવાય છે તેમજ સ્વાસ્થના સંવર્ધન સાથે જીવનમાં આનંદ અને સમૃદ્ધિ વધે છે, તેથી આ નાનકડાં ભૂલકાઓ તેમજ આંગણવાડીની બહેનોએ યોગ કરીને યોગ સપ્તાહની શરૂઆત કરવાની સાથે દાહોદ જિલ્લાના તમામ નાગરીકોને યોગાભ્યાસને રોજીંદા જીવનમાં અપનાવવા માટે અપીલ કરી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી.

## ન્યૂઝ બ્રિફ

### લોહીયાળ સંઘર્ષ વચ્ચે નેતન્યાહૂનો મોટો દાવો

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૬ ।

ઈરાન સાથે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ મોટો દાવો કર્યો. તેમણે કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનના 'નંબર વન' દુશ્મન છે. એટલું જ નહીં તેમનો દાવો છે કે ઈરાન ટ્રમ્પને મારવા માટે કામ કરે છે. શુક્રવારથી જ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ભીષણ લોહિયાળ સંઘર્ષ ચાલુ છે. સમાચાર એજન્સી એએનઆઈએ ફોક્સ ન્યૂઝના હવાલે લખ્યું કે નેતન્યાહૂએ કહ્યું કે, 'તેઓ તેમને મારવા માંગે છે, તે દુશ્મન નંબર એક છે'. ઈઝરાયેલના પ્રધાનમંત્રીએ કહ્યુંકે, તેઓ એક નિર્ણાયક નેતા છે. તેમણે સમાધાનનો એ રસ્તો ક્યારેય અપનાવ્યો નથી જે બીજા અપનાવી રહ્યા છે. સમાધાનનો રસ્તો નબળો છે, જેનાથી તેમને યુરેનિયમ વધારવાનો રસ્તો મળે છે, જે બોમ્બ બનાવવાનો રસ્તો તૈયાર કરે છે અને અબજો ડોલર ખર્ચ કરાય છે. નેતન્યાહૂએ કહ્યું કે, તેમણે ફેક કરાર લીધો અને તેને ફાડી નાખ્યો. તેમણે કાસિમ સુલેમાનીની હત્યા કરી. તેમણે સ્પષ્ટ કર્યું કે તમે પરમાણુ હથિયારો રાખી શકો નહીં, જેનો અર્થ એ છે કે તમે યુરેનિયમને વધારી કરી શકો નહીં.

### સાત વર્ષ પછી કરુણ નાયર ફરી ટીમ ઈન્ડિયાનો ભાગ બન્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

વર્ષ ૨૦૧૮માં કરુણ નાયર ટીમ ઈન્ડિયાની બહાર હતો. ત્યારબાદ તે ઘરેલુ ક્રિકેટમાં સારું રમ્યો, પરંતુ તે પછી પણ તે પાછો ફર્યો નહીં. આખરે નાયરે હિંમત ન હારી અને ઘરેલુ ક્રિકેટમાં સખત મહેનત કરતો રહ્યો. હવે તેને તે મહેનતનું ફળ મળ્યું છે. ૭ વર્ષ પછી કરુણ ફરીથી ટીમનો ભાગ બન્યો છે. ઈંગ્લેન્ડ સામેની ૫ મેચની ટેસ્ટ શ્રેણી પહેલા કરુણ નાયરે હવે તેના ખરાબ દિવસોને યાદ કરીને એક મોટો ખુલાસો કર્યો છે. તેણે ભૂતપૂર્વ ખેલાડીની સલાહ સ્વીકારી હતી, જેના કારણે તે આજે ખૂબ ખુશ છે. ભારતીય ટીમમાં પાછા ફરેલા કરુણ નાયરને એક સમયે એક સ્ટાર ખેલાડીએ નિવૃત્તિ લેવાની સલાહ આપી હતી. જેથી તે લીગ ક્રિકેટ રમીને પૈસા કમાઈ શકે. તે સમયે નાયરે તે સલાહનું પાલન ન કર્યું. એક ઈન્ટરવ્યુમાં નાયરે કહ્યું, મને હજુ પણ યાદ છે કે એક પ્રખ્યાત ભારતીય ક્રિકેટરે મને ફોન કરીને કહ્યું હતું કે તમારે નિવૃત્તિ લેવી જોઈએ, કારણ કે આ લીગમાં મળતા પૈસા તમને સુરક્ષિત રાખશે. આમ કરવું સહેલું હોત, પણ મને ખબર હતી કે પૈસા હોવા છતાં હું આટલી સરળતાથી નિવૃત્તિ લેવા બદલ મારી જાત સાથે અન્યાય કરત. આ જ ઈન્ટરવ્યુમાં કરુણ નાયરે કહ્યું, હું ફરીથી ભારત માટે રમવાનું છોડવા માંગતો ન હતો.

### હવે સરકાર કરાવશે તમારી વ્હાલીસોયી દીકરીના લગ્ન

। (એજન્સી) લખનૌ, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશમાં દીકરીઓના લગ્ન કરવા એ હવે વધુ સન્માનજનક અને સરળ થવા જઈ રહ્યું છે. યોગી સરકારે મુખ્યમંત્રી સામૂહિક વિવાહ યોજનાનું બજેટ હવે લગભગ એક લાખ રૂપિયા પ્રતિ વિવાહ જેટલું કરી નાખ્યું છે. આ પગલું સામાજિક સશક્તિકરણ અને ગરીબ પરિવારોને મદદ કરવાની દિશામાં એક મોટી પહેલ ગણાઈ રહી છે. અત્યાર સુધી આ યોજના હેઠળ પ્રતિ વિવાહ ૫૧,૦૦૦ ની જોગવાઈ હતી પરંતુ હવે તે વધારીને એક લાખ રૂપિયા કરી દેવાઈ છે. જેમાં ૬૦,૦૦૦ રૂપિયાની રકમ સીધી દીકરીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાશે જ્યારે ૨૫,૦૦૦ રૂપિયા ઉપહાર સામગ્રી અને ૧૫,૦૦૦ રૂપયા વિવાહ આયોજન ખર્ચમાં અપાશે. સરકાર દ્વારા અપાનારી ભેટ સાગગ્રીની સૂચિ પણ પહેલા કરતા વધુ આકર્ષક અને ઉપયોગી કરાઈ છે. જેમ કે દુલ્હન માટે ૫ સાડી બ્લાઈઝ, લહેંગા, ચૂંદડી અને અન્ય વસ્ત્ર, દુલ્હેરાજા માટે પેન્ટ-શર્ટનું કપડું, ગમછો વગેરે, દુલ્હન માટે પાયલ, વિંછિયા, બિસ્તર સેટ, ડ્રાયફ્રૂટ, મિઠાઈ, ટ્રોલી બેગ વગેરે. આ વખતે ગોન્ડા જિલ્લાને ૭૨૨ લગ્નનું લક્ષ્યાંક મળ્યું છે.

**સોનમ જોવા મળી સફેદ શર્ટમાં**

## શિલોંગમાં રાજાનો મોત પહેલાનો છેલ્લો વીડિયો!

**હાથમાં ડંડો - હાવભાવ વિચિત્ર, સોનમની નજર કેમેરા પર : રાજાના હાથમાં બોટલ, ચૂપચાપ ચાલી રહ્યો છે**

। (એજન્સી) ઈન્દોર, તા.૧૬ ।

મધ્ય પ્રદેશના ઈન્દોરના રહીશ રાજા રઘુવંશી અને સોનમના કેસમાં રોજ એવા એવા ખુલાસા થાય છે અને વિગતો સામે આવે છે કે દંગ રહી જવાય. હવે કપલનો એક એવો વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં બંને જંગલમાં ટ્રેકિંગ કરતા જોવા મળે છે. આ વીડિયો તેમની નજીકથી પસાર થતા કોઈ અન્ય ટુરિસ્ટે બનાવ્યો છે. એવું કહેવાય છે કે આ બની શકે કે કપલનો એક સાથે છેલ્લો વીડિયો હોય. હાલ જો કે શિલોંગ કે ઈન્દોર પોલીસે વીડિયો વિશે કોઈ જાણકારી શેર કરી નથી. શિલોંગ પોલીસ આ મામલે ચાર્જશીટ દાખલ કરવાની તૈયારી કરી રહી છે. જો પોલીસ કપલના આ નવા વીડિયોને પોતાની તપાસમાં સામેલ કરે તો તે જાણવું રહેશે કે આ વીડિયો રાજાની હત્યાના કેટલા કલાક પહેલા બનાવવામાં આવ્યો હતો અને તે ઘટનાસ્થળથી કેટલું દૂર છે. શિલોંગ ફરવા ગયેલા એક વ્યક્તિએ સોશિયલ મીડિયા પર એવો દાવો કર્યો છે કે ડબલ ડેકર બ્રિજની ટ્રિપ દરમિયાન તે જ્યારે વીડિયો બનાવતો હતો ત્યારે તેની ફ્રેમમાં રાજા અને સોનમ રઘુવંશી પણ કેદ થયા હતા. બંને ઉપરની તરફ જઈ રહ્યા હતા. સોનમે તે જ સફેદ શર્ટ પહેર્યું હતું. જે બાદમાં રાજા રઘુવંશીના મૃતદેહ પાસે મળ્યું હતું. દેવ સિંહ નામના આ વ્યક્તિએ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરીને લખ્યું કે "હું ૨૩મી મેના રોજ ૨૦૨૫ના મેઘાલય ડબલ ડેકર રૂટ બ્રિજની યાત્રાએ ગયો હતો અને વીડિયો રેકોર્ડ કર્યો હતો. કાલે હું વીડિયો જોઈ રહ્યો હતો ત્યારે મને ઈન્દોરના એ કપલનું રેકોર્ડિંગ મળ્યું. સવારે લગભગ ૯.૪૫ વાગ્યાનો સમય હતો જ્યારે અમે નીચે જઈ રહ્યા હતા અને રાજા અને સોનમ નોગરીટ ગામમાં રાત વિતાવ્યા બાદ ઉપર જઈ રહ્યા હતા." વીડિયો શેર કરનારાએ વધુમાં લખ્યું કે મને લાગે છે કે "આ બંનેનું આ છેલ્લું રેકોર્ડિંગ હતું. સોનમે એ જ સફેદ શર્ટ પહેર્યુ હતું જે રાજા પાસે મળ્યું હતું. મને આશા છે કે તેનાથી મેઘાલય પોલીસને પણ આ મામલો ઉકેલવામાં મદદ મળશે." દેવ સિંહે રાજા રઘુવંશીને વીડિયોમાં જોઈને કહ્યું કે, "જ્યારે પણ મે વીડિયોમાં રાજાને જોયો તો મને તેના વિશે ખુબ ખરાબ લાગ્યું. તે સામાન્ય લાગી રહ્યો હતો પરંતુ તેને ખબર નહતી કે તેના માટે આગળ શું રાહ જોઈ રહ્યું હશે. મારી પાસે એક વધુ વીડિયો છે જેમાં ઈન્દોરના ૩ અન્ય લોકો પણ જોઈ શકાય છે. જેમણે આ બંને કરતા ૨૦ મિનિટ પહેલા યાત્રા શરૂ કરી હતી અને પોલીસે તેમને પકડ્યા હતા." ગણતરીની સેકન્ડોનો આ વીડિયોમાં કપલ સામેથી આવતું દેખાય છે. બંને જંગલમાં ક્યાંક ટ્રેકિંગ કરી રહ્યા છે.

**લખનઉ એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી**

## લખનઉ એરપોર્ટ પર લેન્ડિંગ સમયે પ્લેનના પૈડામાંથી નીકળી ચિંગારી

**આ વિમાન સાઉદી અરેબિયાના જેદ્દાહથી હજયાત્રીઓને લઈને પાછું ફર્યું હતું : પાઈલોટે એર ટ્રાફિક કંટ્રોલરને જાણ કરી**

। (એજન્સી) લખનઉ, તા.૧૬ ।

લખનઉ એરપોર્ટ પર અમૌસી એરપોર્ટ પર પ્લેનના પૈડામાં આગ લાગી ગઈ. રવિવારે સવારે લેન્ડિંગ બાદ ટેક્સી વે પર જતી વખતે સાઉદી અરેબિયા એરલાઈન્સના વિમાનના ડાબા પૈડામાંથી ચિંગારી અને ખુબ ધૂમાડો જોવા મળ્યો. આ વિમાન સાઉદી અરેબિયાના જેદ્દાહથી હજયાત્રીઓને લઈને પાછું ફર્યું હતું. ચિંગારી જોતા જ પાઈલોટે એર ટ્રાફિક કંટ્રોલરને જાણ કરી હતી. ત્યારબાદ અફરાતફરી મચતા ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચી અને સ્થિતિ કાબૂમાં લીધી હતી. જ્યારે આગ પર કાબૂ મેળવી લેવાયો ત્યારે તમામ મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારી લેવાયા હતા. મળતી માહિતી મુજબ સાઉદી અરેબિયા એરલાઈન્સનું વિમાન એસવી ૩૧૧૨એ શનિવારે રાતે લગભગ ૧૧.૩૦ કલાકે જેદ્દાહ એરપોર્ટથી ઉડાણ ભરી હતી. આ વિમાનમાં ૨૪૨ હજયાત્રીઓ હતા. આ વિમાન રવિવાર સવારે લગભગ ૬.૩૦ વાગે અમૌસી એરપોર્ટ પહોંચ્યુ હતું. સૂત્રોના જણાવ્યાં મુજબ રનવે પર લેન્ડિંગ બાદ વિમાન ટેક્સી વે પર આવી રહ્યું હતું. ત્યારે તેના ડાબા પૈડા પાસેથી ધુમાડા સાથે ચિંગારી ઉઠવા લાગી હતી. આ જોઈને પાઈલોટે એર ટ્રાફિક કંટ્રોલરને જાણ કરી. ત્યારબાદ એરપોર્ટ પર હાજર ફાયર સેફ્ટી ટીમ ઘટના સ્થળે પહોંચી. ફોમ અને પાણી ફેંકીને ૨૦ મિનિટમાં સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. આ દરમિયાન મુસાફરો વિમાનની અંદર જ હતા.


**દુબઇ-જયપુરની ફ્લાઇટ ટેકનિકલ ખામીને મોડી પડી**

## AIની ફ્લાઇટમાં ફસાયેલા મુસાફરોને પાંચ કલાક સુધી ખાવા-પીવાનું ન મળ્યું

**લાંબા સમય સુધી રાહ જોવડાવ્યા પછી ટેકનિકલ ખામી દૂર થઈ અને મોડી રાત્રે ૧૨-૪૪ કલાકે ફ્લાઇટ દુબઈથી રવાના થઈ હતી**

। (એજન્સી) જયપુર, તા.૧૬ ।

એર ઈન્ડિયા એકક્સપ્રેસની વધુ એક બેદરકારી સામે આવી છે. દુબઈથી જયપુર જઈ રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં ટેકનિકલ ખામીને લીધે મુસાફરોને લગભગ પાંચ કલાક સુધી વિમાનમાં જ બેસી રહેવું પડ્યું હતું. આ દરમિયાન એર કન્ડીશનર(એસી) ચલાવવામાં આવ્યું નહીં અને યાત્રીને પીવાનું પાણી કે ખાવાનું પણ આપવામાં આવ્યું નહીં. સોશ્યલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના ૧૩મી જૂનની છે. એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નંબર આઈએક્સ-૧૯૬એ દુબઈથી સાંજે ૭-૨૫ કલાકે જયુપર માટે ઉડાણ ભરવાની હતી. પરંતુ ટેકનિકલ ખામીને લીધે વિમાન નિયત સમય પર ટેકઓફ કરી શક્યું નહીં. ફ્લાઈટની અંદર લગભગ ૧૫૦થી વધુ મુસાફરો ફસાયેલા રહ્યા હતા. પાંચ કલાકથી વધુ સમય સુધી વિમાનમાં એસી બંધ રહ્યું, જેના કારણે મુસાફરોને ખૂબ પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. ફ્લાઈટમાં ફસાયેલા મુસાફરોએ જણાવ્યું કે પાંચ કલાક સુધી રાહ જોઈ પરંતુ પાણી પણ આપવામાં આવ્યું નહીં. ખાવા-પીવાની કોઈ ચીજવસ્તુ પણ આપવામાં આવી નહીં. પરેશાન મુસાફરોએ એર ઈન્ડિયા એક્સપ્રેસની બેદરકારીને લઈને નારાજગી વ્યક્ત કરી અને આ બાબતને યાત્રીઓની સુરક્ષામાં ગંભીર ચૂક ગણાવી હતી. આ ફ્લાઈટ લગભગ સવા પાંચ કલાક મોડી જયપુર પહોંચી હતી.




નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ICR-ER પ્લેટફોર્મ, NDEM 2.0 લાઇટ મોબાઇલ એપ્લિકેશન અને આસામ ફ્લડ્સ એટલાસનું અનાવરણ કર્યું.

## મારી એક ભૂલને કારણે વિરાટ કોહલીએ મારી જોડે વાત બંધ કરી દીધી: એબી ડી વિલિયર્સે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।



દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ પૂર્વ ક્રિકેટર એબી ડી વિલિયર્સે તાજેતરમાં વિરાટ કોહલી વિશે એક સનસનાટીભર્યો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે, વિરાટ કોહલીએ લાંબા સમય સુધી મારી સાથે વાત કરી નહોતી.

જ્યારે કોહલી ઈંગ્લેન્ડ સામે ભારતમાં રમાઈ રહેલી ટેસ્ટ શ્રેણીમાંથી ખસી ગયો હતો ત્યારે મેં કોહલી અને અનુષ્કા શર્માના બીજા બાળક અંગે ખુલાસો કરી દીધો હતો તેને લઈને કોહલી મારાથી ખિજાઈ ગયો હતો અને લાંબા સમય સુધી તેણે મારી સાથે વાત બંધ કરી દીધી હતી.મારા નિવેદનથી સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો હતો જેના થોડા દિવસો બાદ મેં માફી માગી લીધી હતી. જોકે પાછળથી આ વાત સાચી પડી અને કોહલી અને અનુષ્કાના ઘરમાં ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ તેમના પુત્ર અકાયનો જન્મ થયો.

## ઉત્તર પ્રદેશમાં ફટાકડાંની ફેક્ટરીમાં જોરદાર બ્લાસ્ટ

। (એજન્સી) લખનૌ, તા.૧૬ ।

યુપીમાં અમરોહા-અતરાસી રોડ પર ખેતરોની વચ્ચે આવેલી ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગી હતી. આ આગમાં ચાર મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે એક પુરુષ સહિત નવ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. જોરદાર વિસ્ફોટ સાથે થયેલા આ અકસ્માતથી આસપાસનો વિસ્તાર પણ હચમચી ગયો હતો. ઘટનાની જાણકારી મળતા જ ડીએમ નિધિ ગુપ્તા વત્સ અને પોલીસ અધિક્ષક અમિત કુમાર આનંદ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સ્થળનું નિરીક્ષણ કર્યા પછી સૂચનાઓ આપી હતી. સમગ્ર મામલાની માહિતી આપતાં અમરોહાના પોલીસ અધિક્ષક અમિત કુમાર આનંદે જણાવ્યું હતું કે, આ ફેક્ટરી સૈફૂર અહેમની છે જે જિલ્લા હાપુરના રહેવાસી છે. આ વિસ્ફોટ સોમવારે બપોરે થયો હતો.

**સાથે કામ કરવાનું બંધ કર્યું**

## ગેંગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ-ગોલ્ડી બરાડની વચ્ચે વિવાદ

**બિશ્નોઈ અને ગોલ્ડી હવે સાથે કામ નહીં કરે : લૉરેન્સ બિશ્નોઈ હવે નોની રાણા સાથે કામ કરી રહ્યો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।



દેશ અને દુનિયાના કુખ્યાત ગેંગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બરાડ વચ્ચે વિવાદ થયો છે. બંનેના રસ્તા અલગ થઈ ગયા છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓની ચિંતા વધી ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંનેના સંબંધ તૂટવાનું કારણ લૉરેન્સનો તેના ભાઈ અનમોલના કેસ અંગે ગોલ્ડી અને સચિન ગોદારા પ્રત્યેનો નારાજગી છે. ચાલો સમગ્ર મામલો વિગતવાર જાણીએ. લૉરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બરાડ વચ્ચેના વિવાદની વાત કરીએ તો, ગોલ્ડી બરાડ અને સચિન ગોદારાએ અમેરિકામાં લૉરેન્સના ભાઈના કેસને યોગ્ય રીતે હેન્ડલ કર્યો ન હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સીઓને માહિતી મળી હતી કે ગોલ્ડી બરાડ અને ગોદારાએ અનમોલને જરૂરી જામીન બોન્ડ ફાઈલ કરવામાં મદદ કરી ન હતી. જોકે અનમોલને બાદમાં છોડી દેવામાં આવ્યો હતો. પરંતુ લૉરેન્સ બિશ્નોઈ, અમેરિકામાં તેના ભાઈ અનમોલની ધરપકડ બાદ ગોલ્ડી અને સચિન ગોદારાના વલણથી ગુસ્સે થયો હતો. અનમોલની નવેમ્બર ૨૦૨૪ માં નકલી દસ્તાવેજો સાથે મુસાફરી કરવા બદલ યુએસ ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેના પર મે ૨૦૨૨ માં પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યામાં સામેલ હોવાનો અને ગયા વર્ષે NCP નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મંત્રી બાબા સિદ્દીકીની હત્યાનો માસ્ટરમાઈન્ડ હોવાનો આરોપ છે. સૂત્રો અનુસાર, લૉરેન્સ અને ગોલ્ડીએ હવે એકબીજાથી અલગ થવાનો નિર્ણય લીધો છે. ગોલ્ડી બરાડ હવે અઝરબૈજાન સ્થિત રોહિત ગોદારા સાથે કામ કરી રહ્યો છે, જ્યારે લૉરેન્સ બિશ્નોઈ કેનેડા સ્થિત નોની રાણાના સંપર્કમાં છે. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓને ડર છે કે આ નવી ગેંગ, વોર અથવા વફાદારોની અદલાબદલી તરફ દોરી શકે છે. તાજેતરમાં યોજાયેલી એક મહત્ત્વપૂર્ણ બેઠકમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) સમક્ષ પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, જેમાં પંજાબ, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. તપાસમાં ખુલાસો થયો છે કે નોની રાણા, જેનું સાચું નામ સૂર્ય પ્રતાપ છે, તે અમેરિકાથી લૉરેન્સ બિશ્નોઈ માટે ફોન કરીને ખંડણી અને ગેંગ ચલાવી રહ્યો છે. તે હરિયાણાના કુખ્યાત ગેંગસ્ટર કાલા રાણા (વીરેન્દ્ર પ્રતાપ)નો નાનો ભાઈ છે. બીજી તરફ, ગોલ્ડી અને ગોદારાએ તાજેતરમાં કેનેડાના મિસિસૌગામાં ટ્રકિંગ અને વીમાનો વ્યવસાય કરતા વેપારી હરજીત સિંહની હત્યા માટે સોશિયલ મીડિયા પર જવાબદારી લીધી હતી. પરંતુ આ વખતે તેણે લૉરેન્સ બિશ્નોઈ અથવા તેના સહયોગીઓનું નામ લખ્યું નથી, જ્યારે તે સામાન્ય રીતે આવું કરે છે.

## કોંગ્રેસ વિધાયક છું પરંતુ RSS સાથે પણ જોડાયેલો છું: ભૈરો સિંહ

। (એજન્સી) સુનસેર, તા.૧૬ ।

કોંગ્રેસ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ બંનેની વિચારધારા એકદમ અલગ છે. પરંતુ સંઘનો પ્રભાવ એટલો બધો વ્યાપક છે કે કોંગ્રેસીઓ પણ તેનાથી બાકાત લાગતા નથી. આમ તો લોકસભામાં નેતા વિપક્ષ અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સતત આરએસએસને નિશાન બનાવે છે પરંત હવે તેમના જ એકસિપાઈનો વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોમાં કોંગ્રેસ વિધાયક કહે છે કે હું કોંગ્રેસનો વિધાયક છું પરંતુ આરએસએસ સાથે પણ જોડાયેલો છું. વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બનેલો છે. સોશિયલ મીડિયામાં જે વીડિયો વાયરલ થઈ રહ્યો છે તે વીડિયો આગર-માલવા ક્ષેત્રનો છે. ભૈરો સિંહ પરિહાર અહીંની સુનસેર વિધાનસભા સીટથી વિધાયક છે. કોઈ સંગઠનના પ્રોગ્રામમાં સામેલ થવા માટે ભૈરો સિંહ પહોંચ્યાં હતા. આ દરમિયાન જ્યારે માઈક તેમના હાથમાં આવ્યું તો તેઓ આરએસએસની સાથે પોતાની નીકટતા વિશે બોલવા લાગ્યા. ભૈરો સિંહે કહ્યું કે આમ તો તેઓ કોંગ્રેસના વિધાયક છે પરંતુ આરએસએસ સાથે પણ જોડાયેલા છે. તેમણે કહ્યું કે આરએસએસના અનેક પદાધિકૈરા તેમના નિકટના છે અને તેમણે પણ સંઘ માટે અનેક કામ કર્યા છે.


**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**ફર્મવેર અપગ્રેડેશન**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નંબર: 01-TRDBVP-2025-26-R.કામનું નામ:** કામનું નામ: RDSO સ્પષ્ટીકરણ નંબર TI/SPC/RCC/SCADA/0134 મુજબ ભાવનગર ડિવિઝનના સુરેન્દ્રનગર ગેટ - પીપાવાવ, ઢસા જંક્શન - વાવડી અને કાનાલુસ - પોરબંદર, ધોળા જંક્શન - ભાવનગર પરા, સિહોર જંક્શન - પાલિતાણા, રાજુલા જંક્શન - મહુવા, રાજકોટ - સોમનાથ અને જેતલસર જંક્શન - વાંસજાળીયા વિભાગો માટે TSS/SP/SSP RTU માં ફર્મવેર અપગ્રેડેશન અને SCADA સિસ્ટમમાં સાયબર સુરક્ષાનો અમલ **ટેન્ડર રકમ:** રૂ. 2, 66, 53, 110/- **ટેન્ડર ફી:** શૂન્ય **EMD રકમ:** રૂ. 2, 83, 300/- **સરનામું:** DRM (ટ્રેક્શન) BVP, DRM ઓફિસ, ભાવનગર પરા-364003. બિડરોએ ફક્ત **www.ireps.gov.in** લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને **વેબસાઇટ www.ireps.gov.in** ની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડરો માટે ઑનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ 07.07.2025 ના 15:00 કલાક સુધી રહેશે. 053

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# બ્રિટનમાં પ્રથમ વખત મહિલાને સોંપાઈ મહત્ત્વની જવાબદારી


બ્રિટનમાં ૧૧૬ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ મહિલાને તેની સિક્રેટ એજન્સી SIS (સિક્રેટ ઈન્ટેલિજન્સ સર્વિસ)ના નેતૃત્વની જવાબદારી સોંપવામાં આવી છે. બ્લેઝ મેટ્રેવેલી આ વર્ષના અંત સુધીમાં સર રિચાર્ડ મૂરનું સ્થાન લેશે. તે SISના ૧૮માં હેડ બનશે. ૧૯૯૯માં તે આ એજન્સીમાં જોડાયા હતાં. બ્લેઝ મેટ્રેવેલી હાલ MI6માં ટેક્નોલોજી અને ઈનોવેશનની જવાબદારી સંભાળી રહી છે. આ ઐતિહાસિક નિમણૂક બ્રિટનની આંતરરાષ્ટ્રીય સિક્રેટ એજન્સીની સેવાઓ માટે વધુ મહત્ત્વપૂર્ણ છે. જેનું કામ વિદેશી ધરતી પર ગુપ્ત માહિતી એકત્ર કરી દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું છે. તેના મુખ્ય કાર્યો આતંકવાદ અટકાવવો, દુશ્મન દેશોની ગતિવિધિઓ પર રોક મૂકવી, સાયબર સુરક્ષાને વધુ મજબૂત બનાવવી સામેલ છે. તેને સામાન્ય રીતે C તરીકે ઓળખવામાં આવે છે. 'C' વિદેશ સચિવને રિપોર્ટ સોંપે છે. તે જોઈન્ટ ઈન્ટેલિજન્સ કમિટીનો હિસ્સો છે. જેમાં અન્ય વિભાગોના હેડ અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ સામેલ છે. આ કમિટી સિક્રેટ રિપોર્ટ તૈયાર કરવા ઉપરાંત સ્થિતિઓનું વિશ્લેષણ કરે છે. અને વડાપ્રધાનને સલાહ આપે છે. બ્લેઝ મેટ્રેવેલીએ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી એન્થ્રોપોલોજીનો અભ્યાસ કર્યો છે. તેમણે પોતાની કારકિર્દીનો મોટાભાગનો સમય મધ્ય-પૂર્વ અને યુરોપમાં સેવા આપવામાં પસાર કર્યો છે. તે પહેલાં MI5માં ડિરેક્ટર પદ પર ભૂમિકા ભજવી હતી. પોતાના નોંધનીય કારકિર્દીને ધ્યાનમાં લેતાં ૨૦૨૪માં તેમને સન્માનિત કરવામાં આવ્યા હતાં. હાલ મેટ્રેવેલી જે એજન્સીનું નેતૃત્વ કરશે, તે અભૂતપૂર્વ અને જટિલ પડકારોનો સામનો કરી રહી છે. જિઓ-પોલિટિકલ દ્રષ્ટિકોણથી રશિયા, ચીન, ઈરાન અને ઉત્તર કોરિયા જેવા દેશોમાંથી નડી રહેલા પડકારો પણ છે. ચારેય દેશોમાં વધતો સહયોગ યુકે સહિત પશ્ચિમી દેશોના હિત માટે પડકારરૂપ બન્યા છે. જિઓ-પોલિટિકલ જોખમ, ટેક્નિકલ જાસૂસી, સાયબર વૉર, અને એઆઈ સંબંધિત પડકારો પણ વધી રહ્યા છે. જેનો સામનો MI6એ કરવાનો રહેશે.

## વડાપ્રધાન અને સાયપ્રસના રાષ્ટ્રપતિએ સાયપ્રસ અને ભારતના વ્યાપાર પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કર્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાયપ્રસના રાષ્ટ્રપતિ મહામહિમ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ સાથે લિમાસોલમાં સાયપ્રસ અને ભારતના વ્યાપાર પ્રતિનિધિઓ સાથે ગોળમેજી ચર્ચા કરી હતી. સહભાગીઓમાં બેંકિંગ, નાણાકીય સંસ્થાઓ, ઉત્પાદન, સંરક્ષણ, લોજિસ્ટિક્સ, દરિયાઈ, શિપિંગ, ટેકનોલોજી, નવીનતા, ડિજિટલ ટેકનોલોજી, એઆઈ, આઈટી સેવાઓ, પર્યટન અને ગતિશીલતા જેવા વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ સામેલ હતા. છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતના ઝડપી આર્થિક પરિવર્તન વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આગામી પેઢીના સુધારા, નીતિગત આગાહી, સ્થિર રાજકારણ અને વ્યવસાય કરવામાં સરળતાને કારણે, ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બન્યું છે. નવીનતા, ડિજિટલ ક્રાંતિ, સ્ટાર્ટ-અપ્સ અને ભાવિ માળખાગત વિકાસને આપવામાં આવતી પ્રાથમિકતા પર ભાર મૂકતા, શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર ભારત થોડા વર્ષોમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે યોગ્ય સ્થાને છે. તેમણે કહ્યું કે ભારતમાં નાગરિક ઉડ્ડયન, બંદરો, જહાજ નિર્માણ, ડિજિટલ ચૂકવણીઓ અને ગ્રીન ગ્રોથ ક્ષેત્રોમાં સ્થિર વૃદ્ધિએ સાયપ્રસ કંપનીઓ માટે ભારત સાથે ભાગીદારી કરવા માટે અસંખ્ય તકો ખોલી છે. તેમણે ભારતના કુશળ પ્રતિભા પૂલ અને સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમની મજબૂતાઈ પર પ્રકાશ પાડ્યો અને ઉત્પાદન, AI, ક્વોન્ટમ, સેમિકન્ડક્ટર અને મહત્વપૂર્ણ ખનિજોને ભારતની વિકાસગાથામાં ફાળો આપતા નવા અને ઉભરતા ક્ષેત્રો તરીકે પ્રકાશિત કર્યા છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે સાયપ્રસ ભારત માટે ખાસ કરીને FDI ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ આર્થિક ભાગીદાર છે. તેમણે ભારતીય અર્થતંત્રમાં નવા રોકાણોમાં સાયપ્રસના રસનું સ્વાગત કર્યું. નાણાકીય સેવાઓ ક્ષેત્રમાં વ્યવસાયિક જોડાણની સંભાવના પર ભાર મૂકતા, બંને નેતાઓએ NSE ઈન્ટરનેશનલ એક્સચેન્જ GIFT સિટી, ગુજરાત અને સાયપ્રસ સ્ટોક એક્સચેન્જ વચ્ચેના MoU પર હસ્તાક્ષરનું સ્વાગત કર્યું હતું. NIPL (NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ) અને યુરોબેંક સાયપ્રસ બંને દેશો વચ્ચે ક્રોસ-બોર્ડર ચૂકવણી માટે UPI રજૂ કરવા સંમત થયા છે. આનાથી પ્રવાસીઓ અને વ્યવસાયોને ફાયદો થશે. પ્રધાનમંત્રીએ ભારત-ગ્રીસ-સાયપ્રસ (IGC) વેપાર અને રોકાણ પરિષદના પ્રારંભનું પણ સ્વાગત કર્યું, જે શિપિંગ, લોજિસ્ટિક્સ, નવીનીકરણીય ઉર્જા, નાગરિક ઉડ્ડયન અને ડિજિટલ સેવાઓ જેવા ક્ષેત્રોમાં ત્રિપક્ષીય સહયોગને પ્રોત્સાહન આપશે. પ્રધાનમંત્રીએ એ હકીકતનું સ્વાગત કર્યું કે ઘણી ભારતીય કંપનીઓ સાયપ્રસને યુરોપના પ્રવેશદ્વાર અને IT સેવાઓ, નાણાકીય વ્યવસ્થાપન અને પર્યટન માટેનું કેન્દ્ર માને છે. સાયપ્રસ આવતા વર્ષે યુરોપિયન યુનિયન કાઉન્સિલનું પ્રમુખપદ સંભાળવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે બંને નેતાઓએ ભારત-EU વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. તેમણે વર્ષના અંત સુધીમાં ભારત-EU મુક્ત વેપાર કરાર પૂર્ણ થવાની આશા વ્યક્ત કરી, જે બંને દેશો વચ્ચે વેપાર અને આર્થિક સહયોગને પણ વેગ આપશે. પ્રધાનમંત્રીએ એ પણ નોંધ્યું કે વ્યાપાર ગોળમેજી ચર્ચાઓએ વ્યવહારુ સૂચનો રજૂ કર્યા છે. જે એક માળખાગત આર્થિક રોડમેપનો આધાર બનાવશે જે વેપાર, નવીનતા અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં લાંબા ગાળાના સહયોગને સુનિશ્ચિત કરશે. સહિયારી આકાંક્ષાઓ અને ભવિષ્ય-કેન્દ્રિત દ્રષ્ટિકોણ સાથે, ભારત અને સાયપ્રસ ગતિશીલ અને પરસ્પર લાભદાયી આર્થિક સહયોગના નવા યુગ માટે તૈયાર છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે સાયપ્રસના રાષ્ટ્રપતિ મહામહિમ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ સાથે લિમાસોલમાં સાયપ્રસ અને ભારતના વ્યાપાર પ્રતિનિધિઓ સાથે ગોળમેજી ચર્ચા કરી હતી. સહભાગીઓમાં બેંકિંગ, નાણાકીય સંસ્થાઓ, ઉત્પાદન, સંરક્ષણ, લોજિસ્ટિક્સ, દરિયાઈ, શિપિંગ, ટેકનોલોજી, નવીનતા, ડિજિટલ ટેકનોલોજી, એઆઈ, આઈટી સેવાઓ, પર્યટન અને ગતિશીલતા જેવા વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ સામેલ હતા. છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતના ઝડપી આર્થિક પરિવર્તન વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આગામી પેઢીના સુધારા, નીતિગત આગાહી, સ્થિર રાજકારણ અને વ્યવસાય કરવામાં સરળતાને કારણે, ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બન્યું છે.

**પ્રથમ તો આત્મતત્વને જોયા જાણ્યા વગર જે પરમાત્મ તત્વને જોવા-જાણવા કે માણવા નીકળે તો તેની યાત્રા સફળ થતી નથી**

# ઝંખના- જીજ્ઞાસા વચ્ચેના તત્વતઃ ભેદને સમજીને ઝાકઝમાળ ઝંખનાઓ ઓછી કરીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**બ્રહ્મજ્ઞાન માટે હિંદુ સંસ્કૃતિમાં ઉત્તમોત્તમ શાસ્ત્રો છે, એટલે કે વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભાગવત ગીતા, અને શ્રીમદ્ ભાગવત, આ ઉપરાંત અન્ય ધર્મનાં ગ્રંથો હોઈ શકે, જે જીવને સ્પષ્ટપણે જીવ શિવનો તફાવત બતાવે, અને શિવ તરફ કઈ રીતે આગળ વધી શકાય, જીવ શિવ એકાકાર, કે મિલન કઈ રીતે થાય.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્લેન ક્રેશની દુર્ઘટના તો બીજી બાજુ ઈરાન ઈરાક વચ્ચે ભભકતુ યુદ્ધ! એટલે કે આવતીકાલે શું થશે? એવું વિચારાય જાય! અને હવે તો આ રીતે મૃત્યુ થાય એમાં કર્મ પણ કેમ સિદ્ધ થાય ! પણ ભવિષ્ય જ્યારે અંધકાર મય હોય ત્યારે વર્તમાનમાં જીવવું! એવું સ્વયં યોગેશ્વર એ કહ્યુ છે. કોઈની ચડતી તો કોઈની પડતી એ કુદરતનો ન્યાય છે!' સમાજ કે સરકાર સામે પ્રશ્નો કરવાથી કંઈ નહીં વળે અંતે તો આપણે એને શરણે જ જવું પડશે. પૂનમનો ચંદ્ર ક્યારેય એકધારો આકાશમાં રહેતો નથી, તેને પણ પોતાની કલા વધતી ઓછી કરવી પડે છે. તેમ અહીં દરેકની કલા ચડતી અને ઘટતી હોય છે, એ સત્યને સ્વીકારી લેવાથી થોડું સમસ્યા સામે સમાધાન મેળવી શકાય. ઓશોનું હમણાં જ એક વાક્ય વાંચ્યું કે બહારની વસ્તુઓ માટે કદાચ આપણો વિશ્વાસ દ્રઢ ન હોય તો અન્યના કહેવા પ્રમાણે આપણે અનુસરીએ તો જીવનમાં આગળ ચાલી શકાય, પરંતુ આપણા આંતરિક ઉદ્ધારની વાત હોય, ત્યાં કોઈ એક તત્વ પ્રત્યે ભરોસો હોવો બહુ જ જરૂરી છે, અને તો જ ત્યાં ઉત્થાનની ક્રિયા આગળ સંભવ છે. પરંતુ એની માટે જ્ઞાનની જિજ્ઞાસા હોવી જરૂરી છે, જ્યારે આપણે તો સુખની ઝંખના જ કરીએ છીએ. ઝંખના અને જિજ્ઞાસા આ બંને શબ્દમાં તત્વતઃ તફાવત છે, ઝંખના શબ્દમાં ક્યાંક ઈચ્છા કે એષણાનો એટલે કે ભોગનો ધ્વનિ વરતાય. મનની અતૃપ્ત ઈચ્છાઓ પૂર્ણ થાય એવો ભાવ હોય તેને ઝંખના કહેવાય, જ્યારે જીજ્ઞાશા શબ્દમાં જીવની જ્ઞાન કે પરમતત્વનું જ્ઞાન મેળવવાની ઈચ્છાને આપણે જિજ્ઞાસા કહીએ છીએ. પરંતુ સંસારી અને ભોગી જીવને જ્ઞાન પણ કેવું અને કેટલું હોય, એટલે તેની માટે એકંદરે આશા પણ એટલી ઊંચી હોય નહીં. વધી વધીને પરમ તત્ત્વ શું છે? અથવા તો ઈશ્વર આ સમગ્ર સૃષ્ટિનું સંચાલન આમ કેમ કરી રહ્યો છે? એટલે કે આવી દુર્ઘટના, કસમયે ઋતુચક્રનો બદલાવ, અતિવૃષ્ટિ, ધરતીકંપ કે પછી અન્ય કોઈ કુદરતી કે કુત્રિમ હોનારત જોઈએ, ત્યારે આપણા મનમાં આવો ભાવ આવે, અને એવી દ્વિધા પણ હોય! તો પછી સવાલ એ થાય કે સાચું જ્ઞાન શું છે! અને એ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય? પ્રથમ તો આત્મતત્વને જોયા જાણ્યા વગર જે પરમાત્મ તત્વને જોવા-જાણવા કે માણવા નીકળે તો તેની યાત્રા સફળ થતી નથી. પહેલા તો દેહમાં રહેલ દેહી પ્રત્યેનું જ્ઞાન પ્રાપ્ત થવું પૂર્ણ આવશ્યક છે, અને જ્યાં સુધી દેહ એ સ્વયં સંચાલિત છે, એવો ભાવ રહે એટલે કે મારા કરવાથી આ બધું થાય છે, એવો ભાવ હોય, ત્યાં સુધી આ યાત્રા આગળ ચાલી શકતી નથી. ટૂંકમાં હું પણું છૂટે, ત્યારે જ જ્ઞાનની ઉપલબ્ધિ શક્ય છે. વિવેકી હોવું, નમ્ર હોવું, અને શરણાગત હોવું, એમાં ઘણો તફાવત છે. શરણાગત એટલે કે હું અહીં કંઈ જ કરતો નથી, હે ઈશ્વર આ મારો દેહ તું સંચાલિત કરી રહ્યો છે, એ વાત પર પૂર્ણ વિશ્વાસ છે, એવું જ્ઞાન જ્યારે થાય, ત્યાર પછી જિજ્ઞાસા થાય છે, કે તો પછી તારું વિરાટ સ્વરૂપ કેવું હશે,કે જે સમગ્ર સૃષ્ટિનુ સંચાલન બખૂબી કરે છે, અને એ પણ એક પણ ભૂલ વગર! કોઈ નિશ્ચિત ચરણમાં આપણી જાતનું સમર્પણ કરી દઈએ, તો આ ગેબ અને ગેબીનાં રહસ્ય જલ્દી સમજાય, અને ઈશ્વર તત્વને માણી શકાય. જીવની જિજ્ઞાસાની તીવ્રતા જેટલી વધુ, એટલું પરિણામ વધુ ફળદાયી બને. પરંતુ આધુનિક માનવ ઝંખના અને જિજ્ઞાસાની એક જ વ્યાખ્યા કરતો થઈ ગયો છે, અને ઝંખના માટે બાકી બધી જ ક્રિયાઓ તેની માટે ગૌણ બની જાય છે, અને તેની પ્રાથમિકતા કે જરૂરિયાત માત્ર ને માત્ર ઝંખના પૂર્ણ કરવી એ જ બની રહે છે, એટલે જોઈએ તેટલું પરિણામ મળતું નથી. નહીતો આજના આ યુગમાં ધર્મ સભાઓ પણ ખૂબ થાય છે, હરિ કથાનું આયોજન પણ ખૂબ થાય છે, કુંભમેળાના મોટા મોટા આયોજન થાય છે, તેમજ તત્વચિંતકો પણ પોતાની રીતે સત્વ તત્વનું સંતુલન કઈ કઈ રીતે કરી શકાય, એ વિશે મીમાંસા કરતા જોવા મળે છે. પરિણામે ૫૦૦૦૦૦ માંથી પાંચ જણા પણ સમાજમાં સુધરતા હોય તો ખોટ નથી, એવું વિચારીને આ પ્રકારના આયોજનો વધુને વધુ થતાં હોય છે. એટલે ઘણીવાર સામ્પ્રત સમાજની આ અતિ ભ્રષ્ટ અને ઉગ્ર એટલે કે હિંસા ધરાવતી વૃત્તિઓ આખરે ક્યાં લઈ જશે એવી કરુણા થાય, પણ અંતે તો એણે જે વિચાર્યું હશે તે જ થશે, અને તે સારા માટે જ થઈ રહ્યું છે, એ પૂર્ણ ભરોસો છે. કારણ કે કળિયુગ પછી ક્રમમાં સતયુગ આવે છે. એટલે અંદરોઅંદરનો આ ભાવ લોકોને પોતાનાં પતન તરફ લઈ જઈ રહ્યો છે, એ જ્યાં સુધી ખુદને સમજાય નહીં, ત્યાં સુધી કોઈ સમજાવી શકે નહીં, અને એ રીતે ધીરેધીરે કા વૃત્તિ ખત્મ થશે, અને કા વ્યક્તિ ખત્મ થશે, પછી જે બચે તે બધા જ શુભ મંગલનું ગાન કરનારા હશે.આ વાક્ય સદગુરુ દેવનાં આજથી પચાસ વર્ષ પહેલાંના છે. દ્વાપરમાં કૃષ્ણની સૌથી મોટી પીડા એ રહી કે યાદવ કુળનો નાસ અંદરોઅંદરના વૈમનસ્યને કારણે થયો, એ જ રીતે કળિયુગનો અંત પણ ભ્રષ્ટાચારની પરાકાષ્ઠાએ અંદરો અંદરના વિદ્રોહને કારણે થશે. બ્રહ્મજ્ઞાન માટે હિંદુ સંસ્કૃતિમાં ઉત્તમોત્તમ શાસ્ત્રો છે, એટલે કે વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભાગવત ગીતા, અને શ્રીમદ્ ભાગવત, આ ઉપરાંત અન્ય ધર્મનાં ગ્રંથો હોઈ શકે, જે જીવને સ્પષ્ટપણે જીવ શિવનો તફાવત બતાવે, અને શિવ તરફ કઈ રીતે આગળ વધી શકાય, જીવ શિવ એકાકાર, કે મિલન કઈ રીતે થાય, આ બધું જ એ શાસ્ત્રોમાં છે, અને એનો અર્થ કરી શકીએ એટલાં તો સાક્ષર પણ છીએ. પરંતુ બે શ્લોક વચ્ચેનો શૂન્યાવકાશ પણ જ્યારે બોલે, અથવા તો એનો અર્થ પણ સમજાય ત્યારે શાસ્ત્ર આત્મસાત કર્યું એમ કહી શકાય, અને પછી જ્ઞાન વિશેની જે આશા જાગે તે જિજ્ઞાસા છે. પરંતુ વિજ્ઞાનની ચકાચૌંધમાં માનવી જ્ઞાન વિશેની જીજ્ઞાસા કરતાં બંધ થઇ ગયો છે, દેહથી આગળનું કે દેહની અંદરનું સત્ય તેને દેખાતું નથી, એટલે બહાર વિષમ પરિસ્થિતિમાં જીવનારા પ્રત્યે સંવેદના નથી, અને પોતે પોતાની જિંદગી વેડફી રહ્યો છે, એવી વેદના પણ નથી. અમુક વાત એવી હોય કે તેમાં ખુદની મરજી ન હોય તો કંઈ ન થઈ શકે, એટલે કે જાણકારી ઘણી છે, પરંતુ જ્ઞાન મેળવવા માટેની એકાદ ક્રિયા પણ સક્રિય થાય તો જ આ યાત્રા સંભવ બને. બીજી એક ભૂલ માનવીની એ છે કે પ્રાથમિક માથી હાઈસ્કૂલમાં, હાઈસ્કુલ માંથી કોલેજમાં, કોલેજમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરે, એટલે પોતે પૂર્ણ જ્ઞાની. પરંતુ એને અક્ષર જ્ઞાની કહેવાય. બ્રહ્મજ્ઞાન તો બધાંની વચ્ચે રહીને બધાંને સમસ્યા સાથે સ્વીકારવાથી મળે. ઈશ્વરનાં રૂપ સ્વરૂપની ધારણા કરી તેનું અનુસંધાન કરવું, અને ઈશ્વરને અન્યમા જોઈ અને તેની સાથે પ્રેમભર્યો સંબંધ કેળવીયે! આ બંનેમાં ઘણો તફાવત છે. એકમાં માત્ર કાલ્પનિક અનુભૂતિ છે, અને બીજામાં એના સાનિધ્યનો પણ અનુભવ ભળે છે. બ્રહ્મજ્ઞાનની જો સીધી સાદી વ્યાખ્યા કરવામાં આવે તો, સમય સંજોગ, કે સમસ્યાને સ્વીકારી સહજ થઈ શકવાની સમજ જેને પ્રાપ્ત થાય તે બધા જ બ્રહ્મજ્ઞાની છે, એમ કહી શકાય. આપણે જિજ્ઞાસા પ્રત્યે થોડા જાગૃત થઈએ, તેની તીવ્રતા વધારીએ, એ પ્રકારનું બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી જીવનને સરળ અને મધુર બનાવીએ, અહીં જ ઈશ્વરને અનુભવીએ, અને એકમેકમાં પરમાત્મ તત્વના દર્શન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો ભાગવતના શ્રવણથી, દર્શનથી, પૂજનથી પાપનો નાશ થાય છે**

# દુનિયામાં ફક્ત બે જ સાચી સંપત્તિ છે "પહેલો સમય છે" અને "બીજો શ્વાસ છે" તેથી જીવનનો ભરપૂર આનંદ માણો!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**એક વખત એકનાથ મહારાજ વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં દર્શન કરવા ગયા. એકનાથજીને લાયક પત્ની મળી હતી તેથી તેઓ ભગવાનનો ઉપકાર માને છે, એકનાથ મહારાજ કહે છે કે, મને સ્ત્રી સંગ નહીં પણ સત્સંગ મળ્યો છે, તમે અનુકૂળ પત્ની આપી છે, તેથી હું તમારું ભજન કરું છું, થોડીવાર પછી ત્યાં તુકારામ મહારાજ દર્શન કરવા આવ્યા.**

બારમી જૂન બે હજાર પચીસનો ગોઝારો મેઘાણી નગર ઘોડા કેમ્પમાં બસો બેતાલીસ માણસો સાથેનું વિમાન બપોરે ટેક ઓફની થોડી ક્ષણો બાદ ક્રેશ થતાં બસો એકતાલીસ વિમાનમાં રહેલ દેશ વિદેશના મુસાફરો, પાઈલોટ ક્રૂમેમ્બર, રેસિડન્ટ હોસ્ટેલના ડોક્ટરો આજુબાજુના રહીશો સહિત બસો નેવુથી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા ત્યાર પછી ના દિવસે જે સોશિયલ મીડિયામાં સાચું ખોટું આવે છે તેનાથી પ્રજા ત્રાહિમામ છે. બધા દુઃખી આ ઘટનાથી છે પણ હવે ભારત પાકિસ્તાનના થાય તો સારું ? તેવી પ્રાર્થના કરીએ.બાકી મૃતાત્માઓ અને તેમના પરિવાર માટે આખા દેશમાં શોકનીલાગણી ફેલાઈ છે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભાગવતના શ્રવણથી, દર્શનથી, પૂજનથી પાપનો નાશ થાય છે. શ્રીમદ્ ભાગવતના શ્રવણ માત્રથી સદગતિ મળે છે. દ્દષ્ટાંત વગર સિદ્ધાંત મનમાં ઠસતો નથી તેથી આત્મદેવ બ્રાહ્મણનું દ્દષ્ટાંત કહી કથા શ્રવણનો મહિમા સમજાવે છે. તુંગભદ્રા નદીના કિનારે એક ગામ હતું. ત્યાં આત્મદેવ નામનો એક બ્રાહ્મણ પોતાની પત્ની ધુંધલી સાથે રહેતો હતો. આત્મદેવ પવિત્ર હતો પણ આ ધુંધલી સ્વભાવની ક્રૂર,પારકી પંચાત કરવાવાળી અને ઝઘડાળુ સ્ત્રી હતી. આત્મદેવ નિઃસંતાન હતો. સંતતિના અભાવે તે દુઃખી હતો. તેથી તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. તે માટે તે વનમાં નદીકિનારે આવ્યો. ત્યાં તેને એક મહાત્મા મળ્યા. આત્મ દેવ મહાત્મા પાસે દુઃખ રડવા લાગ્યો કે, ખાવાનું ઘણું છે પણ ખાનાર કોઈ નથી, એટલે દુઃખી છું. તેથી આત્મહત્યા કરવા અહીં આવ્યો છું. મહાત્માએ કહ્યું: 'તારે પુત્ર નથી.એમાં ભગવાનની કૃપા છે. છોકરો ન થાય તો સમજવું કે ઠાકોરજીએ મારા હાથે જ બધું ધન વાપરવાનું મારા નસીબમાં લખ્યું છે, એટલા માટે મને પુત્ર આપ્યો નથી. તેથી ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેમાં આનંદ માનવો.' એક વખત એકનાથ મહારાજ વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં દર્શન કરવા ગયા. એકનાથજીને લાયક પત્ની મળી હતી તેથી તેઓ ભગવાનનો ઉપકાર માને છે. એકનાથ મહારાજ કહે છે કે, મને સ્ત્રી સંગ નહીં પણ સત્સંગ મળ્યો છે. તમે અનુકૂળ પત્ની આપી છે, તેથી હું તમારું ભજન કરું છું. થોડીવાર પછી ત્યાં તુકારામ મહારાજ દર્શન કરવા આવ્યા. તુકારામની પત્ની કર્કશા હતી છતાં તુકારામ મહારાજ આ સ્ત્રી આપવા બદલ ભગવાનનો ઉપકાર માને છે. કહે છે કે, તમે પ્રતિકૂળ પત્ની આપી છે એટલે તમારું ભજન કરું છું.સારી પત્ની મળી હોતતો હું તેની પાછળ પડત તમને ભૂલી જાત. એકનાથજીને અનુકૂળ પત્ની મળી છે તેથી આનંદ છે અને તુકારામનેપ્રતિકૂળ પત્ની મળી છે તોય આનંદ છે. નરસિંહ મહેતાના કુટુંબનો નાશ થયો છતાં મહેતાએ તેમાં આનંદ માન્યો અને ગાયું,'ભલું થયું ભાંગી જંજાળ,સુખે ભજીશું શ્રીગોપાળ 'એકની પત્ની અનુકૂળ,બીજાની પત્ની પ્રતિકૂળ, ત્રીજાની પત્નીનું મરણ તો પણ આ ત્રણે મહાત્મા ઓ આનંદ માને છે. વૈષ્ણવ તેનું નામ જે પ્રત્યેક પરિસ્થિતિમાં પરમાત્માની કૃપાનો અનુભવ કરે અને મનને શાંત રાખેમાતા પિતાને પુત્ર માટે બહુ ચિંતા હોય છે. પણ પુત્રેષ્ણા પાછળ અનેક વાસનાઓ આવે છે. પુત્રેષ્ણા અને પછી વિત્તેષણા અને પછી લોકેષણા જાગે છે. આત્મદેવે કહ્યું: 'મહારાજ, મને પુત્ર આપો. પુત્ર વિના પિતાની સદગતિ નથી.'મહાત્મા આત્મદેવ ને સમજાવે છે કે, ભાઈ, પુત્રથી જ સદગતિ થતી નથી કે પુત્રથી ભક્તિ મળતી નથી પુત્ર જ જો સદગતિ આપી શકતા હોય, તો લગભગ બધાને ત્યાં પુત્ર છે અને તેથી દરેકને સદગતિ મળી જાય. પિતા એવી આશા ન રાખે કે મારો પુત્ર શ્રાદ્ધ કરશે અને હું તરી જઈશ.મારે કાંઈ કરવાનું રહેતું નથી. શ્રાદ્ધ કરવાથી જીવ સારી યોનિમાં જાય એ ખરું, પણ એ જન્મમરણના ત્રાસમાંથી છૂટતા નથી.શ્રાદ્ધ કરવાની ના નથી. શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે, પણ શ્રાદ્ધથી ભક્તિ મળતી નથી.પિંડદાનનો અર્થ કોઈ સમજતા નથી. આ શરીરને પિંડ કહે છે,તેને પરમાત્મા ને અર્પણ કરવું તેનું નામ પિંડદાન. આ પ્રમાણે જીવન અર્પણ કરે તેનું પિંડદાન સાચું. બાકી માત્ર લોટના પિંડદાનથી ભક્તિ મળતી હોય, તો ઋષિમુનિઓ ધ્યાન, યોગ, જપ, તપ આદિ સાધનો કરે જ શા માટે? પોતાનું સત્કર્મ જ જીવન મરણના ત્રાસમાંથી માણસને છોડાવે છે, બીજાનું નહીં, જીવ પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે. ગીતામાં ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે, પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો, અને પોતાને અધોગતિમાં લઈ જનાર કાંઈ હોય તો તે પણ પોતે જ છે. જીવનનો ઉદ્ધાર જીવ પોતે ન કરે, તો તેનો ઉદ્ધાર બીજું કોણ કરવાનું હતું? મનુષ્યનો પોતાના સિવાય બીજો કોણ મોટો હિતકારી હોઈ શકે? જો તે પોતાનું શ્રેય જાતે ન કરી લે, તો પુત્ર વગેરે શું કરવાના હતા? પોતે કરવાનું પોતે ન કરવું અને દીકરા કરશે એમ માનવું એ કેવી વાત? શ્રુતિ તો કહે છે કે, ઈશ્વરનો અપ રોક્ષ અનુભવ ન થાય, જ્ઞાન ન થાય,ત્યાં સુધી ભક્તિ મળતી નથી, મરતાં પહેલાં જે ભગવાનને ઓળખે છે તેને ભક્તિ મળે છે. પરમાત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર કર્યા વગર ભક્તિ મળતી નથી. સાક્ષાત્કારથી જ માણસ મૃત્યુને ઓળંગી જાય છે, જીતી જાય છે. આ સિવાય બીજો કોઈ માર્ગ છે જ નહીં.ભગવાનને જાણ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. બાકી કેવળ શ્રાદ્ધ કરવાથી કાંઈ ભક્તિ મળતી નથી.હાં,તમારું પિંડદાન, એટલે કે આ તમારું શરીર પરમાત્માને અર્પણ કરશો તો તમારું કલ્યાણ થશે. તમારું પિંડદાન તમારે હાથે કરો એ જ ઉત્તમ છે. જે પિંડમાં છે તે બ્રહ્માંડમાં છે. નિશ્ચય કરો કે, આ શરીર-પિંડ પરમાત્માને અર્પણ કરવો છે. તારું પિંડદાન તું તારા હાથે જ કરી નાખ! ઘરમાં જે છે તે બધું વાપરી નાખ અનેનારાયણ નારાયણ કર! મહાત્માનો આવો સુંદર બોધ આત્મદેવને ગમ્યો નહીં. તેણે દુરાગ્રહ કર્યો કે, મને પુત્ર આપો, નહીંતર હું પ્રાણત્યાગ કરીશ. મહાત્માને દયા આવી. તેમણે એક ફળ આપ્યું અને કહ્યું,આ ફળ તારી સ્ત્રીને આપજે. તારે ત્યાં લાયક પુત્ર થશે. આત્મદેવ તે ફળ લઈને ઘરે આવ્યો અને ફળ પોતાની પત્નીને આપ્યું. ધુંધલીએ વિચાર કર્યો,ફળ ખાઈશ તો સગર્ભા થઈશ અને દુઃખી થઈશ. કોણ એ પીડામાં પડે! એટલે તેણે પોતાની બહેનને વાત કરી,બહેનને સલાહ આપીકે,મને બાળકથવાનું છે તે હું તને આપી જઈશ.તું માત્ર સગર્ભા હોવાનું નાટક કર! ધુંધલીને ફળ તો જોઈએ છે પણ દુઃખ જોઈતું નથી.આ મનુષ્ય સ્વભાવ છે. સુખ તો જોઈએ પણ વિના પ્રયત્ને, વિના દુઃખે, મનુષ્યને પુણ્ય કરવું નથી અને પુણ્યનું ફળ જોઈએ છે, પાપ કરવું છે અને પાપનું ફળ જોઈતું નથી. ધુંધલીએ તે ફળ ગાયને ખવડાવી દીધું, ને નાટક કર્યું. છેવટે બહેનનો છોકરો લઈ આવી જાહેર કર્યું કે મને પુત્ર થયો છે. ધુંધલીએ પુત્રનું નામ ધુંધુકારી રાખ્યું. આ બાજુ જે ગાયને ફળ ખવડાવેલું તે ગાયને મનુષ્યકારનું ગાય જેવા કાનવાળું બાળક થયું. તેનું નામ ગોકર્ણ રાખવામાં આવ્યું. બાળકો મોટા થયાં. ગોકર્ણ પંડિત અને જ્ઞાની થયો.ધુંધુકારી દુષ્ટ નીકળ્યો. ભાગવતની કથા ત્રણ પ્રકારે વિચારવાની છેઃ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક. માનવ કાયા એ તુંગભદ્રા છે. ભદ્રા એટલે કલ્યાણ કરનારી અને તુંગ એટલે વધારે. પુષ્કળ કલ્યાણ કરનારી નદી એ તુંગભદ્રા. તે જ મનુષ્ય શરીર. માનવકાયા દ્વારા મનુષ્ય આત્મદેવ થઈ શકે છે. આત્માનો દેવ બને તે આત્મદેવ. આત્મદેવ તે જીવાત્મા છે. આપણે બધા આત્મદેવ છીએ. નર જ નારાયણ બને. મનુષ્ય શરીરમાં રહેલો જીવ દેવ બની શકે છે અને બીજાને પણ દેવ બનાવી શકે છે. પશુઓ પોતાના શરીરથી કલ્યાણ કરી શકતાં નથી મનુષ્ય બુદ્ધિવાળુ પ્રાણી હોવાથી પોતાના શરીરથી પોતાનું તેમજ બીજાઓનું કલ્યાણ કરી શકે છે. ધૂંવાફૂવા કરનારી,કુતર્કો કરનારી, વિના શ્રમે સુખની આશારાખનારી ધુંધલી તે બુદ્ધિ છે. દરેકના ઘરમાં, દરેકના મનમાં આ ધુંધલી છે. એ પારકી પંચાત કરે છે. પણ હું કોણ છું, મારો ઘણી કોણ છે,એનો વિચાર કરતી નથી. અહીં કથામાં પણ એ તોફાન કરે છે. બુદ્ધિ સાથે આત્માનું લગ્ન થયું પણ જ્યાં સુધી તેને કોઈ મહાત્મા ન મળે, સત્સંગ ન થાય,ત્યાં સુધી વિવેકરૂપી પુત્રનો જન્મ થતો નથી. વિવેક એ જ આત્માનો પુત્ર. જેના ઘરે વિવેકરૂપી પુત્ર નથી તે સંસાર નદીમાં ડૂબી જાય છે તેથી તો આત્મદેવ ગંગાકિનારે ડૂબી મરવા જાય છે. દેવ બનવાની અને બીજાને દેવ બનાવવાની શક્તિ આત્મામાં છે, પણ આત્મશક્તિને ભાન કરાવ્યું, ત્યારે તેને પોતાના સ્વરૂપનું ભાન થયું. આત્મશક્તિ સત્સંગથી જાગૃત થાય છે.

# મોહનલાલ દૃશ્યમ 3 ફિલ્મ માટે શૂટ શરૂ કરશે

## અજયની જે ફિલ્મે લોકોને ઘેલા કરેલાં એ ફિલ્મ 'દૃષ્યમ' મૂળ મલયાલમ ફિલ્મની રિમેક હતી

અજય દેવગનની જે ફિલ્મે લોકોને ઘેલા કરેલાં એ ફિલ્મ 'દૃષ્યમ' મૂળ મલયાલમ ફિલ્મની રિમેક હતી. હવે મોહનલાલની આ ફિલ્મનો ત્રીજો ભાગ આવવાનો છે, તેની ઘણા સમયથી ચર્ચા ચાલે છે. મલયાલમ દૃષ્યમ સિરીઝની આ ત્રીજી ફિલ્મ છે. આ ફિલ્મનો બીજો ભાગ કોવિડના કારણે સીધો ઓટીટી પર જ રિલીઝ થયો હતો. તેથી આ ફિલ્મ વિશે ઘણી ઉત્સુકતા છે. આ ફિલ્મ થોડાં વખત પહેલાં જાહેર થઈ હતી, હવે સપ્ટેમ્બર મહિનામાં ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ રહ્યું છે. અજય દેવગનની જે ફિલ્મે લોકોને ઘેલા કરેલાં એ ફિલ્મ 'દૃષ્યમ' મૂળ મલયાલમ ફિલ્મની રિમેક હતી મોહનલાલ આ ફિલ્મમાં લીડ રોલમાં છે. તાજેતરમાં જ મોહનલાલની 'એલટુ:એમપુરાણ', 'થુડારમ' બને ફિલ્મ ઘણી સારી ચાલી છે. આ બંને ફિલ્મે વર્લ્ડ વાઈડ ૨૦૦ કરોડ પુરા કર્યા છે. ત્યારે આ ફિલ્મની સફળતાથી તેની 'દૃશ્યમ ૩' અંગે ઘણી ઉત્સુકતા છે.એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મ તેમના કૅરીઅર માટે પણ મહત્વની છે. પરંતુ આ ફિલ્મની સફળતા તેની વાર્તા અને ઓડિયન્સને ફિલ્મ કેવી લાગે છે, તેના પર આધારીત છે. સાથે આ ફિલ્મની કાસ્ટ પણ મજબૂત છે, તેથી આ ફિલ્મ બ્લોકબસ્ટર રહેશે, એવી અપેક્ષા છે. રસપ્રદ વાત એ પણ છે કે આ ફિલ્મ આ વખતે વિવિધ ભાષાઓમાં રિલીઝ થવાની છે. મોહનલાલની લોકપ્રિયતાને કારણે પણ આ ફિલ્મ સાથે ઘણી અપેક્ષાઓ છે. આ ફિલ્મ આગળની બે ફિલ્મ કરતાં વધુ થ્રિલિંગ હશે એવી ચર્ચા છે. દર્શકોની અપેક્ષાના કારણે ટીમ પણ વધારે મહેનત કરી રહી છે. આ ફિલ્મ હિન્દી સહીતની ભાષાઓમાં રિલીઝ થવાની હોવાથી અજય દેવગનની ફિલ્મ પર સવાલ હજુ પણ અકબંધ છે.



# લોકો હવે મને એક સફળ એક્ટ્રેસ પણ ગણતાં નથી

## સમંથા છેલ્લે એમેઝોન પ્રાઇમ પર આવેલી સિરીઝ સિટાડેલઃ હનીબનીમાં જોવા મળી હતી

સમંથા રુથ પ્રભુએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં પોતાની સફળતાની સમજ કેટલી બદલાઈ છે, તે અંગે વાત કરી હતી. તેણે પોતાની વિચારધારામાં શું પરિવર્તન આવ્યું એ અંગે પણ વાત કરી હતી. સમંથાની છેલ્લી ફિલ્મ ૨૦૨૩માં આવેલી 'ખુશી' હતી. સમંથાએ કહ્યું, ''આજે, સફળતાની મારી વ્યાખ્યા આઝાદી છે. બે વર્ષનો બ્રેક લઈ શકું એટલી આઝાદી. છેલ્લા બે વર્ષમાં મારી એક પણ ફિલ્મ આવી નથી. વિકસવાની, એક બીબાંમાં બંધ ન થઈ જવાની આઝઆદી.''સમંથા છેલ્લે એમેઝોન પ્રાઇમ પર આવેલી સિરીઝ સિટાડેલઃ હનીબનીમાં જોવા મળી હતી. તેણે કહ્યું કે તેના આઝાદીની ભાવના તેની પોતાની જાતની એક સ્પેસ ખડી કરવા અંગે છે, તેણે પોતાનો રસ્તો પોતે બનાવ્યો છે. બે વર્ષથી કામ ન કર્યું હોવા છતાં સમંથા હાલ પોતાને વધુ સફળ માને છે. આ અંગે સમંથાએ કહ્યું, ''આજકાલ કદાચ ઘણા લોકો મને પહેલાંની સરખામણીએ સફળ ગણશે નહીં. પરંતુ મારા મનમાં હું પહેલાં ક્યારેય પણ હતી, તેનાં કરતાં મારી જાતને વધુ સફળ માનું છું. આજકાલ હું જે કંઈ કરું છું તે મારા જીવનના કારણ સાથે સારી રીતે મેળ ખાય છે અને મને વધુ યોગ્ય લાગે છે, તેથી આજે હું દરરોજ વધુ ઉત્સાહ સાથે ઉઠું છું. બહારના લોકો મારી નોંધ લે એ વાતને હવે હું સફળતા માનતો નથી. હવે મારા કામ અને જીવનમાં મારા મુલ્યો કઈ રીતે દેખાય છે, તેમાં મને સફળતા અનુભવાય છે.''સમંથાની આવનારી ફિલ્મની વાત કરીએ તો, તેની રાજ એન્ડ ડીકેની એક્શન ફેન્ટસી સિરીઝ રક્ત બ્રમ્હાંડઃ ધ બ્લડી કિંડમ, નેટફ્લિક્સ પર આવવાની છે. સાથે તે રાજ નિદિમોરુ સાથે રિલેશનશીપ માં હોવાની પણ બીજી તરફ ચર્ચા ચાલે છે. સમંથા છેલ્લે એમેઝોન પ્રાઇમ પર આવેલી સિરીઝ સિટાડેલઃ હનીબનીમાં જોવા મળી હતી તેણે પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યુ છે, તરલા મુવિંગ પિક્ચર્સ, તેની પહેલી ફિલ્મ શુભમ આ વર્ષે મે મહિનામાં રિલીઝ થશે.



# પ્રિયંકા ચોપરા, એસ.રાજામૌલી અને મહેશબાબુ આફ્રિકામાં શૂટ કરશે

પ્રિયંકા ચોપરા જોનાસ અને મહેશ બાબુ એસ.એસ. રાજામૌલીની ફિલ્મમાં એકસાથે કામ કરી રહ્યાં છે અને તેઓ લાંબા સમયથી શૂટ કરી રહ્યાં છે. તેમણે થોડાં વખત પહેલાં ઓરિસ્સામાં પણ શૂટ કર્યુ હતું, ત્યાર બાદ તેઓ સમર વેકેશન બ્રેક પર હતાં. એક તરફ મહેશબાબુ અને પ્રિયંકાએ વેકેશન લીધું તો બીજી તરફ રાજામૌલી પોતાની ફિલ્મ 'આરઆરઆર' પરની ડોક્યુમેન્ટરી 'બિહાઈન્ડ એન્ડ બિયોન્ડ' નેટફ્લિક્સ પર જાપાનમાં રિલીઝ થવાની છે, તેના પ્રમોશન માટે જાપાન ગયા હતા. તાજેતરના અહેવાલો મુજબ હવે તેમણે ફરી શૂટિંગ શરૂ કરી દીધું છે. મહેશ બાબુ અને પ્રિયંકા ચોપરા જુલાઈથી કેન્યામાં શૂટિંગ શરૂ કરશે. ખરેખર તો આ શૂટ માર્ચમાં શરૂ થવાનું હતું પરંતુ તેમણે આ શૂટ રીશીડ્યુલ કરવું પડ્યું. હવે આ ફિલ્મના શૂટિંગ માટે ફિલ્મનું સમગ્ર ક્રૂ અને કાસ્ટ ઈસ્ટ આફ્રિકા જશે. એવી ચર્ચા છે કે, ફિલ્મ શૂટિંગનો આ તબક્કો સૌથી મહત્વનો રહેશે. કારણ કે આ શિડ્યુલમાં આફ્રિકાના ગાઢ જંગલોમાં ફિલ્મની મહત્વની એક્શન સિક્વન્સ શૂટ થશે. રાજામૌલી પોતાની ફિલ્મમાં વૈભવી સેટ અને મોટા દૃષ્યો માટે જાણીતા છે. ત્યારે ઓરિસ્સા અને આફ્રિકા જેવા સ્થળો પર શૂટ થયેલી ફિલ્મ રસપ્રદ અને તાજગીસભ હશે એવી અપેક્ષા છે. સાથે જ ઈસ્ટ આફ્રિકા પણ તેની ભૌગોલિક સ્થિતિ અને વાઈલ્ડલાઈફ માટે જાણીતું છે. ભારતમાં કોરાપુટ, ઓરિસ્સા, આંધ્ર પ્રદેશમાં બોરા કેવ્ઝમાં શૂટ કર્યા પછી રાજામૌલી કેન્યા પહોંચ્યા છે. આ એક જંગલ એડવેન્ચર ફિલ્મ છે. આ ફિલ્મ માટે ખાસ અદભુત કુદરતી સૌંદર્ય ધરાવતા સ્થળો શોધવામાં આવ્યા હતા. આફ્રિકામાં મસાઈ મારા, અંબોસેલી અને સાવો નેશનલ પાર્ક જેવા સ્થળો પર શૂટ થશે.



### પ્લેન ક્રેશ મુદ્દે તેમણે વ્યક્ત કર્યું દુઃખ

# અભિનેતા સલમાન ખાને શેર કર્યો પ્લેનનો 'ડરામણો અનુભવ'

અમદાવાદમાં થયેલી પ્લેન ક્રેશ દુર્ઘટનાએ દેશભરના લોકોને ગમગીન કર્યા છે. સૌથી કોઈ મૃતકોને શ્રદ્ધાંજલિ આપીને તેના પરિવારને સાંત્વના આપી રહ્યાં છે. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે લોકોનો આત્મા કકળી ઉઠ્યો હતો. આ દરમિયાન હવે બોલીવુડ અભિનેતા સલમાન ખાને મૃતકો માટે દુઃખ વ્યક્ત કર્યુ અને પોતાનો એક કાર્યક્રમ રદ કરી દીધો છે.મૃતકો માટે દુઃખ વ્યક્ત કરવાની સાથે સાથે સલમાન ખાને એક અનુભવ પણ શેર કર્યો છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં પ્લેનમાં સલમાન ખાનને એક ડરામણો અનુભવ થો હતો જે ઘટનાને આજે અભિનેતાએ યાદ કરી છે.ફેબ્રુઆરીમાં સલમાન ખાન સોનાક્ષી સિન્હા અને તેના નાના ભાઈ સોહેલ ખાન સાથે એક એવોર્ડ શોમાંથી પાછો આવી રહ્યો હતો. જ્યારે સલમાન ખાન વિમાનમાં સફર કરી રહ્યો હતો ત્યારે વિમાન ભારે તોફાન વચ્ચેથી પસાર થયું હતું. ચોંકાવનારી વાત એ છે તેની ફ્લાઈટે ૪૫ મિનિટ સુધી તેજ તોફાન વચ્ચે રહી હતી.આ ઘટનાને યાદ કરતા સલમાન ખાને કહ્યું કે, 'આ દિવસ ખૂબ જ ડરામણો હતો. અમે આઈફા શ્રીલંકાથી પાછા આવી રહ્યાં હતા. બધા હસી રહ્યા હતા અને અચાનક વિમાન હલવા લાગ્યું હતું. પહેલા તો લાખ્યું કે બધુ બરોબર છે પરંતુ પછી હાલત વધારે ખરાબ થઈ ગઈ હતી.જ્યારે મેં સોહેલ સામે જોયું ત્યારે તે ઊંઘી રહ્યો હતો'. વધુમાં સલમાને કહ્યું કે, જ્યારે તેણે એર હોસ્ટેસને પ્રાર્થના કરતા જોઈએ ત્યારે હાલત ખૂબ જ ખરાબ થઈ અને ડરી ગયો હતો.આ દરમિયાન સલામન ખાનને લાગ્યું કે, હાલત વધારે ગંભીર છે.

# સિદ્ધાંત ચતુર્વેદીનું શે સૂ-બિન સાથે કોરીયન ઇન્ડસ્ટ્રીમાં ડેબ્યુ

## ઓડિયન્સને આ પ્રેમ અને ચાર્મ બહુ ખાસ પસંદ પડ્યા નથી

બોલિવૂડ એક્ટર સિદ્ધાંત ચતુર્વેદીએ કોરિયન ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું છે. પરંતુ આ વાત પર તેના ફૅન્સ ખુશ થવાથી વધારે કન્ફ્યુઝ થયા છે. તાજેતરમાં સિદ્ધાંત ચતુર્વેદીએ કે-ડ્રામાની જાણીતી એક્ટ્રેસ શે સૂ બિન સાથે ક્રોક્સ જાપાન માટે એક નવી એડ શૂટ કરી છે. જેમાં તે વરસાદમાં રોમાન્સ કરતો જોવા મળે છે. આ એડ શરૂ થાય છે, ત્યારે સૂ બિન વરસાદમાં ભીંજાતી રસ્તા પરથી પસાર થતી હોય છે, ત્યારે તેની બાજુમાંથી સિદ્ધાંતની ગાડી તેજ ગતિએ પસાર થાય છે. તેના છાંટા સૂ બિન પર ઉડે છે. થોડો આગળ જઈને તેની ગાડી પંચર થાય છપે અને તે ઉભો હોય છે, ત્યારે સૂ બિન ત્યાં પહોંચે છે, ત્યારે તે સિદ્ધાંતને છત્રી ધરે છે. પછી બંને એક રોમેન્ટિક વોક પર જાય છે.આ એડમાં બોલિવૂડની વરસાદી મોસમની અસર દેખાય છે, પરંતુ ઓડિયન્સને આ પ્રેમ અને ચાર્મ બહુ ખાસ પસંદ પડ્યા નથી. તેમને સોશિયલ મીડિયા પર બહુ ખાસ પ્રતિસાદ મળ્યો નથી. જાપાની ક્રોક્સની એડનું ભારતમાં શૂટ થયું અને તેની હિરોઈન કોરીયન આ કોમ્બિનેશન જ લોકોને વિચિત્ર લાગે છે. કોઈ કેશોમાં દેખાતો હોય એવો સિદ્ધાંત પહેલો કલાકાર છે, એ વાતથી તેના ફૅન્સ ખુશ છે, પરંતુ તેના મેકઅપમાં લોકોને મજા આવી નહીં. લોકોને લાગે છે કે કે શો જેવો ક્યુટ લૂક આપવા માટે સિદ્ધાંતને જાણે વ્હાઈટ વોશ કરી દીધો હોય એવું લાગે છે. લોકોને લાગે છે કે સિદ્ધાંતનો લૂક જાણે આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સથી બનાવાયો છે. તો એક તરફ લોકોમાં કોરિયન શો અને બીટીએસના ક્રેઝ અને ટ્રેન્ડ્ના પણ વખાણ થયા છે.





કાંતારાની સફળતા બાદડાયરેક્ટર-મુખ્ય એક્ટર ઋષભએ આ ફિલ્મ બનાવવાની મંજૂરી લીધી હતી

# ઋષભ શેટ્ટી સહિત 30 ક્રૂ મેમ્બર્સને લઈ જતી બોટ પલટી, જાનહાનિ ટળી

સાઉથ સુપર સ્ટાર ઋષભ શેટ્ટીની ફિલ્મ કાંતારા ચેપ્ટર ૧ના મેકર્સ હાલમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ફિલ્મના શૂટિંગ દરમિયાન સતત કોઈને કોઈ દુર્ઘટના બનતી રહે છે. હાલમાં જ શૂટિંગ દરમિયાન જ એક્ટર કલાભવન નીજૂનું નિધન થયું છે. તો હવે ફિલ્મના શૂટિંગ દરમિયાન એક બોટ પલટી ખાઈ ગઈ હતી. જેમાં રિપોર્ટ પ્રમાણે ૩૦ ક્રૂ મેમ્બર સવાર હતા. આ દુર્ઘટના શિવમોગા જિલ્લાના મસ્તી કટ્ટે વિસ્તારમાં આવેલા મણિ જળાશયમાં બની હતી. જો કે પોલીસના જણાવ્યા પ્રમાણે આ દુર્ઘટનામાં તમામ લોકો સુરક્ષિત છે અને કોઈ પણ પ્રકારનું નુકસાન થયાના સમાચાર નથી. કાંતારાની સફળતા બાદ ફિલ્મ ડાયરેક્ટર અને મુખ્ય એક્ટર ઋષભ શેટ્ટીએ આ ફિલ્મ બનાવવાની મંજૂરી લીધી હતી. પરંતું મે મહિનામાંથી આ ફિલ્મના શૂટિંગ દરમિયાન કોઈને કોઈ દુર્ઘટના બનતી જોવા મળી રહી છે. બોટ પલટી જવાની આ દુર્ઘટનામાં ભલે કોઈ વ્યક્તિને ઈજા નથી થઈ, પરંતુ આ દરમિયાન મોંઘા કેમેરા અને અન્ય મોંઘો સામાન પાણીમાં ડુબી ગયો છે. પોલીસે હાલમાં આ દુર્ઘટના અંગે વધુ તપાસ કરી રહી છે. મીડિયા સાથે વાત કરતાં રામદાસ પુજારીએ કહ્યું કે, સાઉથ કન્નડની આત્માઓ પર ફિલ્મ બનાવવી હંમેશા જોખમી રહી છે. તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે, ત્યાંના આત્માઓ તેમની પ્રવૃત્તિઓનું વ્યાપારીકરણ કરવાનું પસંદ નથી કરતી. પરંતુ ઋષભ શેટ્ટીએ આ ફિલ્મનું શૂટિંગ કરતા પહેલા દેવતાની પૂજા પણ કરી હતી અને તેમણે આ ફિલ્મના શૂટિંગ માટે પરવાનગી પણ લીધી હતી. કાંતારાની સફળતા બાદ ફિલ્મ ડાયરેક્ટર અને મુખ્ય એક્ટર ઋષભ શેટ્ટીએ આ ફિલ્મ બનાવવાની મંજૂરી લીધી હતી.




### 'સિતારે ઝમીન પર'ને સૂચવેલા કટથી અસહમત

# આમિરની સિતારેં ઝમીન પરની રિલીઝ મુશ્કેલમાં મુકાઈ શકે છે

## નિયમ મુજબ સેન્સર બોર્ડનાં સર્ટિફિકેટ વિના કોઈ પણ સિનેમાહોલના માલિકો ટિકિટ વેંચી શકતા નથી

આમિર ખાનની 'સિતારેં ઝમીન પર'ને રિલીઝને થોડાં દિવસ બચ્યા છે અને ફિલ્મ ઘણા દિવસથી ચર્ચામાં છે. એક તરફ આ વખતે આમિર ફિલ્મને પૂર જોશમાં પ્રમોટ કરવા મેદાને ઉતર્યો છે, બીજી તરફ તેના આ ફિલ્મને કોઈ પણ ઓટીટી પ્લેટફર્મ પર રિલીઝ નહીં કરવાના નિર્ણયને લઈને પણ ફિલ્મ ચર્ચામાં છે. ત્યારે આ ફિલ્મ વિશે વધુ એક ચર્ચા શરૂ થઈ છે. ફિલ્મ રિલીઝ થવાને હવે ગણતરીના દિવસો બાકી છે, આમિર ખાને ફિલ્મ સેન્સર બોર્ડની મંજુરી માટે મોકલી હતી. જેમાં સેન્સર બોર્ડે બે જગ્યાએ કટ સૂચવ્યા છે.સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ''સેન્સર બોર્ડ દ્વારા બે જગ્યાએ કટ સૂચવાયા છે. પણ આમિરને લાગે છજ કે ફિલ્મ આ કટ વિના જ પાસ થઈ જવી જોઈએ. તેણે અને આર.એસ પ્રસન્નાએ ઘણા વિચાર વિમર્શ પછી આ ફિલ્મ બનાવી છે. કેટલાંક સીન અને ડાયલોગ, તેનાં સંદર્ભ સાથે જોવામાં આવે તો બિલકુલ યોગ્ય છે.'' જોકે, સેન્સર બોર્ડે ક્યાં અને કેવા કટ કહ્યા એ અંગે હજુ કોઈ માહિતી નથી.સુત્રએ આગળ કહ્યું, ''આમિર ખાન આ કટ સાથે સહમત નથી તેથી ફિલ્મને હજુ સુધી સેન્સર તરફથી સર્ટિફિકેટ મળ્યું નથી. આમર હવે સેન્સર બોર્ડની કમિટીને સોમવાપે ફરી મળીને તેમને પોતાનો દૃષ્ટિકોણ સમજાવવા માગે છે. તેથી આશા છે કે સીબીએફસી તેની સાથે સહમત થઈ જાય અને ફિલ્મને ૧૬ જૂને મંજુરી મળી શકે. તે થઈ જાય પછી જ ફિલ્મનું એડવાન્સ બૂકિંગ શરૂ થઈ શકશે. નિયમ મુજબ સેન્સર બોર્ડનાં સર્ટિફિકેટ વિના કોઈ પણ સિનેમાહોલના માલિકો ટિકિટ વેંચી શકતા નથી.'' રસપ્રદ વાત એવી છે કે આમિરની ફિલ્મ 'સિતારેં ઝમીન પર'ને બ્રિટિશ સેન્સર બોર્ડ તરફથી મંજુરી મળી ગઈ છે, જે બ્રિટિશ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન કહેવાય છે, તેમણે આ ફિલ્મને ૧૨-એ સર્ટિફિકેટ આપ્યું છે. નિયમ મુજબ સેન્સર બોર્ડનાં સર્ટિફિકેટ વિના કોઈ પણ સિનેમાહોલના માલિકો ટિકિટ વેંચી શકતા નથી તેમની વેબસાઈટ પર એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ ફિલ્મમાં એવા દૃષ્યો છે, જેમાં ભેદભાવ અને સામાન્ય સેક્સના સંદર્ભ દર્શાવાયા છે. તેમાં એવું પણ લખ્યું છે કે આ ફિલ્મ ૨ કલાક અને ૩૫ મિનિટની છે.આ ફિલ્મમાં જેનિલિયા દેશમુખ પણ છે અને તે ૨૦ જૂને દુનિયાભરમાં રિલીઝ થવાની છે. આ પહેલાં આમિરનું આયોજન એવું હતું કે ફિલ્મને નિયંત્રિત સ્ક્રીનમાં રિલીઝ કરીને પછી સમયાંતરે તેની માગ વધતાં તેના સ્ક્રીન વધારવામાં આવે. પરંતુ હવેના અહેવાલો અનુસાર એવો અંદાજ છે કે હવે આમિર આ ફિલ્મ ૩૦૦૦થી ૩૫૦૦ સ્ક્રીનમાં રિલીઝ કરશે. કારણ કે આમિરની યોજના સાથે ફિલ્મ એક્ઝિબિટર્સ સહમત નથી. તેથી હવે દર્શકોને બસ એક જ આશા છે કે, આમિર અને સેન્સર બોર્ડ વચ્ચે ટક્કર વણસે નહીં અને ફિલ્મ સમયસર રિલીઝ થઈ જાય.




# ઇમ્તિઆઝની શર્વરી, વેદાંગ-દિલજિત સાથે ફિલ્મની જાહેરાત

## ઇમ્તિઆઝ અલીએ કહ્યું, આ એક છોકરા અને છોકરીની સ્ટોરી છે, પણ અમાં દેશની વાત પણ છે

ઈમ્તિઆઝ અલી પોતાની અલગ પ્રકારની વાર્તાઓ સાથે ભારતીય સિનેમામાં પ્રેમને નવી વ્યાખ્યા આપવા માટે જાણીતા ફિલ્મ મેકર છે, તેમણે હવે એક નવી ફિલ્મની જાહેરાત કરી છે. ફરી એક વખત આ ફિલ્મ પ્રેમ, વિરહ અને ઓળખની વાત કરતી ફિલ્મ હશે, જે ૨૦૨૬ની બૈસાખી પર રિલીઝ થશે. ઓગસ્ટ ૨૦૨૬માં જ આ ફિલ્મનું શૂટિંગ શરુ થઈ જશે. તેમાં પણ આ વખથે દિલજિત દોસાંજ, નસિરુદ્દીન શાહ, વેદાંગ રૈના અને શર્વરી વાઘ મુખ્ય રોલમાં હશે. આ એક આજના સમયે માનવ સંબંધિત લાગણીઓની, મુશ્કેલીઓની વાત છે, જે દર્શકોને સ્પર્ષી જશે. ઈમ્તિઆઝ અલી તેમની પોતાની શૈલીમાં લાગણીસભર ફિલ્મ બનાવશે, જેનો વિષય વાસ્તવિક હશે અને કાવ્યાત્મક પણ હશે. ઈમ્તિઆઝ અલી આ ફિલ્મ વિશે કહ્યું કે આ ફિલ્મનું 'હદય ઘણું વિશાળ હશે' અને 'અંગત હોવા છતાં તેનો ફલક વિશાળ' હશે. ઈમ્તિઆઝ અલીએ કહ્યું, ઈમ્તિઆઝ અલીએ શર્વરી, વેદાંગ રૈના અને દિલજિત સાથે ફિલ્મની જાહેરાત કરી ''આ એક છોકરા - છોકરીની સ્ટોરી છે, પણ અમાં દેશની વાત પણ છે.'' જ્યારે ફિલ્મની ભાવનાત્મક વાત કરતા કવિ મોમિનનું એક વાક્ય ટાંકતા ઈમ્તિઆઝ અલીએ કહ્યું, ''તુમ મેરે પાસ હોતે હો ગોયા, જબ કોઈ દુસરા નહીં હોતા'' શું પ્રેમ ખરેખર ખોવાઈ શકે? શું કોઈ કોઈના મનમાંથી ઘરને દૂર કરી શકે? ઈમ્તિઆઝ અલી તેમની પોતાની શૈલીમાં લાગણીસભર ફિલ્મ બનાવશે, ઈમ્તિઆઝ અલીએ કહ્યું, આ એક છોકરા અને છોકરીની સ્ટોરી છે, પણ અમાં દેશની વાત પણ છે, ફરી એક વખત આ ફિલ્મમાં ઈમ્તિઆઝ અલી, ઈર્શાદ કામિલ અને એ.આર.રહેમાનની ત્રિપુટીનું સંગીત જોવા સાંભળવામાં દર્શકોને મજા આવશે. આ પહેલાં રોકસ્ટાર, હાઈવે અને તમાશામાં તેમનું સંગીત લોકોને ઘણું પસંદ પડ્યું છે. આ ફિલ્મ ૨૦૨૬ની બૈસાખી પર રિલીઝ થવાની છે, ત્યારે આ ફિલ્મ તહેવારોના માહોલમાં ફિલ્મ વધુ સારી ચાલશે એવી આશા છે, બાકી હજુ આ ફિલ્મના નામ અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. આ ફિલ્મમાં હાસ્ય, દુઃખ, પરંપરાઓ, આધુનિકતા, લાગણીઓ અને સામાજિક રાજકીય દૃષ્ટિકોણ પણ જોવા મળશે. ટૂંક સમયમાં ફિલ્મનું કામ શરૂ થઈ જશે.



# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા દર્દીઓના ખબર અંતર પૂછ્યા અને સ્વજનોને સાંત્વના પાઠવી

## રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી સમગ્ર કામગીરીની સમીક્ષા કરતાં મુખ્યમંત્રીશ્રી



। અમદાવાદ, તા.૧૬ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વિમાન દુર્ઘટનાના પીડિતોને મળી તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને હતભાગીઓના પરિવારજનોની મુલાકાત લઈ, તેમને સાંત્વના પાઠવી હતી. ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ મંત્રીશ્રીઓ તથા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપ્યાં હતાં.

અમદાવાદ ખાતે ગત તા. ૧૨ જૂનના રોજ થયેલી વિમાન દુર્ઘટના બાદ આરોગ્ય વિભાગ અને સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા સતત ખડેપગે રહીને ઈજાગ્રસ્તોને સારવાર આપવાની તેમજ હતભાગીઓના ડીએનએ મેપિંગથી માંડીને તેમના નશ્વર દેહ પરિજનોને સોંપવાની કામગીરી કરવામાં આવી રહી છે. દરમિયાન, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જ્યાં તેઓએ હોસ્પિટલના D2 બ્લોક ખાતે કાર્યાન્વિત કરાયેલા વેરિફિકેશન રૂમની મુલાકાત લીધી હતી તેમજ સારવાર લઈ રહેલા દર્દીઓના સ્વજનોને સાંત્વના પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ DNA નમૂના મેપિંગની સમગ્ર પ્રક્રિયા અને તેની બારીકીઓથી માહિતગાર થયા હતા અને અધિકારીઓને ઈજાગ્રસ્તોને ઝડપી રાહત, સંપૂર્ણ તપાસ અને પીડિતો તથા તેમના પરિવારોને વ્યાપક સહાય સુનિશ્ચિત કરવા જરૂરી નિર્દેશો આપ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના મંત્રીશ્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી હતી. જ્યાં તેમણે તમામ ઈજાગ્રસ્તોને આવશ્યક તમામ સેવાઓ અને હતભાગીઓના પરિવારજનોને તમામ પ્રકારની સહાય પૂરી પાડવા જરૂરી સૂચનાઓ આપી હતી.

આ સમયે રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, રાજ્ય પોલીસવડા શ્રી વિકાસ સહાય, સચિવશ્રીઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો, સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ સહિત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વરસાદી વાતાવરણમાં પણ સિવિલ હોસ્પિટલ ખાતે પરિવારજનોને સ્વજનોના પાર્થિવ દેહ સોંપવાની કામગીરી યથાવત

## પરિવારજનો માટે બેસવા અને પ્રતીક્ષા માટે તંત્ર દ્વારા કરવામાં આવી છે વિશાળ ડોમની વ્યવસ્થા





। અમદાવાદ, તા.૧૬ ।

શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે પણ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પ્લેન કેશના હતભાગીઓના પાર્થિવ દેહ પરિવારજનોને સોંપવાની કામગીરી ત્વરાભેર ચાલી રહી છે. ડીએનએ મેચિંગ અને વેરિફિકેશન બાદ સિવિલ ૧૨૦૦ બેડ હોસ્પિટલની સામે આવેલા નવા પોસ્ટમોર્ટમ બિલ્ડિંગ ખાતેથી પરિવારજનોને પાર્થિવ દેહોની સોંપણી કરવામાં આવે છે.

વહીવટી તંત્ર દ્વારા નવા પોસ્ટમોર્ટમ કોમ્પ્લેક્સની બહાર વિશાળ ડોમ બનાવવામાં આવ્યો છે. જેમાં મૃતદેહો સ્વીકારવા આવતા પરિવારજનો માટે બેસવાની અને વિશ્રામની વ્યવસ્થા કરવામાં આવી છે. ડોમમાં પીવાના પાણી તથા પંખા અને કૂલરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ડોમની પાસે જ મોબાઈલ ટોઈલેટ વાન સહિતની પ્રાથમિક સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

આ ઉપરાંત, તંત્ર અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ડોમમાં રાહ જોઈ રહેલા પરિવારજનો માટે ચા, નાસ્તા, પાણી, ભોજન વગેરેની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

નશ્વર દેહ સોંપણી માટે તૈયાર થાય ત્યારે પરિવારજનોને ડોમ પાસે આવેલા કૉમ્પ્લેક્સ પાસે લઈ જવામાં આવે છે અને ત્યાંથી પોલીસ કર્મી અને એમ્બ્યુલન્સ સાથે પાર્થિવ દેહને રવાના કરવામાં આવે છે.

# વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ ખંભોળજના આકાશ પુરોહિતનો નશ્વર દેહ તેમના પરિજનોને સોંપાયો

## સાંસદ મિતેશભાઈ પટેલ સહિતના પદાધિકારીઓએ પુષ્પાંજલિ આપીને પરિવારજનોને આપી સાંત્વના



। અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદ ખાતે ગત દિવસોમાં થયેલી વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર આણંદ જિલ્લાના મૃતકોના પાર્થિવ દેહની ઓળખ થતા આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ તંત્ર તરફથી તેમના પરિજનોને સોંપવામાં આવ્યા હતા. જે અંતર્ગત આણંદ તાલુકાના ખંભોળજ ગામના રહેવાસી અને પ્લેન ક્રેશ દુર્ઘટનાના ૨૫ વર્ષીય યુવાન મૃતક આકાશ પુરોહિતનો મૃતદેહ તેમના સ્વજનોને સોંપાયો હતો.

આ પ્રસંગે સાંસદ શ્રી મિતેશભાઈ પટેલે મૃતક આકાશ પુરોહિતના નશ્વર દેહને પુષ્પાંજલિ આપીને તેમના સ્વજનોને સાંત્વના આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા વહીવટી તંત્રએ કરેલી વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે નિયુક્ત અધિકારીઓ મૃતકના સ્વજનો સાથે મૃતદેહ લેવા માટે ગયા હતા. પ્રત્યેક પાર્થિવ દેહને લાવવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ, પોલીસની બે ગાડી તેમજ મૃતકના સ્વજનો માટે એક અલાયદી ગાડીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

DNA સેમ્પલિંગની પ્રક્રિયાથી લઈને પાર્થિવ દેહ સોંપવાની અને અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધીની તમામ ક્રિયાઓમાં જિલ્લા વહીવટી તંત્રના નિયુક્ત અધિકારીઓ મૃતકોના પરિજનોની સાથે સહાનુભૂતિ પૂર્વક રહ્યા હતા.

આ સમયે પ્રસંગે જિલ્લા પદાધિકારીઓ તથા અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમદાવાદના પ્લેન ક્રેશ ઘટનામાં મૃતકોને સુરતની સિવિલ હોસ્પિટલમા નર્સિંગ એસો. દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ





। સુરત, તા.૧૬ ।

૧૨મી જૂનના રોજ અમદાવાદમાં પ્લેન ક્રેશની મોટી દુર્ઘટના સર્જાય હતી. મૃતકોના આત્માની શાંતિ અર્થે નર્સિંગ એસો. દ્વારા નવી સિવિલના કિડની બિલ્ડીંગ ખાતે કેન્ડલ સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.જેમાં મેડિકલ કોલેજના ડિન ડો.જયેશ બ્રહ્મભટ્ટ, સુપ્રિટેન્ડન્ટ ડો. ધારિત્રી પરમાર, આરએમઓ ડો. કેતન નાયક, નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલા, ટી.બી ચેસ્ટ વિભાગના વડા ડો. પારૂલ વડગામા સહિત રેસીડન્ટ તબીબો, નર્સિંગ એઓ.ના હોદ્દેદારો નર્સિંગ વિદ્યાર્થીઓએ શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી.

# જિલ્લા કક્ષાએ ધોરણ ૧ અને ૨ માટે ત્રિદિવસીય માસ્ટર ટ્રેનર્સ તાલીમનો સફળ આયોજન



। વડોદરા, તા.૧૬ ।

રાજ્યના તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકા તથા ધોરણ ૧ અને ૨ના બાળકો માટે શૈક્ષણિક સાહિત્ય અને અધ્યયન સામગ્રી વર્ષ ૨૦૨૪-૨૫થી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અને નિપુણ ભારત મિશન અંતર્ગત આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં વધુ અસરકારક રીતે શિક્ષણ આપવા માટે શિક્ષકોને સજ્જ બનાવવા જિલ્લા કક્ષાએ ત્રિદિવસીય બિન નિવાસી તાલીમનું આયોજન કરવામાં આવ્યું. તા. ૧૧ થી ૧૩ જૂન, ૨૦૨૫ દરમિયાન ડાયટ, વડોદરા ખાતે યોજાયેલી આ તાલીમમાં ૮૬ જેટલા માસ્ટર ટ્રેનર્સે ભાગ લીધો હતો.

રાજ્ય કક્ષાએથી નિમણૂક કરાયેલા રિસોર્સ પર્સન્સ દ્વારા તાલીમ આપવામાં આવી. જિ.પ્રા.શિક્ષણાધિકારી શ્રી મહેશ પાંડેના માર્ગદર્શન હેઠળ યોજાયેલી તાલીમના પ્રથમ દિવસે તેમણે સ્વયં હાજરી આપી તાલીમાર્થીઓને પ્રેરણા આપી. રાજ્ય કક્ષાના નાયબ નિયામક શ્રી બી.ડી. બારિયા તથા KRP શ્રીમતી નિતલબેન પંચાલે પણ હાજરી આપી માર્ગદર્શન પૂરું પાડ્યું.

તાલીમના બીજા દિવસે સ્ટેટ રિસોર્સ પર્સન શ્રી અતુલભાઈ પંચાલે બંને વર્ગોની મુલાકાત લઈને તાલીમની કાર્યપ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો અને શાળાઓમાં શૈક્ષણિક સામગ્રીના અસરકારક ઉપયોગ માટે સૂચનાઓ આપી.

આ તાલીમના સફળ સંચાલનમાં શ્રી રાકેશ સુથાર (એ.ડી.પી.સી., વડોદરા), શ્રી અલ્પેશ ગોહિલ (બી.આર.સી. કો-ઓર્ડિનેટર) તથા ઉદઘોષક તરીકે શ્રી મુકેશ શર્મા (સી.આર.સી. કો-ઓ.) ની મહત્વપૂર્ણ ભૂમિકા રહી. હવે તાલુકા કક્ષાએ તમામ શિક્ષકો માટે તાલીમના સત્રો આયોજિત થશે, જેથી દરેક બાળક માટે અભ્યાસ વધુ રસપ્રદ અને પ્રવૃત્તિ આધારિત બની શકે.

# હિંમતનગરના જામળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન શિબીર યોજાઇ




। સાબરકાંઠા, તા.૧૬ ।

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરના જામળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. રાજ સુતરીયા અને તાલુકા હેલ્થ અધિકારીશ્રી ડૉ. રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ GMERS હિંમતનગરના સહયોગથી રક્તદાન શિબીર યોજાઈ હતી. આ રક્તદાન શિબીરમાં ૫૨ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જરૂરતમંદોને તાત્કાલિક અને સમયસર લોહી પુરૂ પાડી શકાય તેવા આશયથી આ રક્તદાન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબીરમાં PHC સ્ટાફ તથા ગ્રામજનો ઉપસ્થિતિ રહ્યા હતા.

# ગુજરાત પોલીસ ભરતીની લેખિત પરીક્ષા ૯૫.૮૦% ઉમેદવારોએ આપી

। ગાંધીનગર, તા.૧૬ ।

આજે તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, આણંદ અને ગાંધીનગર ખાતે યોજાઈ હતી. પોલીસ વિભાગ તથા શિક્ષણ વિભાગના સંકલનમાં પરીક્ષાલક્ષી સાહિત્ય તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે સમય પહોચાડી, સફળતાપૂર્વક પરીક્ષા પૂર્ણ કરેલ છે. આ પરીક્ષામાં કુલ-૨૪૭૮૦૪ ઉમેદવારો પૈકી ૨૩૭૩૭૨ ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક પરીક્ષામાં ભાગ લીધેલ છે. હાજર રહેલ ઉમેદવારોની ટકાવારી ૯૫.૮૦% છે. પરીક્ષામાં ગેરરીતિના ચાર બનાવ બનેલ છે. જે બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. હાજર રહેલ ઉમેદવારોની OMR શીટની સ્કેનીંગ અંગેની કાર્યવાહી ચાલુમાં છે. જે ટૂંક સમયમાં ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવનાર છે.

# સિવિલ હોસ્પિટલ રાજ્ય સરકારનું એકમ, અહીં અપાતી સેવાઓ નિઃશુલ્ક : ડો. રજનીશ પટેલ

। અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રજનીશ પટેલે અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતોના પરિવારજનો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અપીલ કરી છે.

તેમણે જણાવ્યું છે કે, દુઃખની આ ઘડીમાં કેટલાક તકસાધુ તત્વો પરિવારોની મજબૂરીનો લાભ ઉઠાવીને છેતરપિંડી કરવાનો પ્રયાસ કરી શકે છે, જે અંગે સૌએ સાવધ રહેવું અનિવાર્ય છે.

ડૉ. પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, "અમદાવાદ સિવિલ હોસ્પિટલ એ ગુજરાત સરકારનું એકમ છે અને અહીં દર્દીઓને અપાતી તમામ આરોગ્ય સુવિધાઓ તેમજ અન્ય સેવાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. હાલમાં ચાલી રહેલી પાર્થિવ દેહ સોંપવાની સંવેદનશીલ પ્રક્રિયા સહિત કોઈપણ કામગીરી માટે હોસ્પિટલ તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારનો ચાર્જ કે ફી વસૂલવામાં આવતી નથી." તેમણે પરિવારોને ચેતવણી આપતા ઉમેર્યું કે, "જો કોઈ પણ વ્યક્તિ તમને ફોન કરીને હોસ્પિટલના નામે પાર્થિવ દેહ સોંપવાની પ્રક્રિયા ઝડપી બનાવવા, કોઈ સુવિધા આપવા કે અન્ય કોઈ કારણોસર પૈસાની માંગણી કરે, તો તે ફોન કોલ સંપૂર્ણપણે ફ્રોડ અને બોગસ સમજવો. આવા લેભાગુ તત્વોથી સાવચેત રહેવા તમામ પરિવારોને અમારી નમ્ર અપીલ છે."

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. શેર-સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે પણ લાંબા ગાળે નુકસાન પણ કરાવી શકે છે તેથી સાવચેત રહેવું. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે નિરાશા અને ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. પારિવારિક પ્રસંગમાં નવા મિત્રો બનશે.પણ તમારી પસંદગીમાં સાવચેત રહેજો. સારા મિત્રો ખજાના જેવા હોય છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ. કાર્યસ્થળે ઊભા થનારા વિરોધ સામે ખાસ કરીને ચોકસાઈભર્યા અને હિંમતવાન બનો.

**કર્ક (ડ,હ) :**

આજે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે. મહિલા સહકર્મચારીઓનો સારો સહકાર મળશે તથા તમારા અધૂરાં કામ પૂરાં કરવામાં મદદ કરશે. તમારા દેખાવ અને વ્યક્તિત્વને નીખારવા કરેલા પ્રયત્નો તમારા સંતોષ મુજબનું પરિણામ આપશે.

**સિંહ (મ,ટ) :**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે! તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. તમેએવી કોઈક મોટા બાબતનો હિસ્સો બનશો જે તમને સરાહના તથા વળતર બંને મેળવી આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

**તુલા (ર,ત) :**

આજથી જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. ગ્રહ નક્ષત્રોની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્રક્ષ રાખવી જોઈઓ સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો! તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો.

**ધન (ભ,ધ,ફ) :**

જીવનમાં તમે જેમ છો તેમ જ રહેજો ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. આજે તમારા માતા પિતામાં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે! સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો.

**મકર (ખ,જ) :**

આજે સવારથી જ તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે-તમને પાળવામાં મુશ્કેલી પડે તેવા વચનો આપતા નહીં.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે.

## ન્યુઝ બોક્ષ

### નાસિકમાં પત્નીએ પતિના ટુકડા કરી લાશ ઘરમાં દફનાવી દીધી



। (એજન્સી) નાસિક, તા.૧૬ ।

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના સુરગાળા તાલુકામાં એક હદયદ્રાવક ઘટના બની છે. આ ઘટનામાં પત્નીએ પતિની હત્યા કરીને તેની લાશના અનેક ટુકડા કરીને ઘરમાં દફનાવી દીધા હતા. કુહાડીનો ઘા મારી મહિલાએ જેરીતે પોતાના પતિની ક્રૂર હત્યા કરી છે તેની ચર્ચા સમગ્ર વિસ્તારમાં થઈ રહી છે. લોકોમાં દહેશતનો પણ માહોલ છે. ઈન્દોરના રાજા રઘુવંશી હત્યાકાંડનો મામલો તાજો જ છે ત્યારે આ હત્યાકાંડે વધુ એક ચર્ચા જગાવી છે. જોકે આ ઘટનામાં પત્નીએ પતિની હત્યા કેમ કરી હતી તે મામલે પોલીસ તપાસ કરી રહી છે. પતિની હત્યાની વાત પત્નીએ બે મહિના સુધી છુપાવી રાખી હતી. મૃતકનું નામ યશવંત મોહન ઠાકરે છે. તે માલગોંદા સુરગાળાનો રહેવાસી હતો. યશવંતના માતા-પિતાએ પોતાના ગુમ પુત્ર અંગે વહુને પૂછપરછ કરી ત્યારે વહૂએ ગોળ-ગોળ જવાબ આપતાં મામલો ખુલ્યો હતો. યશવંત બે મહિના અગાઉ જ ગુજરાતમાં મજૂરી કામ માટે આવ્યો હતો અને પાછો ગયો ન હતો. વહુએ સીધો જવાબ ન આપતાં માતા-પિતાએ પોલીસ ફરિયાદ કરી હતી. વહુ ગુજરાતના બિલિમોરા આવી ગઈ હતી.

### પત્ની પ્રેમી સાથે ભાગી, પતિએ પ્રેમીના માતાની હત્યા કરી



। (એજન્સી) કાસગંજ, તા.૧૬ ।

ઉત્તરપ્રદેશના કાસગંજ જિલ્લામાં એક ખતરનાક ઘટના બની છે. અહીં એક મહિલાને તેનો પ્રેમી ભગાડીને લઈ ગયો હતો. જેના કારણે ગુસ્સે ભરાયેલા મહિલાના પતિએ તેના પ્રેમીની માતાની હત્યા કરી દીધી હતી. આ દરમિયાન બચાવમાં આવેલી પ્રેમીની બહેન પણ ગંભીર રીતે ઘાયલ થઈ છે. પોલીસે પતિની ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી છે.પત્નીને લઈ જવાના ગુસ્સામાં યુવકે પોતાના સાથીઓ સાથે મળીને પત્નીના પ્રેમીની માતાનું પાવડાથી ગળા કાપીને હત્યા કરી દીધી. આ ઘટના શનિવારે બની હતી. આ ઘટનાની જાણ થતાં જિલ્લાના એસએસપી અને સીઓ ફોર્સની સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફોરેન્સિક ટીમને પણ બોલાવી હતી. તપાસ પછી પોલીસે મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે મોકલ્યા છે.

### ક્રેશ થયેલા વિમાનના બંને એન્જિન નવા હતા, તેમાં કોઈ ખામી ન હતી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અમદાવાદમાં ગુરુવારે એર ઈન્ડિયાનું બે એન્જિનનું બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન એરપોર્ટ પરથી ટેકઓફ થતા સેકન્ડોમાં તૂટી પડયું હતું. આ વિમાનના બંને એન્જિનમાં કોઈ ખામી નહોતી. વિમાનના મેઈન્ટેનન્સની વ્યાપક તપાસ જૂન ૨૦૨૩માં કરાઈ હતી તેમ એર ઈન્ડિયાના અધિકારીઓએ કહ્યું છે. આ સાથે કંપનીએ કહ્યું કે, ડીજીસીએના નિર્દેશો મુજબ બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરના નવ વિમાનોની સુરક્ષા તપાસ થઈ ગઈ છે અને બાકીના ૨૪ વિમાનોની સુરક્ષા તપાસ ચાલી રહી છે. અમદાવાદમાં ગુરુવારે એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૧૭૧ એરપોર્ટ નજીક તૂટી પડતાં ૨૭૦ લોકોનાં મોત નીપજ્યાં હતા. વિમાનમાં બે એન્જિન હોવા છતાં અકસ્માત સર્જાતા તેને અબજો કલાકોમાંની એક ઘટના તરીકે વર્ણવવામાં આવી રહી છે, જેને પગલે વિમાનના એન્જિનમાં ટેકનિકલ ખામી હોવાની શંકા ઊભી થઈ હતી.

---

**ટ્રમ્પે રવિવારે ઈઝરાયેલ અને ઈરાનને પ્રવર્તમાન અઘોષિત યુદ્ધના મામલે શાંતિ સ્થાપવા અપીલ કરી છે**

# ભારત-પાક.ની જેમ ઈઝરાયેલ-ઈરાન વચ્ચે પણ યુદ્ધવિરામ કરાવીશ: ટ્રમ્પની શેખી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક વખત મધ્યસ્થીનો રાગ આલાપ્યો છે. ટ્રમ્પે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ કરાવવાનો દાવો કર્યો છે. યુએસ પ્રમુખે અગાઉ ભારત-પાકિસ્તાન વચ્ચેના ઘર્ષણમાં પણ પોતે મધ્યસ્થી કરાવી હોવાનો જશ લીધો હતો. ટ્રમ્પે રવિવારે ઈઝરાયેલ અને ઈરાનને પ્રવર્તમાન અઘોષિત યુદ્ધના મામલે શાંતિ સ્થાપવા અપીલ કરી છે. આમ યુએસ પ્રમુખની બેવડી નીતિ ખુલી પડી રહી છે. અગાઉ ટ્રમ્પે ઈરાનને પરમાણુ સોદો નહીં કરે તો ઈઝરાયેલ વધુ હુમલા કરશે તેવી ધમકી આપી હતી અને હવે તે મધ્યપૂર્વના બંને દુશ્મન દેશો વચ્ચે શાંતિની અપીલ કરી રહ્યા છે. ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે



યુદ્ધવિરામ કરાવવા માટે ટ્રમ્પે ભારત અને પાકિસ્તાનનું ઉદાહરણ ટાંક્યું હતું. આમ ટ્રમ્પે વધુ એક વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા ઘર્ષણને શાંત પાડવામાં પોતાની ભૂમિકા હોવાનો ઉલ્લેખ કર્યો હતો. ટ્રમ્પે હવે ઈઝરાયેલ અને ઈરાનને શાંતિ સ્થાપવા માટે અપીલ કરી છે. જ્યારે યુએસ પ્રમુખે અગાઉ જણાવ્યું હતું કે, જો ઈરાન અમેરિકાની મિલકોને નિશાન બનાવે છે તો અમેરિકાનું લશ્કર કાર્યવાહી કરી શકે છે અને ઈરાને ગંભીર પરિણામ ભોગવવું પડશે. ટ્રમ્પે રવિવારે આ કડક વલણથી ગુલાટી મારી હતી અને જણાવ્યું કે, બંને દેશો વચ્ચે સંખ્યાબંધ ટેલિફોનિક વાતચીત અને બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ટ્રમ્પે રવિવારે ઈઝરાયેલ અને ઈરાનને પ્રવર્તમાન અઘોષિત યુદ્ધના મામલે શાંતિ સ્થાપવા અપીલ કરી છે, ટૂંક સમયમાં જ શાંતિ સ્થાપવાનો રસ્તો શોધી લેવાશે. ટ્રમ્પે તેના પ્રમુખ તરીકેના પ્રથમ કાર્યકાળમાં કેટલાક દેશો વચ્ચે લશ્કરી તણાવનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, આ માટે તેમના ઉત્તરાધિકારી જો બાઈડેનની નીતિઓ જવાબદાર છે.

**ટ્રમ્પની બેવડી નીતિ ખુલ્લી પડી**



---

**લોકોએ કહ્યું- અમેરિકાના સૈનિકો અડધી ઊંઘમાં છે**

# દુનિયાની સૌથી શક્તિશાળી સેનાની પરેડનું ભારે ટ્રોલિંગ

**અમેરિકન સેનાના ૨૫૦માં સ્થાપના દિવસ નિમિત્તે આ પરેડ ૧૪ જૂનના દિવસે વોશિંગ્ટન ડી.સીમાં આયોજિત કરાઈ હતી**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

હાલ સોશિયલ મીડિયા પર અમેરિકન સેનાની એક માર્ચનો વીડિયો ખૂબ ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. આ પરેડ ૧૪ જૂન, ૨૦૨૫ના દિવસે વૉશિંગ્ટન ડી.સીમાં આયોજિત કરવામાં આવી હતી, જે અમેરિકન સેનાના ૨૫૦માં સ્થાપના દિવસ નિમિત્તે રાખવામાં આવી હતી. સામાન્ય રૂપે જ્યારે સેનાની પરેડની વાત થાય તો તે શિસ્ત, એક જેવી ચાલ અને તાલમેલની આશા રાખવામાં આવે, પરંતુ આ વખતે દુનિયાના સૌથી શક્તિશાળી દેશની સેનાની પરેડે લોકોને ચોંકાવી દીધા છે. આ પરેડનું આયોજન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૭૯મા જન્મદિવસ નિમિત્તે કરવામાં



આવ્યું હતું. ટ્રમ્પ લાંબા સમયથી ભવ્ય લશ્કરી પરેડનું સ્વપ્ન જોતા હતા, જેમ કે ઘણીવાર રશિયા અથવા ઉત્તર કોરિયામાં જોવા મળે છે. જ્યારે આ પરેડ થઈ ત્યારે ટ્રમ્પ વ્હાઈટ હાઉસની બહાર એક સ્ટેજ પર ઉભા હતા અને ટેક્ર, વિમાન અને લગભગ ૭,૦૦૦ સૈનિકોની માર્ચને સલામી આપી રહ્યા હતા. અમેરિકન આર્મીના મતે, આ પરેડનો ખર્ચ લગભગ ૪૫ મિલિયન ડૉલર (લગભગ ૩૭૫ કરોડ રૂપિયા) હતો. જોકે, ઘણા દર્શકો અને સોશિયલ મીડિયા યુઝર્સે આ પરેડને નીરસ ગણાવી હતી. ન તો ભીડ હતી, ન તો ઉત્સાહ હતો, ન તો તાલમેલ હતો. કેટલાક લોકોએ કહ્યું કે, એવું લાગે છે જાણે અમેરિકાના સૈનિકો અડધી ઊંઘમાં છે. પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને લેખક એન્ડર્સ અસલુન્ડે આ પરેડને ટ્રમ્પ માટે મોટી શરમ ગણાવી. તેમણે લખ્યું કે, અમેરિકન સૈનિકો માર્ચ કેવી રીતે કરવી તે નથી જાણતા અને તેને કરવામાં ઉત્સાહ પણ નથી બતાવી રહ્યા. એક યુઝરે કટાક્ષ કરતા કહ્યું કે, જાણે અમેરિકન સૈનિકોને પગાર નથી મળ્યો. એટલે જ તેમના પગમાં જોશ નથી જોવા મળતો.

---

**દેશની વિવિધ કોર્ટોમાં ૧૮ લાખથી વધુ ક્રિમિનલ કેસોનો ભરાવો**

# સુપ્રીમ કોર્ટની મંજૂરી છતા એડ-હોક જજોની નિમણૂકમાં હાઈકોર્ટો નિષ્ક્રિય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

દેશમાં કોર્ટમાં પડતર ગુનાહિત કેસોનો ઝડપી નિકાલ થઈ શકે તે હેતુથી એડ-હોક જજની નિમણૂક કરવા સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી હોવા છતા હાઈકોર્ટ તેમની નિમણૂકમાં નિષ્ક્રિય હોવાનું સરકાર પાસે ઉપલબ્ધ વિગતો પરથી જણાય છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં જજની નિમણૂકથી વાકેફ લોકોના મતે પડતર કેસોના નિકાલ કરવા એડ-હોક જજ તરીકે નિવૃત્ત જજના નામની ભલામણ એકપણ હાઈકોર્ટની કોલેજિયમ દ્વારા અત્યાર સુધી કરવામાં આવી નથી. દેશમાં કુલ ૨૫ હાઈકોર્ટ આવેલી છે. ૧૧ જૂન સુધીમાં એકપણ હાઈકોર્ટ કોલેજિયમે કેન્દ્રીય કાયદા મંત્રાલયને એકપણ દરખાસ્ત મોકલી નથી.દેશની વિવિધ કોર્ટોમાં ૧૮ લાખથી વધુ ક્રિમિનલ કેસોનો બેકલોગ હોવાથી સુપ્રીમ કોર્ટે ૩૦ જાન્યુઆરીના રોજ હાઈકોર્ટોને તેમની કુલ મંજૂર કરાયેલી સંખ્યાના ૧૦ ટકાથી વધું ના થાય તે રીતે એડ-હોક ન્યાયાધીશોની નિમણૂક કરવા મંજૂરી આપી હતી. બંધારણની કલમ ૨૨૪એ હેઠળ પડતર કેસોના ભરાવાના ઉકેલ



માટે હાઈકોર્ટમાં નિવૃત્ત જજની એડ-હોક જજ તરીકે નિમણૂક કરી શકાય છે. નિયત કરાયેલી વ્યવસ્થા મુજબ જે તે રાજ્યની હાઈકોર્ટની કોલેજિયમ કાયદા મંત્રાલયના ન્યાય વિભાગને હાઈકોર્ટ જજની નિમણૂક કરવા ભલામણ અથવા ઉમેદવારનું નામ મોકલી શકે છે. ત્યારબાદ ન્યાય વિભાગ પોતાના તરફથી જરૂરી વિગતો ઉમેરીને સુપ્રીમ કોર્ટ કોલજિયમને વિગતો મોકલી આપે છે. સુપ્રીમ કોર્ટ કોલેજિયમ હાઈકોર્ટ જજની નિમણૂક અંગે અંતિમ નિર્ણય લે છે અને પસંદ કરાયેલા ઉમદવારને જજ નિયુક્ત કરવા સરકારને ભલામણ કરે છે. રાષ્ટ્રપતિ દ્વારા નવા જજની નિયુક્તિના વોરન્ટ પર હસ્તાક્ષર કરાય છે.

---



સાયપ્રસના નિકોસિયામાં રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ અને વડાપ્રધાન મોદીએ ભારત-સાયપ્રસ સંબંધોની સંપૂર્ણ શ્રેણીને આવરી લેતા વ્યાપક વાટાઘાટો કરી.

---

# વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭માં ભારતનું સંપૂર્ણ શેડ્યૂલ

। (એજન્સી) દુબઈ, તા.૧૬ ।

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની નવી સિઝન માટે ICC દ્વારા શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. ૧૭ જૂનથી શ્રીલંકા બાંગ્લાદેશ વચ્ચે શરૂ થનારી ટેસ્ટ સિરીઝ સાથે નવી WTC સિઝનની શરૂઆત થશે. બંને ટીમો વચ્ચેની આ મેચ ગાલેમાં રમાશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૩-૨૫ ચક્ર ૧૪ જૂનના રોજ સમાપ્ત થયું. દક્ષિણ આફ્રિકાએ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના નવા ચક્રમાં ઓસ્ટ્રેલિયા સૌથી વધુ ટેસ્ટ મેચ રમશે. તેના નામે ૨૨ મેચ હશે. ઈંગ્લેન્ડ ૨૧ મેચ સાથે બીજા સ્થાને છે. આ બે ક્રિકેટ પાવરહાઉસ ૨૦૨૫ના અંતમાં ઓસ્ટ્રેલિયામાં એશિઝ શ્રેણીમાં એકબીજાનો સામનો કરશે. ભારત ૨૦ જૂને શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ તેના વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અભિયાનની શરૂઆત કરશે. ભારતીય ટીમ આ ચક્ર દરમિયાન કુલ ૧૮ ટેસ્ટ મેચ રમશે. આમાં વેસ્ટ ઈન્ડિઝ, દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સામેની હોમ સિરીઝનો સમાવેશ થાય છે. ઉપરાંત, ટીમને ઈંગ્લેન્ડ, શ્રીલંકા અને ન્યુઝીલેન્ડની ધરતી પર ટેસ્ટ સિરીઝ રમવાની છે.

---

**મેં ક્યારેય કેપ્ટન બનવાનું વિચાર્યું ન હતું : ગિલ**

# પહેલું લક્ષ્ય ટીમના માહોલને ખેલાડીઓ માટે સુરક્ષિત બનાવવાનો છે : ગિલ

**હું ક્રિકેટ શીખી રહ્યો હતો, ત્યારે હું માત્ર ટીમ માટે રમવા અને ભારતને મેચ જીતાવવા વિશે જ વિચારતો હતોઃ શુભમન ગિલ**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી શરૂ થતાં પહેલાં શુભમન ગિલે કહ્યું હતું કે, રોહિત શર્મા અને વિરાટ કોહલીમાં લીડરશીપના કયા ગુણો છે, જે તેમને ગમ્યા હોય અને તેઓ તેમને કેપ્ટન તરીકે અપનાવવા માંગે છે. ગિલે એમ પણ કહ્યું હતું કે, તેમનો પહેલું લક્ષ્ય ટીમના માહોલને ખેલાડીઓ માટે સુરક્ષિત બનાવવાનો છે. શુભમન ગિલે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, મેં ક્યારેય કેપ્ટન બનવાનું વિચાર્યું ન હતું. જ્યારે હું ક્રિકેટ શીખી રહ્યો હતો, ત્યારે હું માત્ર ટીમ ઈન્ડિયા માટે રમવા અને ભારતને મેચ જીતાવવા વિશે જ વિચારતો હતો. પૂર્વ ભારતીય ક્રિકેટર દિનેશ કાર્તિકે શુભમન ગિલનો ઈન્ટરવ્યું લીધો હતો, જેમાં તેમણે સૌથી પહેલા પૂછ્યું કે, તમે કેપ્ટન તરીકે ટીમને ક્યા લઈ જવા માંગો છો? કોઈ સ્પેશિયલ ટ્રોફી અથવા કોઈ





ખાસ લક્ષ્ય કે, જે તમે નક્કી કર્યુ હોય? આ પ્રશ્નના જવાબમાં શુભમન ગિલે કહ્યું કે, ટ્રોફી સિવાય, હું ટીમમાં એવો માહોલ, એવું કલ્ચર બનાવવા માંગુ છું, કે, જ્યાં દરેક સુરક્ષિત અને આનંદ અનુભવે. એવું વાતાવરણ બનાવવું મુશ્કેલ હોઈ શકે છે, કારણ કે, અમે એટલી મેચ રમીએ છીએ, અલગ અલગ ટીમો છે. પરંતુ હું કરી શકું, તો આ કરીશ, આ મારુ લક્ષ્ય છે. દિનેશ કાર્તિકે પૂછ્યું કે, તમે રોહિત શર્મા, વિરાટ કોહલીની સાથે રમ્યા છો. એક લીડર તરીકે તમે તેમનામાંથી શું શીખ્યા? તેના જવાબમાં ગિલે કહ્યું કે, જ્યારે હું વિરાટ ભાઈની કેપ્ટનશીપમાં રમ્યો હતો, ત્યારે ટેસ્ટમાં મેદાન પર તેમની સક્રિયતા, તેમના વિચારો આ બધી બાબતો મને પસંદ આવતી અને હું તે શીખ્યો. જેમ કે જો કોઈ પ્લાન કામ ન આવે તો, તેમની પાસે બીજો પ્લાન તૈયાર હોતો. તે બોલરો સાથે વાત કરતો હતો કે, તે તેમની પાસેથી શું ઈચ્છે છે. હું તેને આક્રમક નહીં કહું, પરંતુ ટેક્નિકલી રીતે તે આક્રમક કેપ્ટન હતા અને તે એવા લોકોમાંથી એક હતા જેઓ પોતાની વાતચીત સ્પષ્ટ રાખતા હતા. રોહિત શર્મા વિશે વાત કરતાં ગિલે કહ્યું કે, તેમણે ટીમમાં એવું વાતાવરણ બનાવી રાખ્યું હતું કે, જો તે તમને ગાળો આપે તો પણ તેને કોઈ દિલ પર નહોતા લેતા. આ તેમની પર્સનાલિટી હતી, જે ખૂબ જ શાનદાર હતી. જો તેઓ તમારા પર ગુસ્સા પણ કરે તો દિલથી ન કરતાં, તેઓ બસ ટીમના હિત વિશે વિચારીને કહેતા.

---

**મંગેતરે આપી ખાસ ગિફ્ટ, કિંમત જાણીને ચોંકી જશો**

# સગાઈ બાદ પહેલીવાર સાસરિયામાં પહોંચ્યો ભારતીય ક્રિકેટર રિંકુ સિંહ

**ક્રિકેટર રિંકુ સિંહે આ મહિનાની શરૂઆતમાં સમાજવાદી પાર્ટીની સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ કરી લીધી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

આઈપીએલમાં પોતાની આક્રમક બેટિંગ માટે જાણીતા ભારતીય ક્રિકેટર રિંકુ સિંહે આ મહિનાની શરૂઆતમાં સમાજવાદી પાર્ટીની સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ કરી લીધી હતી. બંને વચ્ચે સંબંધની વાત સામે આવ્યાં બાદથી જ ફેન્સ તેની સગાઈને લઈને ઘણાં ઉત્સાહિત હતા. બધા આ કપલને એક સાથે જોવા માગતા હતા અને ૮ જૂને જ્યારે રિંકુ સિંહ અને પ્રિયા સરોજની તસવીર સામે આવી તો ચારે કોર તેની ચર્ચા થવા લાગી. સગાઈ બાદ પહેલીવાર રિંકુ સિંહ સાસરિયામાં પહોંચ્યો હોય તેવો વીડિયો સામે આવ્યો છે. તેને પ્રિયા સરોજ તરફથી ખૂબ જ ખાસ ગિફ્ટ મળી છે. ભારતીય ક્રિકેટર અને કોલકાતા નાઈટ રાઈડર્સના સ્ટાર ખેલાડી રિંકુ સિંહે પોતાની જિંદગીની નવી શરૂઆત કરી છે. તેણે ઉત્તર પ્રદેશના મછલીશહરથી સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ કરી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં રિંકુ સિંહનું તેની સાસુ ફૂલોની



પાંખડીઓથી સ્વાગત કરતી જોવા મળી રહી છે. આ વીડિયોમાં રિંકુની મંગેતર પ્રિયા સરોજ તેને એક લાલ ગુલાબ ભેટ કરે છે. પ્રિયાએ રિંકુને આપેલુ લાલ ગુલાબ ભલે પૈસાની દ્રષ્ટિએ વધુ કિંમતી ન હોય, પરંતુ આ તેના વચ્ચેના પ્રેમ સંબંધનું પ્રતીક છે. રિંકુનું પ્રિયાના પરિવારમાં સ્વાગત બંને પરિવારો વચ્ચેનો પ્રેમ દર્શાવે છે. ખૂબ જ સાદુ જીવન જીવનાર રિંકુ સિંહ પોતાના સાસરિયામાં એક સાધારણ કાળા ટીશર્ટમાં પહોંચ્યો હતો. ગેટ પર તેની સાસુએ રિંકુ સિંહને તિલક લગાવીને તેનું સ્વાગત કર્યુ. રિંકુ સિંહ અને પ્રિયા સરોજની પ્રેમ કહાની લગભગ ૪ વર્ષ પહેલા દિલ્હીમાં શરૂ થઈ હતી. રિંકુ સાથે તેને એક કેકેઆરના સાથેએ મેળાપ કરાવ્યો હતો.

# રાજકોટમાં રાજકીય સન્માન સાથે સ્વ. વિજય રૂપાણીની અંતિમવિધિ યોજાઇ

## ગૃહ મંત્રી અમિત શાહે અંજલીબેનને સાંત્વના પાઠવી અંતિમ યાત્રા નિકળી ત્યારે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને આખું રાજકોટ જાણે હિબકે ચઢ્યું





| રાજકોટ, તા.૧૬ |

૧૨ જૂને (ગુરુવારે) અમદાવાદમાં પ્લેન ક્રેશમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધન બાદ આજે રાજકોટમાં રાજકીય સન્માન સાથે સ્વ.વિજયભાઈ રૂપાણીની અંતિમવિધિ યોજાઈ છે. પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. સંપૂર્ણ સન્માન સાથે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને ગાર્ડ ઓફ ઓનર અપાયું, વરસાદ વરસતા લોકો કહી રહ્યા છે કે,આકાશ પણ રડી રહ્યું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેંદ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ સહિતના નેતાઓએ સ્વ વિજય રૂપાણીજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. દિવંગત વિજયભાઈ રૂપાણીનો પાર્થિવદેહ તેમના નિવાસસ્થાને પહોંચતા તમામ લોકો શોકમાં ગરકાવ થયા હતા. પાર્થિવદેહ ઘરે પહોંચતા જ વિજયભાઈ અમર રહો, જબ તક સૂરજ ચાંદ રહેગા વિજયભાઈ તુમ્હારા નામ રહેગા, ભારત માતા કી જયના નારા ગુજ્યાં હતા. સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી. એરપોર્ટથી રાજકોટના વિવિધ માર્ગો પર ફરી પાર્થિવ દેહ તેમના નિવાસસ્થાને લઈ જવાતા વાતાવરણ ભારેખમ થઈ ગયુ હતુ અને વિજયભાઈ અમર રહોના નારા લાગ્યા હતા. ગ્રીનલેન્ડ ચોકડીથી તેમના મૃતદેહને તેમના નિવાસસ્થાને લવાતા કરૂણ દ્રશ્યો સર્જાયા હતા. પરિવાર પાર્થિવ દેહ માટે હોસ્પિટલ પહોંચ્યો પરિવાર માટે આ ખૂબ જ કપરી ઘડી હતી. જ્યારે પરિવાર તાબૂત પાસે તેમના અંતિમ દર્શન માટે પહોંચ્યા તો તેમનો ધીરજનો બાંધ તૂટી ગયો હતો. અજંલિ બેન તેમના પતિ વિજયભાઈ રૂપાણીના અંતિમ દર્શન કરતા રડી પડ્યાં હતા. તેઓ ખૂબ જ ભાવુક બની ગયા હતા ત્યારબાદ તેમના પુત્ર ઋષભ રૂપાણી પહોંચ્યા હતા અને તેમણે પિતાના અંતિમ દર્શન કર્યાં હતા. પરિવાર આ ક્ષણે ખૂબ જ ભાવુક થઈ ગયો હતો. અમદાવાદમાં ૧૨ જૂને (ગુરુવાર) સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો પાર્થિવ દેહ રાજકોટ લવાયો હતો. જેમાં અનેક રાજકીય મહાનુભાવો જોડાયા અને રાજકોટમાં માહોલ ગમગીન બન્યો છે. ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વિજય રૂપાણીને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. આ દુર્ઘટનામાં ૨૪૧ વિમાન મુસાફરો સહિત કુલ ૨૭૮ લોકોના દુખદ નિધન થયા હતાં. ગઈકાલે ડીએનએ સેમ્પલ મેચ થયા બાદ આજે (૧૬ જૂન) ૧૧:૩૦ વાગ્યે વિજય રૂપાણીનો પાર્થિવ દેહ તેમના પરિજનોને સોંપવામાં આવ્યો હતો, ત્યારબાદ વિજય રૂપાણીના પાર્થિવ દેહને ચાર્ટર પ્લેન દ્વારા સિવિલથી રાજકોટ તેમના નિવાસ સ્થાને લઈ જવામાં આવ્યા હતાં. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય ગૃહમંત્રી, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિજય રૂપાણીને પુષ્પાંજલિ અર્પણ કરી.

### લીલીયામાં એસ.ટી બસ પાણીમાં ફસાઈ, તમામ મુસાફરોનો આબાદ બચાવ

| (એજન્સી) અમરેલી,તા.૧૬ |

અમરેલીના લીલીયામાં એસટી બસ પાણીમાં ફસાઈ હોવાની ઘટના સામે આવી છે. મોટા લીલીયાના ભોરિંગડા ગામે બસ પાણીમાં ફસાઈ છે. ગામ પાસે બની રહેલા કોઝવે ઉપરથી પસાર થતી વખતે અચાનક જ પાણીના પ્રવાહમાં એસટી બસ ફસાઈ ગઈ છે. જો કે સદનસીબે પાણી આવે તે પહેલા ડ્રાઈવર કંડકટર સહિતના તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો છે. અમરેલી ગારીયાધારની બસ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

### ખાડામાં ભરાયેલા પાણીમાં પગપાળા જતો યુવક ખાબક્યો

| (એજન્સી) વડોદરા, તા.૧૬ |


વડોદરા શહેરમાં આંતરિક સહિત જાહેર એક પણ રોડ રસ્તો ખાડા ખોદાયા વિનાનો બાકી રહ્યો નથી. ત્યારે પાલિકાના ખોદાયેલા આવા ખાડામાં હરી નગરથી અમીન પાર્ટી પ્લોટ જતા રાજેશ ટાવર પાસે ડ્રેનેજ સહિત અન્ય કામગીરી અંગે પાલિકા તંત્રના કોન્ટ્રાક્ટર દ્વારા ખાડા ખોદવામાં આવ્યા હતા. આવા ખાડામાં ચાલતા જતો એક યુવક ખાડામાં ખાબકયાની જાણ થતા સ્થાનિક વોર્ડ નં. ૯ના કોર્પોરેટર શ્રીરંગ આયરે સહિત કાર્યકરો દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ ખાડામાંથી યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં કાઢીને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. બીજી બાજુ ડ્રેનેજની ચેમ્બરનું કામ ચાલતું હતું ત્યાં કેટલીક જગ્યાએ બેરીકેટિંગ કરવામાં આવ્યું ન હતું જેથી ખાડામાં પાણી ભરાતા પસાર થતો યુવક ખાબક્યો હતો. આ અંગે અન્ય લોકોને કોઈ મુશ્કેલી ન પડે તેની કાળજી રાખીને કોન્ટ્રાક્ટરને પાલિકાના અધિકારીઓને તાત્કાલિક ઘટના સ્થળે કોર્પોરેટર દ્વારા બોલાવવામાં આવ્યા હતા.

### રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી

# અમદાવાદમાં વાતાવરણ બદલાયું, મોડી સાંજે વરસાદ તૂટી પડ્યો







| (એજન્સી) અમદાવાદ, તા.૧૬ |

આજે વહેલી સવારથી રાજ્યભરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. અમદાવાદમાં મોડી સાંજે વરસાદ શરૂ થયો હતો. શહેરના નરોડા, નિકોલ, ઓઢવ, બાપુનગર, ઠક્કરનગર, એસ.જી. હાઈવે, માનસી, બોડકદેવ, વેજલપુર, પકવાન, ઈસ્કોન, સેટેલાઈટ, નવરંગપુરા સહિતના વિસ્તારમાં વરસાદ વરસાદ વરસાદ પડ્યો હતો. અમદાવાદના વરસાદને પગલે ઘણી જગ્યાએ પાણી ભરાયા હતા. જેના કારણે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તમને જણાવી દઈએ કે ગુજરાતમાં વિધિવત રીતે ચોમાસાનું આગમન શરૂ થઈ ચૂક્યું છે અને ચોમાસાને લઈ હવામાન વિભાગે જાહેરાત કરી છે. રાજ્યમાં વેરાવળ, ભાવનગર, વડોદરાથી ચોમાસાનું આગમન શરૂ થયું છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ૧૭ જૂન સુધી મધ્યમથી ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આજે કેટલાક જિલ્લાઓમાં અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરાઈ છે. આજે ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. સુરત, નવસારી, વલસાડ, દાદરાનગર હવેલીમાં અતિભારે વરસાદનું રેડ અલર્ટ આપવામાં આવ્યું છે. સુરેન્દ્રનગર, પોરબંદર, જામનગર, ભરૂચ, આણંદ, વડોદરા, નર્મદા, છોટા ઉદેપુર, ડાંગ અને તાપીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### જેસરમાં ૯ ઈંચ, પાલિતાણા અને મહુવામાં ૭-૭ ઈંચ વરસાદ

| ભાવનગર, તા.૧૬ |

ગુજરાતમાં ધીમે-ધીમે ચોમાસાની શરૂઆત થઈ રહી છે. રવિવારે પણ ઘણી જગ્યાએ વરસાદ પડ્યો હતો. તો આજે ભાવનગર જિલ્લામાં જોરદાર વરસાદ પડ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ભાવનગર જિલ્લામાં ઘોઘા, તળાજા, મહુવા, પાલીતાણા, સિહોર સહીત મોટાભાગના તાલુકા પંથકમાં વરસાદ નોંધાયો હતો, જેના પગલે ગઈ સાંજે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ થતા શહેર જિલ્લામાં બે સ્થળો પર વીજળી પડવાના બનાવમાં એક મહિલા સહીત ૪ લોકોને ઈજા પહોંચતા શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, જયારે આજે વહેલી સવારે પણ વરસાદનું ધમાકેદાર આગમન થયું હતુ જેમાં જિલ્લાના તમામ ૧૦ તાલુકા પંથકમાં હળવો ભારે વરસાદ વરસી ગયો હતો, પાલીતાણામાં ૪ ઈંચ, સિહોરમાં ૨ ઈંચ, તળાજામાં ૨ ઈંચ, મહુવામાં ૨ ઈંચ જયારે જેસર પંથકમાં ૨.૫ ઈંચ વરસાદ વરસી ગયો હતો. ભારે વરસાદના કારણે રસ્તાઓ જાણે નદીઓ બની ગયા હોય તેવો માહોલ ઉભો થયો હતો. ધોધમાર વરસાદ થતા નદીમાં પાણી વહેતા થયાં હતા. સારો વાવણી લાયક વરસાદ થઈ જતા ખેડૂતોમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. વરસાદ થતાં લોકોને ગરમીથી રાહત મળી હતી. ગુજરાતના હવામાન વિભાગ દ્વારા સારા સમાચાર આપવામાં આવ્યા છે. હવામાન વિભાગે જણાવ્યું કે ગુજરાતમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. વેરાવળ, ભાવનગર અને વડોદરાથી ચોમાસાનું ગુજરાતમાં આગમન થયું છે.

### ૧૮ જૂન ના રોજ વડોદરા મંડળના વાસદ-રનોલી સ્ટેશનો ની વચ્ચે બ્લોક ના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

| અમદાવાદ, તા.૧૬ |

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર વાસદ-રનોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર ૬૨૪ (અપ લાઈન) પર રિ-ગર્ડરિંગ કામ માટે ૧૮ જૂન ૨૦૨૫ ના રોજ ૧૧.૧૫ કલાક થી ૧૬.૪૫ કલાક સુધી ૦૫.૩૦ કલાકનો મેગા બ્લોક લેવામાં આવશે. જેના કારણે અમદાવાદ મંડળ માંથી ચાલતી/પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. જે નીચે મુજબ છે:

**સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેન**

૧૮ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૦૩૬ મણિનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.

૧૮ જૂન ૨૦૨૫ની ટ્રેન સંખ્યા ૧૯૦૩૫ વડોદરા-મણિનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.

**આંશિક રીતે રદ કરાયેલી ટ્રેન**

૧૮ જૂન ૨૦૨૫ ની ટ્રેનસંખ્યા ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**રિશિડયુલ/રેગ્યુલેટ થનારી ટ્રેનો**

૧. ૧૮ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૨૦૧૦ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ ૩૦ મિનિટ રિશિડયુલ રેહશે.

૨. ૧૮ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૬૫૩૩ ભગત કી કોઠી-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ ૫૫ મિનિટ રેગ્યુલેટ રેહશે

૩. ૧૮ જૂન ૨૦૨૫ ની ટ્રેનસંખ્યા ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ૫૦ મિનિટ રેગ્યુલેટ રેહશે.

૪. ૧૮ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૬૨૬ ભગત કી કોઠી-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ એક્સપ્રેસ ૪૦ મિનિટ રેગ્યુલેટ રેહશે.

યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને યાત્રા કરે.ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતીમાટે, યાત્રીઓ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે .

### વડોદરા દશરથ વિસ્તારમાં દારૂ ભરેલું કન્ટેનર પકડાયું

| (એજન્સી) વડોદરા, તા.૧૬ |

વડોદરાના દશરથ વિસ્તારમાં સ્ટેટ મોનિટરી સેલે કરોડો પાડી દારૂનું ગોડાઉન ઝડપી પાડ્યું હતું. પોલીસે ચાર જણાની પૂછપરછ હાથ ધરી છે. દશરથ આઈ.ટી.આઈ પાછળ દારૂના ગોડાઉનમાં દારૂનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો હોવાની વિગતો મળતા સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે દરોડો પાડયો હતો. આ વખતે એક કન્ટેનરમાંથી દારૂના બોક્સ ઉતારવામાં આવી રહ્યા હતા. પોલીસે બનાવના સ્થળેથી ચાર જણાને ઝડપી પાડી અંદાજે રૂ.૭૫ લાખનો મુદ્દા માલ કબજે કર્યો હતો. આ દારૂ કોણ લાવ્યું હતું, ક્યાંથી લાવ્યું હતું અને કેટલા સમયથી લાવવામાં આવી રહ્યો હતો તેની વિગતો પોલીસ તપાસી રહી છે. છાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ બનાવ બન્યો હોવાથી એસએમસી દ્વારા મુદ્દામાલ અને આરોપીઓને પોલીસ સ્ટેશનને લઈ જવાની તજવીજ કરવામાં આવી હતી.

### છેલ્લું લોકેશન દુર્ઘટના સ્થળથી ફક્ત ૭૦૦ મીટર દૂર

# પ્લેન ક્રેશ પછી અમદાવાદના ફિલ્મ મેકર ગુમ થઈ થયા

## વિમાન દુર્ઘટના બાદ ગુમ થયેલા ફિલ્મ મેકરની ઓળખ મહેશ કાલાવાડિયા તરીકે થઈ છે તેને મહેશ જીરાવાલા તરીકે પણ ઓળખાય છે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૬ |

અમદાવાદમાં ૧૨મી જૂને એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના બાદ એક ફિલ્મ મેકર ગુમ થઈ ગયા હોવાની માહિતી મળી છે. તેમના પરિવારે આશંકા વ્યક્ત કરી છે કે વિમાન દુર્ઘટનામાં તેમનું મૃત્યુ થયું હોઈ શકે છે. આ ઉપરાંત તેમના મોબાઈલ ફોનનું છેલ્લું લોકેશન દુર્ઘટના સ્થળથી માત્ર ૭૦૦ મીટર દૂર હતું. જો કે, પરિવારે ઓળખ માટે ડીએનએ સેમ્પલ સબમિટ કર્યા છે. અહેવાલો અનુસાર, વિમાન દુર્ઘટના બાદ ગુમ થયેલા ફિલ્મ મેકરની ઓળખ મહેશ કાલાવાડિયા તરીકે થઈ છે. તેને મહેશ જીરાવાલા તરીકે પણ ઓળખાય છે. તે નરોડા વિસ્તારમાં રહેતા હતા અને મ્યૂઝિક આલ્બમ બનાવતા હતા.



મહેશ કાલાવાડિયાના પત્ની હેતલે જણાવ્યું હતું કે, 'ગુરૂવારે (૧૨મી જૂન) તે લો ગાર્ડન વિસ્તારમાં મીટિંગમાં ગયા હતા. ત્યારબાદ તેમણે મને બપોરે ૧:૧૪ વાગ્યે ફોન કરીને કહ્યું કે, મીટિંગ પૂરી થઈ ગઈ છે અને હું ઘરે આવી રહ્યો છું. જ્યારે તે ઘરે પાછા ન ફર્યા, ત્યારે મેં તેમને વારંવાર કોલ કર્યા, પરંતુ તેમનો ફોન બંધ આવતો હતો. આ મામેલ મે પોલીસને જાણ કરી હતી, પોલીસ તપાસમાં તેના મોબાઈલ ફોનનું છેલ્લું લોકેશન દુર્ઘટના સ્થળથી માત્ર ૭૦૦ મીટર દૂર હોવાનું જાણવા મળ્યું.'

આ વિશે હેતલે જણાવ્યું હતું કે, 'ગુરૂવારે બપોરે ૧.૪૦ વાગ્યે (આ સમયે વિમાન દુર્ઘટના સર્જાઈ હતી) તેમના ફોનનું નેટવર્ક જતું રહ્યું હતું. હાલ તેમની કાર અને ફોનનો પત્તો મળ્યો નથી. અમે ડીએનએ સેમ્પલ આપી લીધા છે જેથી તેમને શોધી શકાય કે શું તે દુર્ઘટનામાં જમીન પર મૃત્યુ પામેલા લોકોમાં હતા.' ઉલ્લેખનીય છે કે, અમદાવાદના મેઘાણીનગરમાં પ્લેન ક્રેશ ઘટનામાં ૨૭૮ લોકોના મોત થઈ ગયા છે. તેમાં વિમાનમાં સવાર ૨૪૧ મુસાફરો તથા મેસ અને હોસ્ટેલમાં હાજર તથા ઘટનાસ્થળની આજુબાજુમાં હાજર અન્ય લોકો પણ સામેલ છે.

### આરોપી પોલીસની નજર ચૂકવી ફરાર થઇ ગયો હતો, જામીન નહીંઃ કોર્ટ

# ૪૫.૭૫ લાખની ચોરી કરનાર રીઢા ઘરફોડ ચોરની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી

## આરોપી સામે અમદાવાદ સિવાય વડોદરામાં જ ૪૭થી વધુ ગુના નોંધાયેલ છેઃ પોલીસ

| (એજન્સી) અમદાવાદ, તા.૧૬ |

શ્યામલ ચાર રસ્તા પાસે વૃંદાવન બંગલોઝમાં ધાડ પાડી સોના-ચાંદીના દાગીના, રોકડ સહિત કુલ રૂ. ૪૫.૭૫ લાખની ઘરફોડ ચોરી કરી હાથ સાફ કરનાર એક રીઢા ઘરફોડ ચોર અર્જુન વિનોદસિંગ રાજપૂતને આગોતરા જામીન આપવાનો અત્રેની સેશન્સ કોર્ટે સાફ ઈન્કાર કરી દીધો હતો. તપાસનીશ અધિકારીએ આરોપીની આગોતરા જામીન અરજીનો વિરોધ કરતાં સોગંદનામામાં બહુ મોટો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે, આરોપી ખૂબ જ રીઢો અને ઘરફોડ ચોરી સહિતના ગુના આચરવાની ટેવવાળો છે. તેની વિરુદ્ધમાં માત્ર વડોદરામાં જ ૪૭થી વધુ ગુનાઓ જુદા જુદા પોલીસમથકમાં નોંધાયેલા છે. રીઢા ઘરફોડ ચોર અર્જુન વિનોદસિંગ રાજપૂતે નિર્દોષ હોવા સહિતના મુદ્દા રજૂ કરી આગોતરા જામીન અરજી કરી હતી. જો કે, આગોતરા જામીન અરજીનો સખત વિરોધ કરતાં સરકારપક્ષ તરફથી મુખ્ય સરકારી વકીલ સુધીર બી. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, આરોપી બહુ શાતીર અને રીઢો ઘરફોડ ચોર છે. તેની વિરુદ્ધમાં અમદાવાદ, વડોદરા સહિતના જુદા જુદા શહેરોમાં ઘરફોડ ચોરી સહિતના અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. માત્ર વડોદરા શહેરમાં જુદા જુદા પોલીસમથકોમાં આરોપી વિરુદ્ધ ૪૭થી વધુ ગુના નોંધાયેલા છે, તો આરોપીની બે વખત પાસા હેઠળ અટક કરી જેલમાં ધકેલાયો હતો, તેમ છતાં તેણે જેલમાંથી બહાર નીકળ્યા બાદ પણ પોતાની ઘરફોડ ચોરી સહિતની ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. આરોપી પહેલેથી જ ગુનાહિત માનસિકતા ધરાવે છે અને રૂ. ૪૫.૭૫ લાખની ઘરફોડ ચોરી કરવાના હાલના ગુનામાં પોલીસે તેને અટક કરી સિવિલ હોસ્પિટલ ચેક અપ માટે લઈ ગઈ ત્યારે પોલીસના જવાનોને પણ થાપ આપી ફરાર થઈ ગયો છે, જે બહુ ગંભીર બાબત કહી શકાય. જો તેને આગોતરા જામીન અપાય તો તે જામીન મળ્યા બાદ આ પ્રકારના ગુનાઓને અંજામ આપવાનું ચાલુ રાખે તેવી પૂરી શકયતા છે.

### ૯ લોકો સામે ફરિયાદ નોંધાઈ

# સાવરકુંડલાના મઢડામાં ખેડૂતને ઝાડ સાથે બાંધી માર મારતાં મોત

| (એજન્સી) સાવરકુંડલા, તા.૧૬ |

સાવરકુંડલા પંથકમાં છેલ્લા કેટલાક સમયથી હત્યાના બનાવો સતત વધી રહ્યા છે. ત્યારે સાવરકુંડલના મઢડા ગામે ખેતી કામ કરતાં વ્યક્તિને આડા સંબંધો હોવાનો વહેમ રાખી ૯ જેટલા લોકોએ ખેડૂતને વૃક્ષ સાથે દોરડા વડે બાંધી પાઈપ, લાકડી અને ગડદાપાટુંનો માર મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર મામલે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સાવરકુંડલાના વીરડી ગામના વતની પરષોત્તમ ભાઈ ઉર્ફે સનાભાઈ ગોહિલ (ઉ.વ ૪૫) મઢડા ગામે ભાગવી ખેતીની જમીન રાખી ખેતી કરતા હતા. ત્યારે આડા સંબંધનું મન દુઃખ રાખી ૯ જેટલા લોકોએ વૃક્ષ સાથે દોરડા વડે બાંધી પાઈપ, લાકડી અને ગડદાપાટુંનો ઢોર માર માર્યો હતો. ત્યારબાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત સનાભાઈ ગોહીલને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના હાજર ડોક્ટરો દ્વારા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ૯ જેટલા લોકોએ ભેગામળીને ખેડૂતને મોતને ઘાટ ઉતારી દેવાની ઘટના અંગે પોલીસને જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યા હતો. મૃતકના ભાઈએ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ૯ લોકો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. સમગ્ર ઘટનાને લઈને પોલીસ દ્વારા ઊંડાણ પૂર્વક તપાસ હાથ ધરવામાં આવી અને ગુનેગારોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

### જ્યાં જુઓ ત્યાં જળબંબાકાર જેવી સ્થિતિ

# અમરેલી જિલ્લામાં મેઘો ગાંડોતૂર, નદીઓના પાણી ગામમાં ઘૂસ્યા

## અમરેલીના ઘોબા, પીપરડી અને ફિફાદ જેવા ગામોની શેરીઓમાં નદીઓ જેટલું પાણી વહી રહ્યું છે

| (એજન્સી) અમરેલી, તા.૧૬ |

ગુજરાતમાં આજથી ચોમાસાની ધમાકેદાર શરૂઆત થઈ ગઈ છે. રાજ્યના ૧૦૧ તાલુકાઓમાં છેલ્લા ૮ કલાકમાં વરસાદ નોંધાયો છે, જેમાં અમરેલી જિલ્લો પણ સામેલ છે. અમરેલી જિલ્લામાં સોમવાર, ૧૬ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૬:૦૦ વાગ્યાથી શરૂ થયેલા ધોધમાર વરસાદે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં હાલાકી સર્જી છે. સાવરકુંડલા, રાજુલા, ખાંભા અને લીલીયા તાલુકાઓમાં ભારે વરસાદને કારણે રોડ-રસ્તાઓ બંધ થયા છે, નદીઓમાં ઘોડાપૂર આવ્યું છે અને ગામોમાં પાણી ભરાયા છે. સાવરકુંડલા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં ભારે વરસાદે રસ્તાઓ પર પાણી ફરી વળ્યું છે. છાપરી ગામે આવેલી નદીમાં ઘોડાપૂર આવતાં છાપરી અને વીજપડી ગામને જોડતો પુલ પાણીમાં ગરક થયો છે, જેના કારણે આ રસ્તો બંધ થયો છે. ઘોબા ગામમાં ભારે વરસાદથી ગોઠણસમા પાણી ભરાયા છે, જેના કારણે ગામની શેરીઓમાં નદી જેવો માહોલ સર્જાયો છે. આ ગામમાં ત્રણથી ચાર ઈંચ વરસાદ નોંધાયો, જેના કારણે ગામમાં પાણી-પાણી જોવા મળી રહ્યું છે. અમરેલીના ઘોબા ગામની શેરીઓમાં નદી જેવો માહોલ સર્જાયો છે, જેના કારણે રહેવાસીઓને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. ફિફાદ અને ઘોબા ગામ વચ્ચેના નદી-નાળાઓમાં પાણીનો પ્રવાહ એટલો તેજ બન્યો છે કે, પૂરની સ્થિતિ સર્જાઈ છે, જેના લીધે આ વિસ્તારોમાં ખેતરો અને રસ્તાઓ પર પાણી ફરી વળ્યું છે. રાજુલા તાલુકાના ચાંચબંદર, સમઢીયાળા, ખેરા, પટવા અને દરિયાઈ ટાપુ વિસ્તારોમાં ધોધમાર વરસાદે રસ્તાઓ પાણીમાં ગરકાવ કર્યા છે. અનેક ગામોમાં રસ્તાઓ બંધ થયા, જેના કારણે લોકોની અવરજવર ખોરવાઈ છે. ખાંભા તાલુકાના ભાવરડી, ડેડાણ અને માલક ગામોમાં ભારે વરસાદથી નદીઓમાં ઘોડાપૂર આવ્યું છે.